# કુમાર

સંસ્થાપક: રવિશંકર રાવળ


આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું અગ્રણી માસિક

તંત્રી
**બચુભાઈ રાવત**



**ભજનિક** (વૂડકટ): ગયા ડિસેમ્બરમાં ભારત આવેલા ચીની સાંસ્કૃતિક પ્રતિનિધિમંડળની મુંબાઈની જે.જે.આર્ટ સ્કૂલની મુલાકાત વખતે ભેટ આપેલું ચિત્ર. કલાકાર: **યજ્ઞેશ્વર શુક્લ**

વર્ષ ૩૨ • અંક ૬ • સળંગ અંક ૩૭૮ માહે જૂન • ઈ. સ. ૧૯૫૫




**જગતના મુખ્ય ધર્મો :** અલબત્ત અહીં નકશામાં દર્શાવ્યા છે તે તે પ્રદેશોમાં જે ધર્મ પ્રચલિત હોવાનું બતાવ્યું છે એ સિવાય અન્ય કોઇ ધર્મમત ત્યાં પ્રચલિત નથી એવું તો નથી જ. અહીં તો એ પ્રદેશોમાં મુખ્યતઃ કયો ધર્મ પ્રચલિત છે એ દર્શાવ્યું છે. નકશો જોતાં જણાય છે કે જગતના અન્ય ધર્મોને મુકાબલે ઈઝરાએલમાં પ્રચલિત યહૂદી ધર્મ તથા જાપાનના શિન્ટો ધર્મનો પ્રચાર બહુ જ ઓછો થઈ શક્યો છે, અથવા બીજી રીતે કહીએ તો તે ધર્મ કદાચ ભૂંસાવા માંડ્યો છે. જો કે બીજા વિશ્વયુદ્ધ બાદ જાપાનમાં શિન્ટો ધર્મ તો સત્તાવાર રીતે ભૂંસાઈ ગયો છે. છતાં એ પહેલાં યે કુદરત અને કેટલાંયે દેવદેવીઓને માનતો એ ધર્મ ત્યાંનાં ઘણાં બૌદ્ધ ધર્મીઓમાં પ્રચલિત હતો જ. ટૂંકામાં ત્યાં એ બંને ધર્મ પૂરેપૂરા સેળભેળ થઈ ગયા હતા. આવી જ રીતે નકશો જોતાં બીજું ધ્યાન એ દોરાય છે કે દુનિયાનો હજી ઘણો ભાગ ધર્મવિહીન છે, અથવા ત્યાં સદીઓથી ઊતરતી આવતી માન્યતાઓ અને વહેમો જ હજી પ્રચલિત છે.

# કુમાર

જૂન ૧૯૫૫

અંક ૩૭૮


**ચિત્રો —**



**કાવ્યો —**



**ચરિત્ર —**



**વાર્તા —**



**લેખો —**



**વિભાગો —**




કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : બાર આના

મહારાષ્ટ્રના જાણીતા લેખક, નાટકકાર, દિગ્દર્શક, વિવેચક, કવિ ને શિક્ષણશાસ્ત્રી **આચાર્ય અત્રે** લિખિત

# મારા શિક્ષકજીવનનાં સંસ્મરણો

[ઉપર વર્ણવેલી વિવિધ કારકિર્દીઓને સફળરીતે વરનાર આચાર્ય પ્રહ્લાદ કેશવ અત્રે [બી. એ., બી. ટી., ટી. ડી. (લંડન)]-નો જન્મ ઈ. ૧૮૯૮માં થયો હતો. પૂનાની 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી'ની હાઇસ્કૂલના પ્રિન્સિપલપદેથી પોતાની અદ્‌ભુત અધ્યાપન કુશળતા ને વ્યવસ્થાશક્તિથી તેમણે તે શાળાને ઊંચી સ્થિતિએ પહોંચાડેલી. બાદ તેમણે પૂનામાં માત્ર સ્ત્રીઓ માટેની 'આગરકર હાઇસ્કૂલ' સ્થાપી. નાનપણથી જ તેઓ 'કેશવકુમાર' અથવા 'ટાપણ' ઉપનામે કવિતાઓ લખતા, જે તેના સહજ માર્મિક વિનોદ માટે સૌ કોઇનું ધ્યાન ખેંચતી. રંગભૂમિની પડતીના સમયે સીનેમાની વિનોદી ને ચોટદાર પટકથાઓ લખીને તેમણે તેને પુનર્જીવિત કરી તેમાં નવો પ્રાણ ફૂંક્યો. પટકથાલેખક તરીકે તેમનું નામ હિંદભરમાં મશહૂર ને અગ્રગણ્ય છે. પહેલાં 'હંસ', પછી 'નવયુગ' અને હાલ પોતાના નામની ફિલ્મ કંપની દ્વારા તેઓ પોતાની પટકથાઓ લોકો આગળ રજૂ કરે છે. સફળ પટકથાલેખક ઉપરાંત તેઓ સફળ દિગ્દર્શક પણ છે. આ સિવાય 'નવયુગ' સાપ્તાહિક અને 'સમીક્ષક' માસિકના તેઓ સંપાદક હતા. હાલ તેઓ 'અત્રે પ્રિન્ટિંગ પ્રેસ' નામે મુદ્રણાલય પણ ચલાવે છે. મરાઠી ઉપરાંત હિંદીમાં પણ તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે.]

**ચાર બાવડી સંસ્કૃતિ**

★

**સોટીનો યજ્ઞ**

★

**માખીઓ પકડવાનો કાગળ**

પૂના આવ્યા પછી શું કરવું એ પ્રશ્ન મારી સામે ખડો થયો. પણ શિક્ષકના ધંધા સિવાય બીજું મને આવડે એવું યે શું હતું? મેં પાંચ-સાત અરજી ઘસડી કાઢી ને પૂનાની પ્રત્યેક શાળા પર મોકલાવી. પંદર દિવસ ચાલ્યા ગયા, પણ એકે ય શાળા તરફથી જવાબ આવે તો સોગંદ છે! આમ અરજી કર્યે પૂનામાં ક્યાં નોકરી મળે છે? હું હતાશ થઇ શાંત બેઠો. એટલામાં એક વાર મારા એક ઓળખીતા સજ્જન મને લશ્કર(કૅમ્પ)માં રહેતા એક ગૃહસ્થ પાસે લઈ ગયા. એ ગૃહસ્થનું નામ બાળાસાહેબ મ્હસ્કે. પૂનામાં પહેલાં ગંગારામ ભાઉ કરીને એક નામાંકિત વકીલ થઈ ગયા, તેમના એ ચિરંજીવી. ખૂબ સુખસમૃદ્ધ ને આરોગ્યસંપન્ન માણસ. 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી' નામની એક જૂની સંસ્થા કૅમ્પમાં હતી. પછાત વર્ગના છોકરાઓને શિક્ષણ આપવા ઈ. ૧૮૮૯માં તે સ્થપાએલી. તેના એ સેક્રેટરી હતા. લશ્કરના મોટામોટા માણસો એના સભાસદ હતા. પણ સંસ્થામાં શું ચાલે છે તેનો કોઇને પત્તો જ લાગતો નહિ. આથી અંગ્રેજી પાંચમીથી આગળ એ શાળાનો વિકાસ થઈ શકેલો નહિ. વળી સારા શિક્ષકો પણ શાળામાં આવતા નહિ, ને કદાચ આવે તો વરસથી વધુ વખત ટકતા નહિ. દર વરસે આ શાળાની 'હેડમાસ્તર જોઇએ છે' એવી જાહેરખબર સ્થાનિક વર્તમાનપત્રમાં હોય જ. આ જ જગ્યા મને અપાવવા માટે મારા મિત્ર મને બાળાસાહેબ પાસે લઈ જતા હતા.

બાળાસાહેબ પોતાના અંધારા દીવાનખાનામાં એક કોચ ઉપર સ્વસ્થતાથી પડ્યા હતા. તેમનો કાળો વર્ણ અને સ્થૂળ શરીર એ અંધારિયા દીવાનખાનાને શોભે એવાં જ હતાં. તેમના નાકનાં બંને નસકોરાં તપખીરથી ભરેલાં હતાં, ને થોડીઘણી તપખીર કપડાં પર વેરાએલી હતી. મારી ઓળખાણ મારા મિત્રે આગળથી જ આપી દીધેલી હતી, એટલે મને જોતાંવેંત તપખીરનો સડાકો લેતાં એ બોલ્યા, 'જુઓ માસ્તર, અમારી શાળા ગરીબ છે. અહીં મુંબઈ જેવો પગાર નહિ મળે!' મેં કહ્યું, 'પગાર બાબત મારે કશી જ પંચાત નથી; તમે જે આપશો તે મારે કબૂલ છે!'

મારા આ ઉત્તરથી બાળાસાહેબ ખુશ થયા. એટલા બધા કે એ આનંદના ઊભરામાં મહિને પાંત્રીસ રૂપિયાના પગારે મારી તેમણે ત્યાં ને ત્યાં જ હેડમાસ્તર તરીકે નિમણૂક કરી નાખી! મારા પગારનો એ 'ગૌરવપૂર્ણ' આંકડો સાંભળતાં પાણીમાં ડૂબી મરવા જેટલી મને શરમ થઈ, પણ કંઈ બોલ્યો નહિ. થયું, ચાલો પાંત્રીસ તો પાંત્રીસ. ગામની નિશાળમાં પચાસ રૂપિયાના આસિસ્ટંટ થવું એ કરતાં લશ્કરની આ શાળામાં પાંત્રીસ રૂપિયાના હેડમાસ્તર થવું શું ખોટું? વડોદરાના દીવાન થવા કરતાં ભોર સંસ્થાનના રાજા થવું જ બહેતર! બીજા દિવસથી મેં 'કૅમ્પએડ્યુકેશન સોસાએટી'ના હેડમાસ્તરપદનાં સૂત્રો હાથ લીધાં.

આ શાળાના સ્વરૂપનો ખ્યાલ તેની ભૌગોલિક પાર્શ્વભૂમિ ધ્યાનમાં લીધા વિના નહિ આવે. પૂના શહેરના ચોખ્ખા બે ભાગ પડે છે: એક ગામ (સિટી), અને બીજું લશ્કર (કૅમ્પ), આ બંને ભાગને એકબીજા સાથે જરા યે સામ્ય નથી. ગામમાંથી લશ્કરમાં જઇએ કે લશ્કરમાંથી ગામમાં આવીએ એટલે એક દેશમાંથી બીજા દેશમાં ગયા જેવું લાગે. 'સિટી'નો વિકાસ પેશ્વાઈ રાજ્ય સમયે થએલો હોઈ બ્રાહ્મણી સંસ્કૃતિની તેના પર દૃઢ છાપ પડેલી છે; જ્યારે કૅમ્પની વસતિ ગોરા લશ્કરની જરૂરતમાંથી ઊભી થઇ હોઈ તેના ઉપર સાહેબશાહી સંસ્કૃતિની છાપ સ્પષ્ટ દેખાઈ આવે છે. 'સિટી'માં પેઠની રચના ન્યાત-જાતનાં તત્ત્વો ઉપર થઈ છે, જ્યારે સાહેબોને ન્યાત-જાતના કાંઈ વિધિનિષેધ ન હોવાને લીધે કૅમ્પમાં અઢારે વર્ણ ભેગા થયા હોય એમ લાગે છે. સિટીમાં ગલીએ ગલીએ ને રસ્તે રસ્તે હિંદુ દેવદેવીઓનાં પ્રદર્શન ભર્યાં હોય એવું લાગે છે, ને તેમાં કોઈ એકાદ 'તાંબોળી મસીદ' રસ્તો ભૂલીને પેસી ગઇ હોય એમ લાગે છે, જ્યારે કૅમ્પમાં ઠેકઠેકાણે ખ્રિસ્તી અને યહૂદી લોકોનાં ઊંચાં શિખરવાળાં દેવળો ને તેમાં વચ્ચે વચ્ચે વેરાએલાં પડેલાં મુસલમાનોનાં પીર અને મસ્જિદ જોતાં આપણને જાણે જેરૂસલેમમાં આવ્યા હોઇએ એવો ભાસ થાય છે.

મ્યુનિસિપાલિટીના ઢીલા ને લાગવગિયા કારભારનું નિતાંત પ્રતિબિંબ 'સિટી'માં બધે જ દેખાઈ આવે છે, જ્યારે લશ્કરી કાયદાની એકહથ્થુ સત્તાનો દમામ ને દેખાવ કૅમ્પના વાતાવરણમાં પગલેપગલે દેખાઈ આવે છે. ઘર, રસ્તા, દુકાન, હૉટેલ, વાહન, રાહદારી, સ્વચ્છતા અને સૌંદર્ય આ બધી દૃષ્ટિએ સિટી અને કૅમ્પ વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે. સાહેબી ટોપી ને બૂટ-સૂટનો સિટીવાળાને જેટલો કંટાળો તેટલો જ કંટાળો કૅમ્પવાળાને પૂનાનાં પાઘડી, ધોતિયું ને જોડાનો છે! હાથમાં ફૂલીનો દડો ને કાખમાં કેળનાં પાંદડાં લઈ જતા માણસને જોઈ સિટીના માણસને જે લાગે તે જ, હાથમાં ઊંધી મરઘી ને બગલમાં બ્રૅન્ડીની બાટલી લઇને જતા માણસને જોઈ કૅમ્પના




**તળાવતીરે** (રંગીન વૂડકટ) કલાકાર: શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી. વિષય આપણને જોકે વિચિત્ર લાગે; બાકી બંગાળમાં તો માછલી એ સામાન્ય (બ્રાહ્મણો સુધ્ધાંનો) ખોરાક છે. એટલે બપોરની પ્રશાન્ત પળોમાં માછલાં પકડવામાં એકાગ્ર થએલ આ દંપતીના જીવનની પોતે જોએલી મધુરતા કલાકારે વ્યક્ત કરી એમાં કશું અનુચિત નથી; બલકે એક સુખદ-સુંદર ચિત્ર એમણે નિર્માણ કર્યું છે. કિનારા પરની વાંસની કુંજોનાં ઢળતાં પાનની છાયા નીચે પ્રશાન્ત પથરાએલાં પાણી સાથે એકતાલ થએલી દંપતીની એકાગ્રતા આખા ચિત્રમાંથી જાણે શાન્તિનું સંગીત પ્રકટાવે છે. કલકત્તાની સરકારી કલાશાળાના આચાર્ય શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી પરમ સૌજન્યશાલ ને આદરપાત્ર કલાગુરુ હોઈ વૂડકટ અને એચિંગકલામાં સિદ્ધહસ્ત છે.



**સુકન્યાની આરાધના:** નવયૌવના સુકન્યાને વૃદ્ધ, શબ જેવા ચ્યવન ઋષિને પરણાવવામાં આવે છે. એથી અસંતુષ્ટ થએલી યૌવનમત્ત સુકન્યા દેવોમાં પણ સ્વરૂપવાન એવા અશ્વિનોને આમંત્રે છે. અશ્વિનો એનું આમંત્રણ સ્વીકારીને આવે છે. તેમના સૌંદર્યથી ઘેલી બનેલી સુકન્યા તેમને હર્ષભરી મીટ માંડી જોઈ રહી છે. છેલ્લી પળે તેને 'સતીત્વ'નું મંત્રદર્શન થાય છે અને અશ્વિનો આશીર્વાદ આપી અદૃશ્ય થાય છે. ['પુરંદર પરાજય'—ક. મા. મુનશી] ચિત્રકાર: **રવિશંકર રાવળ**

[ગુજરાત સાહિત્ય સભા(અમદાવાદ)ના 'ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' નામક ૩૨ પૂર્ણરંગી ચિત્રોના સંપુટમાંથી: સભાના સૌજન્યથી]




ઉમતાના શ્રી ચૌહાણે જણાવ્યું છે કે એક ભાઇનું હૃદય જમણી બાજુ છે. મારા એક મિત્રને પે તેમ છે. જ્યારે મનુષ્યનો વિકાસ development થાય છે ત્યારે અમુક કારણો-ને લઇને આમ બને છે. વૈદક-સાહિત્યમાં આવા ઘણા કેસો નોંધાએલા છે, તેનાં કારણો અપાએલાં છે. મુંબાઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજ-ના મ્યૂઝિયમમાં એક સુંદર કેઇસ રાખવામાં આવેલો છે, જેનાં બધાં અંગો જે આપણા સૌમાં ડાબી બાજુએ હોય છે તે તેમાં જમ-ણી બાજુએ છે, અને જમણાં ડાબી બાજુએ. આને 'ટ્રાન્સપોઝીશન ઑવ વિસીરા' (trans-position of viseera) કહે છે અને શ્રી ચૌહાણના કેઈસને dextra cardia કહે છે.
(વડોદરા) —કે. બી. શાહ

એપ્રિલ અંકમાં ૧૩૮મે પાને આપેલા સુ-ભાષિતનો એક પાઠ **संसारविषवृक्षस्य** વગેરે છે. આ પાઠ શ્રી એમ. આર. કાલે કૃત 'હિતો-પદેશ'ના પાને ૩૦મે **'मित्रलाभ'** વિભાગમાં છે અને એ સ્વીકારવાથી સુંદર ને સચોટ અર્થ નીકળે છે: 'સંસારરૂપી ઝેરના (ઝેરથી ભરેલા) વૃક્ષને રસવાળાં બે જ ફળ છે. કાવ્યરૂપી અ-મૃતના રસનો સ્વાદ અને સત્સંગ.'

આ સંસાર વિષમય છે. સંસ્કૃતમાં પણ સંસારને દુઃખમય ગણ્યો છે. અંગ્રેજીમાં પણ કહ્યું છે કે God has mixed happiness in the cup of misery. **सुखमपिदु:खं दु:खानुसंगात्।** સુખ પણ દુઃખ છે, કારણ સુખ દુઃખની સાથે સંકળાએલું છે. આ બધા પાઠ પરથી જણાય છે કે સંસાર એ સુખદાયક વૃક્ષ નથી, પરંતુ વિષવૃક્ષ છે વગેરે. આપના અંકમાં આપેલું વિવરણ laboured જણાય છે, પરંતુ એ અભિપ્રાયની બાબત છે.
(ઉપલેટા) —મનુભાઈ આણંદરાય વૈષ્ણવ
[આપે જે પાઠ લીધો છે તે પ્રમાણે લીધેલો અર્થ બરોબર છે. લેખકે એ પાઠ લીધો નથી. વિવરણ 'લેબર્ડ' લાગ્યું હશે, એ બાબતમાં પ્રસંગને અનુકૂળ કોઇ વાત કહેવા જેવી લાગે તે કહી દેવી એવો રિવાજ લેખકે રાખેલો છે.]

સાકર વગરનું કેસરિયું દૂધ પીધા જેવો અનુભવ આ માસનું 'કુમાર' વાંચીને થયો! સાકર વિનાનું દૂધ પૌષ્ટિક તો હોય છે, પણ પીવાની મઝા તો તેમાં ગળપણ હોય તો જ આવે! 'કુમાર'ના 'વાચન-થાળ'માં બધી વાનગીઓ હતી, ફક્ત દ્રાક્ષનું રાયતું ન હતું!

શ્રી ચન્દ્રવદન મહેતાએ 'કુમાર'માં જમા-વેલું સ્થાન—અમોએ અમારા હૃદયમાં આપેલું સ્થાન એક ખૂની માણસની જેમ ઉઠાવી લીધું. પોટલાં બાંધીને ભાગી છૂટ્યા! અમને શોક છે એનો! અમને દુઃખ છે એનું!

ત્રણેક દિવસ પર વર્તમાનપત્રમાં વાંચ્યું કે 'બાંધ ગઠરિયાં'ના બે ભાગ બહાર પડ્યા પછી હવે 'છોડ ગઠરિયાં'નાં બીજાં બે પુસ્તકો બહાર પડ્યાં છે. તો શું 'છોડ ગઠરિયાં' 'કુમાર'-ના વાચકોને વાંચવાનું સૌભાગ્ય નહિ મળે?
(મુંબાઇ) —રશ્મિ દોશી
[*અમે એ વિષે હજી કશું જાણતા નથી]

પક્ષીઓ વિષે પુસ્તક છાપવાના છો વાંચી આનંદ થયો. મારું નામ નોંધશો. આવાં પુ-સ્તકો ગુજરાતીમાં ખૂબ જ ઓછાં મળે છે, તો કિંમત જરા વધારે ભલે થાય પણ વિગત-વાર તથા સારા ફોટાઓ સાથે છપાવશો.
(શામળાજી) —નવનીત શાહ
[*સોએક ત્રિરંગી ચિત્રો સાથે પુસ્તક તૈયાર કરવાનું સાહસ વિચાર્યું છે. આવા બીજા આ-ગોતરા ગ્રાહકો નોંધાય તો એને વેગ મળે.]

વાચકને લેખકનો પરિચય થાય તે માટે વર્ષાંતે નવા લેખકોનો ટૂંકો પરિચય અપાય તો સારું. તેમ ન થઇ શકે તો લેખકોનાં સર-નામાં તેમના લેખની નીચે જ અપાય તો વાચક તેની સાથે પત્ર દ્વારા પરિચય કરી શકે, અને તેમનાં લખાણોનો અંગત અભિપ્રાય તંત્રીની મારફતદારી સિવાય આપી શકે.
(માણસા) —ભોળાભાઈ પટેલ



ઝાડ ને ઝૂંપડી, પંખી ને પર્વત, સાગર-કિનારા ને મોજાં, હોડી ને છોડ સર્વ 'કુમાર'-ના નામાક્ષરોથી રચીને યોજેલું દૃશ્ય.
(ઘાટકોપર) —અમૃતલાલ દોશી

**શ્રી ધૂમકેતુ**
**હવે પછી શબ્દવ્યૂહની ઉકેલ-સમિતિમાં ભાગ લેવાના નથી.**

# ઘૂંઘટમાં

· ગાન ·

ભીની માટી ને ઊના વીંઝણા મારુજી,
એવી જોબનિયાની રાત રે ઘૂંઘટમાં :
ઘૂંઘટમાં પલપલ ઝૂરતી મારુજી.

ઝાકળ સમાણો ઝીણો ઘૂમટો મારુજી,
પેખ્યું પોલાદી એનું પોત રે ઘૂંઘટમાં : ઘૂંઘટમાં૦

તારી બાંકી તે ગોરી આંખડી મારુજી,
જાણે શ્રાવણિયાની બીજ રે ઘૂંઘટમાં : ઘૂંઘટમાં૦

ઝાઝી ભીંત્યું ને થોડી બારિયું મારુજી,
કંઠે રૂંધાઈ ભોળી પ્રીત રે ઘૂંઘટમાં : ઘૂંઘટમાં૦

ઘેલી તે નજરૂં પુરાઈ ગઈ મારુજી,
આંખો ઉઘાડી રહી બા'ર રે ઘૂંઘટમાં : ઘૂંઘટમાં૦

આંબા ઝૂક્યા ને ઝૂકી આંબલી મારુજી,
પિંજર કાજે આકુલ બે પાંખ રે ઘૂંઘટમાં :
ઘૂંઘટમાં પલપલ ઝૂરતી મારુજી.

ભાનુપ્રસાદ ત્રિવેદી

# દશા અને દિશા

· ગઝલ ·

દશા પર દાઝનારા ને દશા પર દૂઝનારાઓ
નથી હોતા ખુમારીથી જીવનમાં ઝૂઝનારાઓ.
દિશા જાણ્યા વિનાના છે દશાથી ધ્રૂજનારાઓ,
કહી દો એમને કે હે દશાના પૂજનારાઓ!
દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,
સડકને ખૂંદનારાને સડક ઝાલી નથી શકતી.

વેણીભાઇ પુરોહિત


# અંતિમ મૂલ્ય

· પરંપરિત હરિગીત ·

આ કોલસા કાળા
બળી જઈને થતા ધોળા અને કેવા—નિરાળા!
ને અહો આ કાગળો જે દૂધ શા ધોળા અનેરા
તે, જરી જલતાં તુરત તો મેશકેરા
રંગ સરખા થાય છે!

દેખાય તેથી હોય શેં
જુદાં જ અંતિમ મૂલ્ય સૌનાં આટલાં?

ગીતા પરીખ




અણખેડાએલા અફાટ અમેરિકાની કુંવારી ધરતીને ખેડી તથા વસાવીને ફળફૂલ ને ધાન્યથી લચી પડેલી સર્જવાનો સંદેશ તેનાં કાવ્યો આપે છે.

**ઘડાતી આવતી અમેરિકન પ્રજાને પ્રેરણા આપનાર અને જનતા પ્રત્યે અદમ્ય પ્રેમ ધરાવનાર**

## જનતાનો પોતાનો કવિ મુક્તિનો બુલંદ ગાયક વૉલ્ટ વ્હિટમન

બરાબર એક સો વર્ષ પહેલાં ઈ. ૧૮૫૫ના ઉનાળામાં ન્યૂયૉર્કના ૩૬ વરસના એક તદ્દન અજાણ્યા પત્રકાર, મુદ્રક અને સુથારે એક નાનકડી કાવ્યપુસ્તિકા બહાર પાડી, જેનું નામ તેણે રાખેલું 'તૃણનાં પર્ણ' ('લીવ્ઝ ઑવ ગ્રાસ'). પુસ્તિકા મથાળાં વિનાની ૧૨ કૃતિઓ અને કર્તાના કાવ્યતત્ત્વ વિષેના વિચારો દર્શાવતી એક લાંબી પ્રસ્તાવના ધરાવતી હતી. આ પુસ્તિકાની ૮૦૦ નકલોમાં તો કર્તા કે પ્રકાશકનું નામ પણ ન મળે. પુસ્તિકાના મુખપૃષ્ઠ સામે એક આદમીની નાનીશી છબિ હતી. આદમી કોઈ કવિ જેવો લાગતો, તેને માથે પહોળી ચાંચદાર હૅટ અને ટૂંકી દાઢી હતી. કામદાર પહેરે એવું પહેરણ તેણે પહેર્યું હતું. જાણે કે તસવીર માંહેનો કવિ એ 'લોકોનો જ કવિ' છે અને તે માટે સાહિત્યિક ઠાઠમાઠને પણ તેણે વેગળાં કર્યાં છે.

આ રીતે એક અમેરિકન કડિયા ને ખેડૂતનો ઈ. ૧૮૧૯માં જન્મેલો પુત્ર કવિ તરીકે જાહેર જગતમાં પ્રવેશ્યો. જે કાવ્યપુસ્તકનો શતાબ્દી-ઉત્સવ આજ માત્ર અમેરિકા જ નહિ, પરંતુ આખી દુનિયા ઊજવી રહી છે તે 'લીવ્ઝ ઑવ ગ્રાસ' પહેલું પ્રસિદ્ધ થયું ત્યારે આટલી નામના નહોતું મેળવી શક્યું. નામના તો શું, પરંતુ અપમાન ને અવહેલનાને સહન કરવા માટે જ જાણે તે અસ્તિત્વમાં આવ્યું હોય તેમ વિવેચકો તે માંહેની નવી જ સ્વતંત્ર પદાવલિઓ, કામુકતા, સામાજિક રૂઢિઓની ઠઠ્ઠા ને લેખકના નિખાલસ નિરૂપણ પર ઘેટાં પર વરુ તૂટે એમ તૂટી પડેલા. બહુ જ થોડા આ નવી કાવ્યરીતિ એ


અમેરિકાના નવોત્થાનનો જ એક અગત્યનો ભાગ છે તે જોઈ શક્યા. દુર્દમ સાગરપછાટ સમી એ ઊછળતી ઊર્મિઓ કાવ્યમાં કેવા સાહજિક ને નૈસર્ગિક રૂપે અવતાર પામેલી તે બહુ થોડા જ અનુભવી શક્યા.

વ્હિટમન માનતો કે ભણેલ અથવા અભણ પ્રત્યેક પુરુષ તેમજ સ્ત્રી પહેલેથી જ પવિત્ર છે ને પૂર્ણ છે. વિચારોના આવા દુર્દમ ઉછળાટ-ભર્યા લોઢ પહેલાં તો સામાન્ય જનસમુદાય ઝીલી શક્યો નહીં; અને પછી પચાવી તો ક્યાંથી જ શકે? વ્હિટમનના આખા કુટુંબને તેની કવિતા સમજી જ ન શકાય એવી અગડંબગડં ને વિચિત્ર લાગતી. તેના ભાઈ જ્યૉર્જે એક વાર તેને કહેલું: 'તારી કવિતા વાંચવા જેવી મને તો જરા ય નથી લાગતી.' 'બૉસ્ટન ઈન્ટેલીજેન્સર' પત્રે 'લીવ્ઝ ઑવ ગ્રાસ'ને 'ફિસિયારી, હુંકાર, બીભત્સતા અને મૂર્ખાઇના શંભુ-મેળા જેવું' જાહેર કર્યું. એ વખતે 'નૉર્થ અમેરિકન રિવ્યૂ' જ એક માત્ર એવું પત્ર હતું જેણે 'લીવ્ઝ ઑવ ગ્રાસ'ને ખેલદિલીપૂર્વક આવકાર્યું. સમકાલીન સાહિત્યકારોને પણ વ્હિટમને 'લીવ્ઝ ઑવ ગ્રાસ'ની નકલો મોકલેલી જે અનેક અપમાનકારી નોંધો સાથે તેને પાછી મળેલી. પણ વ્હિટમનને આવા ઉગ્ર ટીકા-પ્રહારોની થોડી જ પડી હતી? તેને તો પોતામાં અખૂટ વિશ્વાસ હતો. એક મિત્રને તેણે કહેલું: 'મારો કાવ્યસંગ્રહ ભવિષ્ય માટેનો ઉમેદવાર છે.' તો યે વ્હિટમનની કદર ત્યારે કોઈ સમજુ સાહિત્યકાર પણ કરી જ શક્યો નહીં તેમ ન કહી શકાય. ફિલસૂફ રાલ્ફ વાલ્ડો એમર્સન ઇન્દ્રિયસુખોને અરૂઢ અને કોઈ નવલી જ રીતે આલેખતી આ પદ્યરચનાઓનું સૌંદર્ય પારખી શક્યા હતા. તેમણે વ્હિટમનને સ્વાગત આપતા શબ્દોમાં કહ્યું: ''લીવ્ઝ ઑવ ગ્રાસ'ની આ અદ્ભુત ભેટની કદર ન કરી શકું એવો હું આંધળો નથી. મને તો તે પુસ્તક બુદ્ધિચાતુરી અને શાણપણનો અમેરિકાનો અદ્વિતીય નમૂનો જ જણાયું છે. વિશ્વની કોઈ અગમ્ય મહાન સત્તા જેમ આપણને સુખી કરે છે તેમ તેનું વાચન મને સુખી કરે છે...મહાન કારકિર્દીના પ્રથમ સોપાને ઊભેલા તમને હું અભિનંદન આપું છું.' એમર્સને પોતાના એક મુલાકાતીને વ્હિટમનની શોધ કરવા સલાહ આપેલી અને કહેલું: 'હવે વેરવિખેર અમેરિકનોએ પાછા ઘેર આવવાનું છે: આપણામાંથી જ એક માનવી ઊભો થયો છે.'


ઇંગ્લંડમાં પણ સ્વિનબર્ન અને રોઝેટી જેવા વિચારક કવિઓએ આ નવોદિત મહાન કવિની પ્રશંસા કરી. 'વ્હિટમન જે લખે છે તેની પ્રેરણા તેને માત્ર માનવપ્રેમમાંથી અકૃત્રિમરીતે મળ્યા કરે છે.' તેની પ્રતીતિ ખુદ અમેરિકા કરતાં ઇંગ્લંડને વહેલી થઈ.



સંકુચિત રાષ્ટ્રભાવના કવિને ને વળી વ્હિટમન જેવા મહાન કવિને તો ક્યાંથી જ સ્પર્શે? પશ્ચિમને પ્રવાસે નીકળેલું જાપાનીઝ પ્રતિનિધિમંડળ ઇ. ૧૮૬૦માં યુનાઇટેડ સ્ટેટ્સને કિનારે ઊતર્યું ત્યારે વ્હિટમને તેને 'વિશાલતર રાજમાર્ગ પર દબદબાભરી સવારીને રૂપે એશિયાઈ સ્વાતંત્ર્ય વિચરી રહ્યું છે.' એ વચનોથી આવકાર્યું. ઈ. ૧૮૮૯માં તેણે બ્રાઝિલના નવા જ સંસ્થાપિત સંયુક્ત રાજ્યને 'નાતાલની મુબારકબાદી'-થી અભિનંદ્યું. 'Salut O Monde' કાવ્યમાં તેણે પોતાની જાતને એબિસિનિયાથી આઇસલૅંડ લગીના બધા જ દેશોની રહેવાસી કહી છે. વ્હિટમનનો મૃત્યુપથારી પરથી છેલ્લો સંદેશ આવો છે: મહાન સાહિત્ય, ન્યાયી રાજકારણ કે ઉત્તમ સમાજશાસ્ત્ર માટે એક આ જ ઉપાય છે કે આખા યે વિશ્વના બધા પ્રદેશોના લોકો, સ્ત્રીઓને પણ ભૂલ્યા વિના, હાથમાં હાથ મિલાવી તેનું નિર્માણ કરે.'




અમેરિકાના આંતર યુદ્ધમાં ઘવાએલા સૈનિકોની શુશ્રૂષા કરવામાં વ્હિટમન શામેલ હતો. યુદ્ધની એ ભયંકરતાએ વ્હિટમનના સ્વાતંત્ર્ય માટેના આગ્રહને વજ્રવત દૃઢ કર્યો.




દુનિયાભરના ખંડોનાં ગંજાવર વહાણોથી ઊભરાતું ન્યૂ યૉર્કનું દરિયાઇ બારું જોઈ વ્હિટમને દુનિયાના ખંડેખંડના માનવી-માનવી વચ્ચે અતૂટ સગપણ અનુભવ્યું.







ન્યૂ યૉર્ક નજીકના દરિયાકાંઠે આવેલું એક ખેતર એ તેનું જન્મસ્થાન હોઈ નાનકડો વ્હિટમન કુદરતનાં અવનવાં દશ્યો જોતાં કદી ધરાતો જ નહિ. આમ પ્રકૃતિનો અને તેનો સંબંધ અવિચ્છેદ્ય હતો. મોટપણે તે એક વર્તમાન પત્રનો તંત્રી બન્યો. વ્યક્તિસ્વાતંત્ર્યની તેના મનમાં સદા ઘૂંટાતી રહેતી ઝુંબેશને તે દ્વારા અનેરો વેગ મળ્યો.

મુક્તિના ગાયક વૉલ્ટ વ્હિટમનનો જન્મ હંટિંગ્ડન, લૉંગ આઇલૅન્ડ પાસે વેસ્ટ હિલ્સ મુકામે ઈ. ૧૮૧૯ની ૩૧મી મેએ થયો હતો. ત્યાંથી ત્રણ વર્ષની ઉંમરે તે બ્રુકલિન ગએલો. શાળા-શિક્ષણ વ્હિટમને બહુ ઓછું લીધું છે. ૧૫ વર્ષની ઉંમરે તે છાપખાનામાં જોડાયો ને ન્યૂ યૉર્કના જૂના પત્ર 'મિરર'માં કેટલાક નનામા નાના લેખો લખવા શરૂ કર્યા. ૧૮૩૫-'૩૬માં તેનો પિતા આખા કુટુંબ સાથે હૅમ્પસ્ટેડ જતાં વ્હિટમને ભણાવવાનું શરૂ કર્યું. તેને જે કપરું કામ ખેંચવું પડતું તેના બદલામાં પૂરતું વેતન તેને મળતું નહીં. ત્રણ માસના એક સત્રના ૩૫થી ૪૦ ડૉલર ત્યારે તેને મળતા. ૨૩ વર્ષની ઉંમરે તે ન્યૂ યૉર્કમાં 'અરોરા'ના સંપાદક તરીકે રહ્યો, પણ બે મહિના બાદ તેની આ નોકરી છૂટી ગઈ. ત્યારે તેનું લેખન ઉપદેશાત્મક વિશેષ હતું. તેની પહેલી અને છેલ્લી નવલકથા તે મદ્યનિષેધ વિષે એક નાનકડી પુસ્તિકા હતી. દસ વર્ષ લગી તે પત્રકાર તરીકે કામ કરતો રહ્યો. દૂરદૂરના દ્વીપકલ્પોમાં તે એકલો ઘૂમતો અને ત્યાં શરીર પરથી કપડાંનો અંચળો દૂર કરી હોમર ને શેક્સપિયર બનવાના વિચારોને એક કોર મૂકી સમુદ્રનાં મોજાંઓને નિહાળ્યા કરતો. સાહિત્યનાં સામાયિકો વાંચતાં તેને 'જનતાનો હોમર' બનવાની પ્રેરણા થયા કરતી ને તેનું હૃદય ઉમળકા ઉપર ઉમળકાઓથી ઘેલુંઘેલું થઈ રહેતું. અંતે તેણે પોતાની માતા જે ઓરડામાં રહેતી તેની ઉપરના ઓરડામાં એક ભાંગ્યુંતૂટ્યું ટેબલ ગોઠવું દીધું અને ૧૮૫૫માં પોતાને ગાંઠને ખર્ચે 'લીવ્ઝ ઑવ ગ્રાસ'ની પહેલી આવૃત્તિ બહાર પાડી. 'લીવ્ઝ ઑવ ગ્રાસ'ની પહેલેથી માંડીને આઠ આવૃત્તિઓ સુધી તેમાં ક્રમેક્રમે કાવ્ય-ઉમેરણો થયાં જ કર્યા અને છેલ્લે તે કાવ્યસંગ્રહમાંનાં કાવ્યોની સંખ્યા ૩૦૦ સુધી પહોંચી. અમેરિકાના આંતરયુદ્ધે તેને બીજા જ કામમાં જોડી દીધો. તે સૈનિકોની સેવા કરવા લાગ્યો. તે કોઇને તમાકુ લાવી આપતો, કોઇને કાગળ લખી આપતો તો કોઈ ઘાયલ સૈનિકની માવજત કરતો. યુદ્ધ બાદ તેણે 'ડ્રમ ટૅપ્સ' પુસ્તક પ્રકાશિત કર્યું. આ વખતે તે સરકારી નોકરીમાં કારકુન તરીકે રહેલો. ઈ. ૧૮૭૩માં કોઈ એક આઘાતથી તે પગે લંગડો થઈ ગયો, જે દશામાં તે વર્ષો સુધી રહ્યો; અને અંતે ઈ. ૧૮૯૨ની ૨૬મી માર્ચે તેનું અવસાન થયું. પત્રોમાં તેના મૃત્યુ સમાચારને જેટલું સ્થાન મળ્યું તેટલું તેના જીવતાં કોઇ વાર તેને નહિ મળેલું. મૃત્યુ ઉપરનાં તેનાં 'ડ્રમ ટૅપ્સ' ને 'પૅસેજ ટુ ઇન્ડિયા' પુસ્તકોમાં તેની કેટલીક ગણનાપાત્ર ઉત્તમ કૃતિઓ સંગ્રહાએલી છે.

સો સો વરસનાં વહાણાં વાઈ જવા છતાં વ્હિટમન હજી એવો જ બળવાખોર માલૂમ પડે છે, અને વળી સ્વાતંત્ર્યનો એવો જ ફિરસ્તો—જાણે કે પયગમ્બર! વિશ્વના સામાન્ય જનસમૂહને જીવન પ્રત્યે માનદૃષ્ટિ કેળવવાનું ને પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ઘડવાનું આહ્‌વાન તે મહાકવિ આપી ગયો છે. ઈ. ૧૮૯૨માં પોતાના વહાલા આ વિશ્વની વિદાય લેતી વખતે વિશ્વને તેનાં સંભારણાંરૂપ થોકબંધ લેખિત હસ્તપ્રતો તે મૂકતો ગયો છે; પરંતુ ભાવિ પ્રજા માટે તો નિરંકુશ પ્રેમે સદા ઊછળતા જ રહેતા તેના કવિ-આત્માની મુલાકાત માટે એક મુલાકાતપત્ર 'વિઝિટિંગ કાર્ડ' તે આપી ગયો છે અને તે છે 'લીવ્ઝ ઑવ ગ્રાસ.'

'લીવ્ઝ ઑવ ગ્રાસ' મુક્ત છંદરચના (ફ્રીવર્સ)માં લખાએલું સૌ પહેલું અમેરિકાનું પદ્ય છે અને આખા યે જગતના પદ્યસાહિત્યમાં સ્વાતંત્ર્યને આટલી ઉચ્ચ કોટિએ બિરદાવનાર પહેલું વાઙ્મય છે. વ્હિટમનની કવિતાએ પોતાના અવનવા પ્રદેશો તથા ખંડો ખોળ્યા છે ને ખૂંદ્યા છે. એક વિવેચકે તેને તેના સમયનો અને આપણા આ વર્તમાન સમયનો પણ 'અતિ માનવ' કહ્યો છે.

વ્હિટમન મહાકવિ છે, અને એટલે આર્ષદ્રષ્ટા પણ છે. તેણે એક કાવ્યમાં લખ્યું છે: 'વ્યક્તિત્વના ગાયક તરીકે હવે જે બનવાનું છે એની રૂપરેખા આંકીને હું ભાવિનો ઇતિહાસ આલેખું છું.' આ આર્ષદર્શન ૨૦મી સદીના અમેરિકન સાહિત્ય પર તેણે કરેલી અસર ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે. શેરવૂડ ઍન્ડર્સન, વિલિયમ ફૉકનર, થિયોડોર ડ્રેઝીઅર, ટૉમસ વુલ્ફ અને અર્નેસ્ટ હેમિંગ્વે જેવા આજના અગ્રગણ્ય અમેરિકન સાહિત્યકારોમાં સીધો વ્હિટમનનો જ વારસો જોવામાં આવે છે. વ્યક્તિત્વવાદ ને વ્યક્તિગત સ્વાતંત્ર્યનો પ્રખર પુરસ્કર્તા વ્હિટમન ગુલામી સામેના સંગ્રામમાં અંગત રીતે શામેલ હતો. આંતર યુદ્ધ વખતે મહિનાઓ સુધી બધાં કામકાજ છોડીને તેણે ઘવાએલા સૈનિકોની માવજત કરેલી. સ્વાતંત્ર્યલક્ષી પક્ષના આખાબોલા મુખપત્ર 'બ્રૂકલિન ઈગલ'ના તંત્રી સ્થાનેથી તે કોઈ પણ સ્વાતંત્ર્યવાદી રાજપુરુષ સ્વાતંત્ર્ય તરફ લગીરે દુર્લક્ષ્ય સેવે તો તેની બે-વફાદારીની કડકમાં કડક ટીકા તે કરી નાખતો. જો કે પત્રકાર તરીકે વ્હિટમન એવો સફળ નથી.

પરસ્પર વિવિધ વ્યક્તિત્વોએ વ્હિટમનના જીવનમાં અગત્યનો




વ્હિટમને અમેરિકાને તેના વિશાળતર સ્વરૂપે પહેલી વાર ત્યારે જોયું, જ્યારે તે દક્ષિણ રાજ્યોને પ્રવાસે નીકળ્યો હતો. પ્રવાસમાં પ્રકૃતિ અને મનુષ્યોનો સમૃદ્ધ સંપર્ક મેળવીને ન્યૂ યૉર્ક પાછા ફરી તેણે કાવ્યો લખવાની શરૂઆત કરી.

ભાગ ભજવ્યો છે. કોઈ માને પણ નહીં કે તે 'એકાંતપ્રિય' હતો, 'એકાંત'નો તે એટલો તો ભક્ત હતો કે તાજી જ પ્રકટ થએલી તેની પ્રો. ગે વિલ્સન ઍલન કૃત જીવનકથાનું નામ 'ધ સૉલિટરી સિંગર' (એકાકી ગાયક) રખાયું છે.

વ્હિટમન જે અસંખ્ય હસ્તપ્રતો પોતાની પાછળ મૂકતો ગયો છે તેમાં કેટલીયે કવિતાઓ, કેટલાય નિબંધો, અબ્રહામ લિંકન વિષેના એક મનનીય પ્રબંધની કાપલીઓ અને સમકાલીન અમેરિકન કવિઓનું નિદર્શન અને દર્શન કરાવતી નોંધોનો સમાવેશ થાય છે. ઉપરાંત તેના પોતાના હસ્તાક્ષરે લખાએલી ધાર્મિક, સાહિત્યિક અને મૃત્યુ તેમજ જેના પર કવિને અપાર ભાવ હતો તે સંગીતનાટ્ય વિષેની નોંધો પણ મળી આવે છે. અબ્રહામ લિંકનના મૃત્યુ વિષેની તેની પ્રખ્યાત પંક્તિ 'વ્હેન લિલૅક્સ લાય ઇન ધ ડોરયાર્ડ બ્લૂમ્ડ' પણ આ હસ્તપ્રતોમાં છે. એક હસ્તપ્રતની કાપલી પર લખેલું છે: 'હા. કવિતા તો એક વિશાળ વર્તુળ છે, જે વર્તુળની બહાર કશું નથી, બધું જ તેની અંદર આવી જાય છે.'

('એઈટ એઈટ અમેરિકન્સ' નામે સચિત્ર પુસ્તક તથા યુસિસની અન્ય સામગ્રી ઉપરથી સંકલિત)

**સફેદ ચોર** (અનુસંધાન પાછળના પાના પરથી)

ઘરવખરીના જાણકાર છો; એટલે પોલીસ તમને પ્રશ્નો પૂછીને કે આડીઅવળી ગૂંચવણો તમારી આગળ ખડી કરીને તમને પરેશાન કરી નાખશે.' બેક મિનિટ થોભી તેણે કહ્યું: 'છો તૈયાર?'

'ભલે.' કાર્ડ ખિસ્સામાં મૂકતાં મેં જવાબ આપ્યો. 'પણ તમે આ બાબતમાં મેલી રમત તો નહિ રમોને?'

મને ખાતરી ને વિશ્વાસ આપતો હોય તેમ તેણે મારી આગળ માથું નમાવ્યું. 'એક સદ્ગૃહસ્થની પ્રામાણિક કબૂલાત જેવો આપણી વચ્ચેનો આ વાર્તાલાપ લેખજો.'

ફૂઇની તિજોરીમાંથી લેવા જેવા બધા જ હીરા મેં ખલાસ કર્યા. તે મેં ફ્વેન્ટીનને આપ્યા. તેણે પોતાના સફેદ રૂમાલમાં તે બાંધ્યા, અને રૂમાલ ખિસ્સામાં સફાઇદાર રીતે ગોઠવી દીધો.

હજી યે મારી ભયભીત નજર જોઈ તેને હસવું આવ્યું. 'કામ તો પતી ગયું. હવે બીવા જેવું શું છે? હાં. અને હવે આપણે પાછલે બારણે થઇને નૃત્ય માટે જઈશું? મારે નૃત્યમાં જોડાવું જ પડશે, કેમકે બધા જ મહેમાન માને છે કે હું નૃત્યમાં એક્કો છું.'

અમે નીચે પહોંચ્યા ત્યાં સુધી કોઈની નજર અમારા ભણી ન ગઈ. જૉની ફ્વેન્ટીનની સમયસૂચકતા વખાણવા જેવી હતી. રેશમી વસ્ત્ર સરકે તેવી સ્નિગ્ધ ચપળતા તેના પગમાં હતી. પછી તો તે લેડી સિબિલ પાસે ગયો, અને તેમને નમન કરી તેમની સાથે નૃત્યમાં જોડાયો.

હું એક ઊંચા ને દેખાવડા માણસ જોડે હતો. મહેમાન તરીકે તેમને પણ આમંત્રણ હતું. તેમનું નામ હતું 'ફ્રૅન્શામ', અને તેમનો હોદ્દો હતો ડિટેક્ટિવ ઇન્સ્પેક્ટરનો.

'બધું બરાબર?' તેમણે પૂછ્યું. નૃત્ય કરતાં કરતાં જ મેં જવાબ વાળ્યો: હા. ચાહો તો હમણાં જ તમે તેને પકડી શકો છો. તેના ખિસ્સામાં પેલો ચાંચદાર જે સફેદ રૂમાલ દેખાય છે તેમાં બધું મૂક્યું છે.'

ઈન્સ્પેક્ટરનો મદદનીશ ગણગણ્યો: 'સરસ, ફ્વેન્ટીન વિષે શક તો મને પહેલેથી જ હતો. તો યે મુશ્કેલી તો પડી હશે?'

'ના રે.' મેં કહ્યું 'બહુ સહેલાઈથી પાર પડી ગયું.' (અંગ્રેજી પરથી)

## સૌરાષ્ટ્ર વિષેનાં પુસ્તકોના લેખકોને આર્થિક સહાય

અગાઉ જૂના ભાવનગર રાજ્યના વખતથી શરૂ થએલ 'ગ્રંથોત્તેજક ફંડ'ની વ્યવસ્થા સૌરાષ્ટ્ર સરકાર તરફથી નિયુક્ત થએલ સમિતિ દ્વારા કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આથી સૌરાષ્ટ્રને લગતા ઇતિહાસ, પુરાતત્ત્વ, ભૂસ્તરવિદ્યા, જીવનચરિત્રો, સાહિત્ય, લલિતકળા, વિજ્ઞાન આદિ વિષયોના પ્રકટ અને અપ્રકટ ગ્રંથો માટે આર્થિક સહાય લેવા ઇચ્છતા લેખકોએ પોતાના અપ્રકટ પુસ્તકની બે હસ્તલિખિત પ્રતો અથવા પ્રકટ થએલ પુસ્તકની પાંચ નકલો નીચેના સરનામે રજિસ્ટર્ડ પોસ્ટથી તા. ૨૨–૧૦–'૫૫ સુધી મળે તેમ મોકલવી. કોઈપણ ધંધાદારી પ્રકાશક, મંડળ કે સંસ્થાને આ ફંડમાંથી મદદ મળી શકશે નહિ. સરનામું: દામોદરલાલ શર્મા, વિદ્યાધિકારી, સૌરાષ્ટ્ર રાજ્ય, રાજકોટ.

# સફેદ ચોર

**લે**ડી સિબિલના 'પૅરૅગૉન હાઉસ' પર આજે નૃત્યસમારંભ હતો મહેમાનો એક પછી એક આવવા લાગ્યા. મહેમાનોની સંખ્યા વધીને ટોળાબંધ થતાં તેનો લાભ લઇને કોઈની નજર ન પડે તે રીતે છાનોમાનો હું છટક્યો. થોડી વાર બહારના વિશાળ દીવાનખાનામાં હું ઊભો રહ્યો, કોઇ જોઈ તો નથી ગયું ને તે માપી લેવા. ત્યાં નૃત્ય શરૂ થતાં કુશાદે દાદર પરથી મેં ચૂપકીદીથી ઉપલા માળ તરફ ડગ માંડ્યાં.

તે રાત્રે 'પૅરૅગૉન હાઉસ' પર મહેમાનોની જંગી ભીડ હતી. જ્યારે જ્યારે લેડી સિબિલ શોરહૅમ આવો કોઇ નૃત્યનો કે સમૂહ ભોજનનો કાર્યક્રમ યોજતાં ત્યારે તેના ખર્ચ માટે તેઓ પાછું વાળીને જોતાં નહિ. પૈસો ત્યારે ગૌણ, કહો કે નહિવત્ પ્રશ્ન બની જતો.

અને હું? અપ્રરંગી સ્વભાવવાળો એક મહેમાન. મારાં યજમાનના ખૂણેખૂણાથી હું પરિચિત છું. લેડી સિબિલના અંગત સંબંધમાં પણ હું ખરો, એમનો સગો ભત્રીજો. તેથી જ તો મારી ફઇબાનો શયનખંડ અને તેની પછવાડેની દીવાલમાં તેમણે પોતાની તિજોરી કયે સ્થળે જડાવી દીધી હતી તે સ્થાન પણ મારાથી અજાણ્યાં ન હતાં.

હળવેથી શયનખંડમાં પ્રવેશી ત્યાંના નાનકડા ટેબલ લૅમ્પને ચાલુ કરતી સ્વિચ મેં દાબી અને મને જરૂર પૂરતો પ્રકાશ મળી ગયો. શામ્બનાં હાથમોજાં પહેરવાનું પણ હું ભૂલ્યો ન હતો. તિજોરીનો હાથો પકડી નૃત્યનો મંદ ધ્વનિ હું બિલ્લી-કાને સાંભળતો હતો, એવામાં એકાએક હળવેથી ઓરડાનું બારણું ખૂલ્યું અને બંધ થયું. એટલી ધીમાશથી એ ખૂલ્યું કે જો હું કોઇ કામમાં ડૂબી ગયો હોત તો બહારથી કોઇ આવી મારી જાણ બહાર જ મને સહેલાઈથી અંદર પૂરી શકત.

મેં ઊંચું જોયું. જૉની ફ્રૅન્ટીન ઊભો હતો. તે મારા તરફ તાકી રહ્યો હતો. ચામડી તેની જરી ભીને વાન અને આંખ તેમજ વાળ તો પૂરાં શ્યામ હતાં. મારી માફક તે પણ સફેદ ટાઈ-કૉલરમાં સજ્જ હતો. પણ કોઈ લૅન્ડ માસ્ટર કે શિકાગોના ગુંડા જેવો તે લાગતો હતો.

એ અહીં કેમ આવ્યો હશે તેનો ક્ષણાર્ધમાં તાગ કાઢવા મેં મથામણ કરી લીધી. હાલ્યા કે ચાલ્યા વિના તે ત્યાં જ ખડો હતો. રબર જેવા તેના હોઠમાં સિગરેટ ઝૂલતી હતી ને તેમાંથી નીકળતાં ધુમાડાનાં ગૂંચળાંમાંથી તે મને નિહાળી રહ્યો હતો.

પછી હોઠ બીડીને તે હસ્યો, અને કરડી નજરે પૂછ્યું: 'જોઉં છું, શી રીતે તોડો છો?' ન માપી શકાય એવડો સંક્ષોભ મારા મનમાં ખળભળ્યો. મોં પર ગુસ્સો લાવી હું બોલી ઊઠ્યો: 'મારી ફઈના આ ઓરડામાં પગ મૂકનાર તમે કોણ? જાઓ અહીંથી!'

પણ તે તો ઊલટો મારી સામે આવ્યો, અને હાથ પસાર્યા. મેં જોયું કે ફ્રૅન્ટીને પણ મોજાં પહેર્યાં હતાં. 'કદાચ' ધીરજથી ને મીઠાશથી બોલતાં તેણે કહ્યું: 'તમે જે કામ માટે અહીં આવ્યા છો તે માટે જ હું પણ આવ્યો છું.'

ગજવામાંથી રૂમાલ કાઢી મેં ધ્રૂજતે હાથે મોં લૂછ્યું, 'એટલે? હું અહીં શા માટે આવ્યો છું?' પણ જવાબમાં તે તો માત્ર હસ્યો જ. એટલે મેં ઉમેર્યું, 'મારી ફઇએ મને તિજોરીમાંથી કંઇ પણ લાવવાનું કામ ચીંધ્યું ન હોઇ શકે?'

પણ તેણે તો મૂગામૂગા મારા તરફ જોયા જ કર્યું. અંતે ધીમેથી બોલ્યો, 'આ હાથમોજાં પહેરીને તમે કામ કરી રહ્યા છો તે-તે એટલા જ માટે કે હાથનાં આંગળાં-અંગૂઠાની છાપ ક્યાંય ન પડે.' અને પછી તોરમાં ને મસ્તીમાં કહ્યું, 'દોસ્ત, ડર નહિ. કામ આગે ચલાવ.'

'જખ મારવા-કામ આગે ચલાવ?' મેં મારો મિજાજ ગુમાવ્યો. 'મારા વિશે તું શું ધારે છે?'

પણ તેનું ધ્યાન તો પોતાની સિગરેટના જલતા ટોપકા પર જ કેન્દ્રિત હતું. તે જ સ્થિતિમાં તેણે કહ્યું, 'કામ બહુ કંટાળાજનક છે, નહિ? પણ તમારી સાથે હરીફાઈ જ કરવી એવો મારો ઇરાદો નથી.'

તેના ભરાવદાર દેખાતા ચહેરા ભણી મેં એક નજર નાખી: 'ખરેખર, ફઈબાએ મહેમાનોની પસંદગીમાં ભૂલ કરી છે. હમણાં છેલ્લેછેલ્લે તો એવા વિચિત્ર મિત્રોને તેમણે ભેગા કર્યા છે! તેમની મહેમાનગતિનો લાભ લઈ લોકો છેક તિજોરી સુધી આવતા થઈ ગયા છે;-કમાલ છે!'

'લેડી સિબિલના ભત્રીજા તરીકે ખિસ્સાં ભરવાનો તમને પૂરતો અધિકાર મળી ગયો લાગે છે.' ઠંડાગાર અવાજે તે બોલ્યો. મેં તેની સામે જોયું, તેણે મારી સામે. સ્તબ્ધતાને રબરની માફક જાણે કોઇએ ખેંચી રાખી ન હોય તેવું તંગ વાતાવરણ પથરાઈ ગયું. ત્યાં તેના શબ્દો આવ્યા: 'અને અંદરથી તમને જે માલ મળે તેનું તમે શું કરો?'

'તે તમારે જોવાનું નથી.' મેં કહ્યું.

'ખરું કહું છું, તમે હજી શિખાઉ છો. પાવરધા જલદી નથી થવાતું. ચોરી કરવાની જગ્યા પરિચિત હોય તો ચોરી ઝટ થઈ શકે છે એ ખરું, પણ તેથી એમ નથી માની લેવાનું કે આપણને ચોરી કરતાં આવડી ગયું.' સિગરેટના બળતા ટોપકા પર તેની કેન્દ્રિત નજર હવે તિરછી બની હતી.

મેં કરડી નજરથી તેના સામે જોયું. તેના બદલામાં તેના તરફથી મળેલી નજર કંઈક મુલાયમ માલૂમ પડી. 'હું સાચું કહું છું;' તેણે ચલાવ્યું, 'તમે તો હજુ શિખાઉ છો. હીરાનો અને તેમાં યે ખાસ કરીને કિંમતી હીરાનો ઉપયોગ તો કોઈ ઉસ્તાદ હાથે જ થાય તે ઠીક છે.'

મારો ગુસ્સો કંઈક ઓગળ્યો. મારાથી પુછાઈ ગયું, 'એમ?'

'આપણી આ મુલાકાત ચોક્કસ ફળદાયી નીવડશે.' તે બોલ્યો, 'તમે શા માટે અહીં આવ્યા છો તે હું જાણું છું અને હું શા માટે આવ્યો છું તે તમે પણ જાણો છો. એટલે હવે આપણે એકબીજા પ્રત્યે વધુ નિખાલસ બનવું જોઇએ.'

મારા ચહેરા પર તેની નજર ફરી વળી. પછી તે બોલ્યો, 'તિજોરીનું જોડાણ તો તમારું જાણીતું છે. જોડાણ જાણ્યા વિના ઘણી વાર કામ બહુ મુશ્કેલ થઈ પડે છે. તેથી હું ઘણી વાર આવા કામમાં સફળ થઈ પણ નથી શક્યો. તો ય, હાથ પડેલા માલની વ્યવસ્થા કેવી રીતે કરવી તે હું બરાબર જાણું છું. એટલે તમને તો હું તત્કાલ-અરે તે જ મિનિટે એ માલના રોકડા રૂપિયા તમને અપાવી દઈ શકું છું.'

'એમ?' મારા ગુસ્સાનું સ્થાન હવે આશ્ચર્યે લીધું હતું.

'એટલે, મળે તે બધા જ હીરા મને ભળાવી દો. તેની સઘળી જ વ્યવસ્થા કરીને હું તમને 'ફોન' દ્વારા જણાવી દઈશ. પછી આપણે ફરી મળીને ભાગે પડતું વહેંચી લઈશું.'

તેની નજર મારા પર ઠરેલી હતી. 'વિશ્વાસ નથી આવતો, કેમ?' સ્મિત કરતાંકરતાં તેણે કોટના ગજવામાંથી વિઝિટિંગ કાર્ડ કાઢી મને આપતાં કહ્યું: 'આ સરનામું હાલી-મવાલીનું તો નથીને?'


મેં કાર્ડ હાથમાં લીધું. હજી મારો જીવ હેઠો બેઠો ન હતો. તેણે મને નિશ્ચિંત કરવા વધુ ખાતરી આપી: 'ચોરાએલા હીરામાં મારો હાથ હશે તેમ કોઇને સ્વપ્ને ય ખયાલ નહિ આવે. અત્યારે તો જો કોઇને પોતાની જાતને સંભાળવાની હોય તો તે તમારે છે; કારણ કે લેડી સિબિલના તમે અંગત સગા અને તેમની (અનુસંધાન પૃષ્ઠ ૨૧૪)

# ગુજરાતની ગુપ્તોત્તરકાલીન શિલ્પસમૃદ્ધિ

સોલંકી યુગનાં આબુ, ગિરનાર, ડભોઈ વગેરેનાં અતિ વખણાએલાં શિલ્પો કરતાં ભાવાલેખનમાં ચડિયાતાં એવાં

# પાટણનાં શિલ્પો

લેખક
ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ



ચિત્ર ૪૪: પાટણની એક બીજી બારસાખમાંની મૂર્તિઓ

હવે આપણે પાટણના એક પ્રાચીન, સુંદર હિંદુ મંદિરના ખંડિત ટુકડાઓ જોઈએ. મરકત શિલાના કંડારેલા આ સાતે અવશેષો હાલ તો વડોદરા મ્યૂઝિયમમાં છે, પણ એની કારીગરી જોતાં એ આખું યે મંદિર જ્યારે ઊભું હશે ત્યારે પૂર્ણિમાની કોઈ રાત્રિએ કેટલું રમણીય લાગતું હશે તે તો એને મ્યૂઝિયમમાં નજરે જોનાર જ બરોબર કલ્પી શકે. આ સાથે ચિત્ર ૪૩ થી ૪૯તરીકે એ અવશેષો રજૂ કર્યા છે. શ્રી પાટણ વિદ્યાર્થી મંડળના 'રજતમહોત્સવ ગ્રન્થ'માં પૃ. ૧૯-૨૮ ઉપર આ લેખકે એની વિસ્તૃત ચર્ચા કરીછે.



ચિત્ર નં. ૪૩ : સ્તંભશીર્ષક નીચેના ગોખમાં કંડારેલી નૃત્ય કરતી અંગનાની લલિત-સુંદર મૂર્તિ વિશેની પ્રશસ્તિ આ પાના ઉપર વાંચો

ચિત્ર નં. ૪૩માં સ્તંભશીર્ષક નીચેના ગોખમાં કંડારેલી, નૃત્ય કરતી અંગના, અને એની બાજુમાં નૃત્ય કરતા ગણને ઘડવામા શિલ્પીના ટાંકણાની ઉત્કૃષ્ટતા જણાઈ આવે છે. નર્તકીનું આલેખન સજીવ તો છે જ, પણ એના મુખ ઉપરનું ભાવાલેખન, શિવની સામે ભક્તિભાવપૂર્વક નૃત્ય કરતી કોઈ સંસ્કારી દેવદાસીનું સ્મરણ કરાવે છે. બારીક વસ્ત્રોથી દેહલતાને ઢાંકતી, બહુ જ થોડાં આભૂષણો પહેર્યા છતાં રમણીય લાગતી આ કોઇ દેવદાસી, નૃત્યની મધ્યમાં ભગવાન નટરાજનું દર્શન પામતાં, એક હાથે સ્તમ્ભને ટેકવી જાણે થંભી ગઈ ન હોય!

ચિત્ર ૪૪માં રજૂ કરેલ અવશેષ ચિત્ર ૪૩માંની દ્વારશાખનો તો નથી જ. એ કોઈ બીજા મંદિર કે ગોખનો ભાગ હોઈ શકે; છતાં, બંને લગભગ સમકાલીન શિલ્પો છે. ચિત્ર ૪૪માંના સ્તમ્ભશીર્ષકનો ઘાટ કંઈક જુદો પડતો છે અને ચિત્ર ૪૩ જેટલો સુંદર નથી. પણ બંને અવશેષોમાં ગોખ ઉપરના ગવાક્ષોના ઘાટ લગભગ સરખા છે જે બતાવે છે કે બંને લગભગ સમકાલીન જ છે. ચૈત્ય-ગવાક્ષોનાં આ સ્વરૂપો ઉપરથી શિલ્પ અને સ્થાપત્યનો સમય-નિર્ણય કરવામાં ઘણી સહાય મળે છે. ચિત્ર ૪૪માં રજૂ કરેલા અવશેષનો ટોડલો રોડાના ટોડલા કરતાં વધુ સ્પષ્ટ રીતે ડમરુ ઘાટનો છે. બાજુ ઉપરની 'યાલી'-ગજશાર્દૂલની આકૃતિ રોડાના ગજ-શાર્દૂલ કરતાં સહેજ જુદા ઘાટની છે,જ્યારે ચિત્ર ૩૩માં રજૂ કરેલા શિલ્પમાંનો શાર્દૂલ રોડાના સિંહ સાથે

હવે નીચે ચિત્ર નં. ૪૫માંની માતૃકાઓની સરખામણી વાંચો





ડાબી બાજુના ચિત્ર નં. ૪૬માં દર્શાવેલા ગરુડારૂઢ વિષ્ણુ આ નીચેના ચિત્ર ૪૭માંના પદ્માસનસ્થ શિવ કરતાં સુંદર નથી.. જમણી તરફ મથાળે ચિત્ર નં. ૪૮માંના કીચકો તથા તે નીચે ચિત્ર૪૯-માંના વૃષભવાહન શિવ ઉત્કૃષ્ટ કોટિના છે.







વધુ મળતો આવે છે. ચિત્ર નં. ૪૪માંના ગણોની આકૃતિઓ, તેમના અલંકાર, તેમના કેશકલાપ વગેરે ગુપ્ત યુગની સ્પષ્ટ અસર બતાવે છે. પણ ટોડલા નીચેની વચલી તકતીમાંની સ્ત્રી-આકૃતિ ચિત્ર નં. ૪૩માંની અંગનાની કારીગરીની તોલે આવી શકે તેમ નથી. એકંદરે વિચાર કરતાં એટલું તો સ્પષ્ટ છે કે પાટણથી ઇડર સુધી એક જ કલાશૈલીની આ લગભગ સમકાલીન કલાકણિકાઓ છે.

ચિત્ર ૪૫માં દર્શાવેલી માતૃકાઓની આકૃતિઓ કંઈક બેડોળ લાગે છે. સ્તનપ્રદેશની નીચેનો કમરબંધ સુધીનો શરીરનો ભાગ કંઇક વામનીકૃત (પ્રમાણ કરતાં નાનો) લાગવાથી અને મુખ, પેડુ વગેરે અવયવો પ્રમાણમાં કંઇક મોટાં હોવાથી બેડોળપણું ભાસે છે. એ રીતના નારી-દેહના પ્રમાણવાળા પાષાણ તથા ધાતુનાં શિલ્પો ગુજરાત, સૌરાષ્ટ્ર અને મારવાડમાં મળે છે, જેને હાલ તો અંદાજે સાતમા-આઠમા સૈકાની કૃતિઓ ગણી શકાય. આમાંની કેટલીક આથી કંઈક જૂની સાબિત થાય તો નવાઈ નહિ; ખાસ કરીને આ શિલ્પમાં (ચિત્ર ૪૫માં) માતૃકાઓનાં આયુધો મૂર્તિશાસ્ત્ર પ્રમાણે નથી, અને તેથી આ આકૃતિઓ માતૃકાઓની છે કે કેમ તે પણ શંકાસ્પદ છે. પણ આ જાતની કેટલીક દ્વિભુજ આકૃતિઓ મથુરાના કુષાણકાલીન અવશેષોમાં છે, જેને ભદ્રા વગેરે નામથી ડૉ. વાસુદેવશરણે ઓળખાવી છે, એ જોતાં આ શિલ્પમાંની દેવીઓને જો માતૃપૂજા કે શક્તિપૂજા સાથે સંબંધ હોય તો જૂની પ્રણાલિકા આ યુગમાં ચાલુ રહી માનવી પડે અને ક્ષત્રપ યુગમાં અહીં પણ મથુરા જેવી દેવીઓની પૂજા હશે એમ સંભવિત ગણાય. વળી આ શિલ્પને આઠમા સૈકામાં મૂકવાને બદલે સાતમા સૈકાના અંતભાગમાં મૂકવાનું પણ વધુ ઉચિત ગણાય.

ચિત્ર ૪૬માંના શિલ્પ માટે કહી શકાય કે એમાં વચ્ચે ગરુડ ઉપર બિરાજેલા વિષ્ણુની આકૃતિ નૃત્ય કરતા ગણ કે દેવદાસી જેટલી સજીવ, માર્દવયુક્ત ને કલામય નથી. પ્રતિમાવિધાનશાસ્ત્ર (iconography)ના નિયમોથી બંધાઈ કલાકારની રસવૃત્તિ કુંઠિત થતી ભાસે છે.

ચિત્ર ૪૭માં રજૂ કરેલા અવશેષમાં, જમણી બાજુના ગોખમાં દર્શાવેલી પદ્માસનસ્થ શિવની આકૃતિ ૪૬ના શિલ્પ કરતાં વધુ સુંદર છે. ચિત્ર ૪૮ના કીચકો ચિત્ર ૪૩ જેટલા જ સુંદર લાગે છે. ચિત્ર ૪૯માં દર્શાવેલી વૃષભવાહન શિવની પ્રતિમા પણ ઉત્કૃષ્ટ શૈલીની છે અને ચિત્ર ૪૩માફક ગુજરાતની શિલ્પકલાનો એક બીજો સુંદર નમૂનો છે.

જો કે પાટણનાં આ સાતે ય શિલ્પોની કલા એકસરખી નથી, એમ ઝીણવટથી જોતાં લાગશે. એક કારણ હથોટીફેર હોઈ શકે. જુદાજુદા શિલ્પીઓના હાથે એક જ સમયમાં કે જુદાજુદા સમયમાં એ બનેલાં તે નક્કી કરવું કઠિન છે. ખાસ કરીને ચિત્ર ૪૫ અને ચિત્ર ૪૬નાં શિલ્પો ચિત્ર ૪૩–૪૪ તેમજ ચિત્ર ૪૮–૪૯ કરતાં કંઈક ઊતરતી કોટિનાં લાગે છે. ચિત્ર ૪૩, ૪૪ અને ૪૮ જેવાંને વનરાજના સમયનાં કે તેથી પણ કંઈક પહેલાંનાં કાળનાં માનવા જેવાં લાગે છે. ગયા અંકમાં બતાવેલી રોડાની બારસાખ અને ચિત્ર ૪૩માં બતાવેલા પાટણની દ્વારશાખાના ટુકડા વચ્ચે સમયનું ઝાઝું અંતર નથી. પાટણનાં આ શિલ્પોમાં જે પ્રાણ છે, ભાવાલેખન છે, લાલિત્ય છે તે સોલંકી યુગનાં આબુ, ગિરનાર, ડભોઈ, ઝાલોર વગેરેનાં શિલ્પોમાં ભાગ્યે જ જોવા મળે છે. સોલંકી યુગનાં એ શિલ્પોમાં અને મધ્યયુગના હિંદના બધા પ્રદેશોની કલાશૈલીઓમાં અલંકારપ્રચુરતા જરૂર છે, સુશોભનોથી ભરપૂર મઢી દીધેલાં મંદિરો પણ મળે છે, પરંતુ રૂપાકૃતિ નિષ્પ્રાણ થતી જાય છે. અજંતાનાં ચિત્રોને, પાછળની રાજપૂત કલમ અથવા કહો કે મધ્યકાલીન તાડપત્રીય અને અન્ય ગ્રંથસ્થ ચિત્રો (miniatures) સાથે સરખાવવાં જેમ ઇષ્ટ નથી, તેમ ગુપ્ત અને ગુપ્તોત્તરકાલીન શિલ્પ-રૂપોને મધ્યકાલીન રૂપો સાથે સરખાવવાં ઇષ્ટ નથી. બંનેનું દૃષ્ટિબિંદુ બદલાઈ જાય છે. પાટણનાં આ શિલ્પો (અને રોડાના અવશેષો) તો ગુજ-



←ડાબી બાજુ: ચિત્ર નં.૫૦ ઈડર રાજ્યમાંથી મળેલું બે માતૃકાઓનું શિલ્પ ગુપ્તોત્તર કાલની ઉત્કૃષ્ટ ગુજરાતી કળાનો નમૂનો છે. જમણી બાજુ મથાળેથી અનુક્રમે આકૃતિ ૫૧, ૫૨, ૫૩ અને ૫૪ –ચારેય ઈડર રાજ્યના શામળાજી પાસેથી દેવની મોરીમાંથી મળેલાં. એનો પરિચય આ નીચે આપ્યો છે.









રાતની પ્રાચીન ભવ્યતા, સૌન્દર્યભાવના અને સંસ્કારિતાનાં પ્રતિનિધિ તરીકે આપણા મનમાં કહી જાય છે કે વનરાજનું ગુજરાત સંસ્કારે ભારતના અન્ય પ્રદેશો જેટલું જ આગળ વધેલું હતું.

હવે ઈડર રાજ્યનાં થોડાં વધુ શિલ્પો જોઇએ. ચિત્ર ૫૦ તરીકે રજૂ થતું શિલ્પ પણ મરકત શિલાનું જ ઘડાએલું છે. એમાં બે માતૃકાઓ, શિશુ સહ ઊભેલી દેખાય છે. વચ્ચે એક સ્તમ્ભ છે જે જુદીજુદી માતૃકાઓને જુદાજુદા ખાનામાં અલગ પાડવાના ઇરાદાથી અને સુંદર સંયોજનના ખયાલથી કોતરાએલો છે. ડાબી બાજુની માતૃકાની વેણી ખભા ઉપર આગળના ભાગે લટકતી બતાવી છે. ભરાવદાર મુખ અને સુદૃઢ બાંધાના આ નારીદેહ સજીવ કંડારેલા છે. મુખ ઉપરનાં ભાવાલેખન પણ એમને વધુ જીવંત બનાવે છે. ગળામાં હજુ ગુપ્તકાલીન એકાવલિ માળા જ છે, પણ સાડી ઉપર કમરબંધથી લટકતી ભરતની ઝૂલ (ઉરુજાલક)અને બે પગ વચ્ચે પાટલીના સ્થાને લટકતી કે ભરતની કિનાર વગેરે ગુપ્તકાલીન અલંકરણોથી જુદા પડે છે; છતાં ગુપ્તયુગથી બહુ પછીના સમયમાં મૂકી શકાય એટલો ફરક આ શિલ્પમાં નથી. તેથી આ શિલ્પને ગુપ્તોત્તર કાલમાં, સાતમા સૈકાના પૂર્વાર્ધમાં મૂકી શકાય. આ જાતની સાતે માતૃકાઓની પ્રતિમાઓ હશે. જેમાંથી આ બે જ બચી છે. ડાબા હાથ તરફથી માતાની બાજુમાં ખંડિત વાહન મોર જેવું લાગે છે તેથી કદાચ તે કૌમારીની પ્રતિમા હશે.

બીજી થોડીક નાનીમોટી ખંડિત શિલ્પાકૃતિઓ દેવની મોરી—શામળાજીથી આણેલી વડોદરા મ્યૂઝિયમમાં છે. તેમાં મોટી ફાંદવાળી વામનસ્વરૂપ બે પુરુષાકૃતિઓ, જેને ડૉ. ગોએત્સે બર્બર શિલ્પ તરીકે ઓળખાવેલી તે ખાસ નોંધપાત્ર છે. ચિત્ર નં. ૫૧માં રજૂ કરેલી આકૃતિનું મસ્તક નથી, પણ તે કોઇ દેવ અથવા રાજવીની હોય એ સ્પષ્ટ છે. ચિત્ર નં. ૫૨ની આકૃતિના પગ ખંડિત થઈ ખોવાઇ ગએલા છે. એ કોઇ યોદ્ધા કે દેવની આકૃતિ છે. એના મુખનો ઘાટ, શરીરનો બાંધો વગેરે જોઈ તત્કાલીન મધ્ય એશિયાઈ હૂણ કે ભારતમાંની કોઈ બર્બર-જંગલી-જાતિના પુરુષનો ખયાલ આવે ને તે કારણથી એને ઈ.સ.ના છઠ્ઠા સૈકાની કે તે પછીની ગણવામાં આવે છે. નં. ૫૧ ૫૨નાં આ શિલ્પો સમકાલીન, અને એક જ શૈલીનાં છે. વાસ્તવિક રીતે ભારતીય કલામાં આવા કદ અને ઘાટના ગણો આ સમય પહેલાંથી જાણીતા છે, એટલે ખાસ હૂણોના ભારતીય વિજય પછીનાં જ આ શિલ્પ હોય એમ ચોક્કસ કહી શકાય નહિ. ખાસ કરીને, આકૃતિ નં.૫૧ના પગ નીચે, પથ્થરના મધ્ય ભાગે જે અક્ષરો કોતર્યા છે તે ગુપ્તકાલીન બ્રાહ્મી લિપિના છે અને તે 'વાયુ' એ રીતે વંચાય છે. આમ તો એ (ગણ) વાયુ દેવતાની પ્રતિમા ગણી શકાય અને લિપિ જોતાં એ મૂર્તિને ગુપ્તકાલની, પાંચમા સૈકાના ઉત્તરાર્ધની ગણવી જોઇએ.

ચિત્ર ૫૩ તરીકે રજૂ કરેલ છબિ એક સ્ત્રી-આકૃતિની છે. એનાં અંગોનો વળાંક પગની પીંડી વગેરે ઠીકઠીક શારીરિક બલનું સૂચન કરે છે. ઘસાએલી આ આકૃતિ છબિમાં દેખાય છે તેથી કંઈક વધુ સુંદર છે. એની વિશિષ્ટતા એના વાસ્તવિક (realistic) ઘડતરમાં છે. અંદાજે આ શિલ્પ ઈ. સ.ના છઠ્ઠા-સાતમા સૈકાનું ગણી શકાય.

ચિત્ર ૫૪ તરીકે રજૂ કરેલી ઉભડક બેઠેલી આકૃતિનું મસ્તક ખંડિત છે, પણ એ સુંદર છે. વળી એ પાષાણની નહિ પણ માટીની બનાવેલી પકવેલી છે. આ જાતનાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં ઉપલબ્ધ મૃત્તિકા-શિલ્પો (terra cottas)માં આ એક અતિ સુંદર નમૂનો છે. ડૉ. ગોએત્ઝ એને ગુપ્તકાલના અંત લગભગનો માને છે. (ચાલુ)

# ખંડોસણનાં પ્રાચીન શિલ્પ



વિસનગરથી સાત માઈલ દૂર આવેલા ખંડોસણમાં એક સુંદર શિલ્પાકૃતિવાળું પ્રાચીન મંદિર છે. એના સભામંડપમાં વિ.સં. ૧૨૦૭નો લેખ છે. અગિયારમી અને બારમી સદી, એ ગુજરાતમાં આવાં સુંદર શિલ્પથી સુશોભિત મંદિરોની રચનાનો કાળ હતો. આ મંદિર પણ એ કાળનો જ નમૂનો છે. લેખમાં જણાવ્યા મુજબ આ સર્વમંગલ (सतमंगला) માતાનું પવિત્ર મંદિર હતું. માર્કણ્ડેય પુરાણના દુર્ગામાહાત્મ્યના નીચેના શ્લોક ઉપરથી આપણે એમ કહી શકીએ કે સર્વમંગલ એ દુર્ગાનું જ એક સ્વરૂપ હશે.

सर्वमङ्गलमाङ्गल्ये शिवे सर्वार्थसाधिके ।
शरण्ये त्र्यम्बके गौरि नारायणि नमोऽस्तु ते ॥

આ મંદિરની રચના બરડિયાના વૈષ્ણવ મંદિરની રચનાને મળતી આવે છે અને તેમાંની ઝીણી કોતરણી આશ્ચર્યજનક છે. એમાં નૃત્ય કરતી સ્ત્રીઓની મૂર્તિઓ, તેના પગના વળાંકો અને કાયાની આકર્ષક ભંગીઓમાં નર્યું કાવ્ય વિલસે છે. ઢોલક, પખવાજ તથા અન્ય વાજિંત્રો વગાડતાં પાત્રો અને દાઢીવાળા પુરુષોની આકૃતિઓ પણ એમાં જણાયછે.તળાવને કાંઠે આવેલા મંદિરને દૂરથી નિહાળતાં સુંદર દૃશ્ય ખડું થાય છે. આવાં અનુપમ લાવણ્યથી ભરેલાં મંદિરો જોતાં એ કાળની ભવ્યતા ને ગૌરવ સ્પષ્ટ થાય છે. તેનો પથ્થરેપથ્થર પ્રાણવંત બની એ યુગની કલાપિપાસા વ્યક્ત કરે છે. —ચિત્તરંજન આચાર્ય







મહારાષ્ટ્રના જાણીતા લેખક, નાટકકાર, દિગ્દર્શક, વિવેચક, કવિ ને શિક્ષણશાસ્ત્રી **આચાર્ય અત્રે** લિખિત

# મારા શિક્ષકજીવનનાં સંસ્મરણો

[ ઉપર વર્ણવેલી વિવિધ કારકિર્દીઓને સફળરીતે વરનાર આચાર્ય પ્રહ્લાદ કેશવ અત્રે [બી. એ., બી. ટી., ટી. ડી. (લંડન)]-નો જન્મ ઈ. ૧૮૯૮માં થયો હતો. પૂનાની 'કૅમ્પ એડ્યુકેશન સોસાઍટી'ની હાઇસ્કૂલના પ્રિન્સિપલપદેથી પોતાની અદ્ભુત અધ્યાપન કુશળતા ને વ્યવસ્થાશક્તિથી તેમણે તે શાળાને ઊંચી સ્થિતિએ પહોંચાડેલી. બાદ તેમણે પૂનામાં માત્ર સ્ત્રીઓ માટેની 'આગરકર હાઇસ્કૂલ' સ્થાપી. નાનપણથી જ તેઓ 'કેશવકુમાર' અથવા 'ટોપણ' ઉપનામે કવિતાઓ લખતા, જે તેના સહજ માર્મિક વિનોદ માટે સૌ કોઇનું ધ્યાન ખેંચતી. રંગભૂમિની પડતીના સમયે સીનેમાની વિનોદી ને ચોટદાર પટકથાઓ લખીને તેમણે તેને પુનર્જીવિત કરી તેમાં નવો પ્રાણ ફૂંક્યો. પટકથાલેખક તરીકે તેમનું નામ હિંદભરમાં મશહૂર ને અગ્રગણ્ય છે. પહેલાં 'હંસ', પછી 'નવયુગ' અને હાલ પોતાના નામની ફિલ્મ કંપની દ્વારા તેઓ પોતાની પટકથાઓ લોકો આગળ રજૂ કરે છે. સફળ પટકથાલેખક ઉપરાંત તેઓ સફળ દિગ્દર્શક પણ છે. આ સિવાય 'નવયુગ' સાપ્તાહિક અને 'સમીક્ષક' માસિકના તેઓ સંપાદક હતા. હાલ તેઓ 'અત્રે પ્રિન્ટિંગ પ્રેસ' નામે મુદ્રણાલય પણ ચલાવે છે. મરાઠી ઉપરાંત હિંદીમાં પણ તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં છે.]

**ચાર બાવડી સંસ્કૃતિ**

★

**સોટીનો યજ્ઞ**

★

**માખીઓ પકડવાનો કાગળ**

**પૂ**ના આવ્યા પછી શું કરવું એ પ્રશ્ન મારી સામે ખડો થયો. પણ શિક્ષકના ધંધા સિવાય બીજું મને આવડે એવું યે શું હતું? મેં પાંચ-સાત અરજી ઘસડી કાઢી ને પૂનાની પ્રત્યેક શાળા પર મોકલાવી. પંદર દિવસ ચાલ્યા ગયા, પણ એકે ય શાળા તરફથી જવાબ આવે તો સોગંદ છે! આમ અરજી કર્યે પૂનામાં ક્યાં નોકરી મળે છે? હું હતાશ થઇ શાંત બેઠો. એટલામાં એક વાર મારા એક ઓળખીતા સજ્જન મને લશ્કર(કૅમ્પ)માં રહેતા એક ગૃહસ્થ પાસે લઈ ગયા. એ ગૃહસ્થનું નામ બાળાસાહેબ મ્હસ્કે. પૂનામાં પહેલાં ગંગારામ ભાઉ કરીને એક નામાંકિત વકીલ થઈ ગયા, તેમના એ ચિરંજીવી. ખૂબ સુખસમૃદ્ધ ને આરોગ્યસંપન્ન માણસ. 'કૅમ્પ એડ્યુકેશન સોસાઍટી' નામની એક જૂની સંસ્થા કૅમ્પમાં હતી. પછાત વર્ગના છોકરાઓને શિક્ષણ આપવા ઈ. ૧૮૮૯માં તે સ્થપાએલી. તેના એ સેક્રેટરી હતા. લશ્કરના મોટામોટા માણસો એના સભાસદ હતા. પણ સંસ્થામાં શું ચાલે છે તેનો કોઇને પત્તો જ લાગતો નહિ. આથી અંગ્રેજી પાંચમીથી આગળ એ શાળાનો વિકાસ થઈ શકેલો નહિ. વળી સારા શિક્ષકો પણ શાળામાં આવતા નહિ, ને કદાચ આવે તો વરસથી વધુ વખત ટકતા નહિ. દર વરસે આ શાળાની 'હેડમાસ્તર જોઇએ છે' એવી જાહેરખબર સ્થાનિક વર્તમાનપત્રમાં હોય જ. આ જ જગ્યા મને અપાવવા માટે મારા મિત્ર મને બાળાસાહેબ પાસે લઈ જતા હતા.

બાળાસાહેબ પોતાના અંધારા દીવાનખાનામાં એક કૅાચ ઉપર સ્વસ્થતાથી પડ્યા હતા. તેમનો કાળો વર્ણ અને સ્થૂળ શરીર એ અંધારિયા દીવાનખાનાને શોભે એવાં જ હતાં. તેમના નાકનાં બંને નસકોરાં તપખીરથી ભરેલાં હતાં, ને થોડીઘણી તપખીર કપડાં પર વેરાએલી હતી. મારી ઓળખાણ મારા મિત્રે આગળથી જ આપી દીધેલી હતી, એટલે મને જોતાંવેંત તપખીરનો સડાકો લેતાં એ બોલ્યા, 'જુઓ માસ્તર, અમારી શાળા ગરીબ છે. અહીં મુંબઈ જેવો પગાર નહિ મળે!' મેં કહ્યું, 'પગાર બાબત મારે કશી જ પંચાત નથી; તમે જે આપશો તે મારે કબૂલ છે!'

મારા આ ઉત્તરથી બાળાસાહેબ ખુશ થયા. એટલા બધા કે એ આનંદના ઊભરામાં મહિને પાંત્રીસ રૂપિયાના પગારે મારી તેમણે ત્યાં ને ત્યાં જ હેડમાસ્તર તરીકે નિમણૂક કરી નાખી! મારા પગારનો એ 'ગૌરવપૂર્ણ' આંકડો સાંભળતાં પાણીમાં ડૂબી મરવા જેટલી મને શરમ થઈ, પણ કંઈ બોલ્યો નહિ. થયું, ચાલો પાંત્રીસ તો પાંત્રીસ. ગામની નિશાળમાં પચાસ રૂપિયાના આસિસ્ટંટ થવું એ કરતાં લશ્કરની આ શાળામાં પાંત્રીસ રૂપિયાના હેડમાસ્તર થવું શું ખોટું? વડોદરાના દીવાન થવા કરતાં ભોર સંસ્થાનના રાજા થવું જ બહેતર! બીજા દિવસથી મેં 'કૅમ્પ એડ્યુકેશન સોસાઍટી'ના હેડમાસ્તરપદનાં સૂત્રો હાથ લીધાં.

આ શાળાના સ્વરૂપનો ખયાલ તેની ભૌગોલિક પાર્શ્વભૂમિ ધ્યાનમાં લીધા વિના નહિ આવે. પૂના શહેરના ચોખ્ખા બે ભાગ પડે છે: એક ગામ (સિટી), અને બીજું લશ્કર (કૅમ્પ), આ બંને ભાગને એકબીજા સાથે જરા યે સામ્ય નથી. ગામમાંથી લશ્કરમાં જઇએ કે લશ્કરમાંથી ગામમાં આવીએ એટલે એક દેશમાંથી બીજા દેશમાં ગયા જેવું લાગે. 'સિટી'નો વિકાસ પેશ્વાઈ રાજ્ય સમયે થએલો હોઈ બ્રાહ્મણી સંસ્કૃતિની તેના પર દૃઢ છાપ પડેલી છે; જ્યારે કૅમ્પની વસતિ ગોરા લશ્કરની જરૂરતમાંથી ઊભી થઇ હોઈ તેના ઉપર સાહેબશાહી સંસ્કૃતિની છાપ સ્પષ્ટ દેખાઈ આવે છે. 'સિટી'માં પેઠની રચના ન્યાત-જાતનાં તત્ત્વો ઉપર થઈ છે, જ્યારે સાહેબોને ન્યાત-જાતના કાંઈ વિધિનિષેધ ન હોવાને લીધે કૅમ્પમાં અઢારે વર્ણ ભેગા થયા હોય એમ લાગે છે. સિટીમાં ગલીએ ગલીએ ને રસ્તે રસ્તે હિંદુ દેવદેવીઓનાં પ્રદર્શન ભર્યાં હોય એવું લાગે છે, ને તેમાં કોઈ એકાદ 'તાંબોળી મસીદ' રસ્તો ભૂલીને પેસી ગઇ હોય એમ લાગે છે, જ્યારે કૅમ્પમાં ઠેકઠેકાણે ખ્રિસ્તી અને યહૂદી લોકોનાં ઊંચાં શિખરવાળાં દેવળો ને તેમાં વચ્ચે વચ્ચે વેરાએલાં પડેલાં મુસલમાનોનાં પીર અને મસ્જિદ જોતાં આપણને જાણે જેરૂસલેમમાં આવ્યા હોઇએ એવો ભાસ થાય છે.

મ્યુનિસિપાલિટીના ઢીલા ને લાગવગિયા કારભારનું નિતાંત પ્રતિબિંબ 'સિટી'માં બધે જ દેખાઈ આવે છે, જ્યારે લશ્કરી કાયદાની એકહથ્થુ સત્તાનો દમામ ને દેખાવ કૅમ્પના વાતાવરણમાં પગલેપગલે દેખાઈ આવે છે. ઘર, રસ્તા, દુકાન, હૉટેલ, વાહન, રાહદારી, સ્વચ્છતા અને સૌંદર્ય આ બધી દૃષ્ટિએ સિટી અને કૅમ્પ વચ્ચે જમીન-આસમાનનો તફાવત છે. સાહેબી ટોપી ને બૂટ-સૂટનો સિટીવાળાને જેટલો કંટાળો તેટલો જ કંટાળો કૅમ્પવાળાને પૂનાનાં પાઘડી, ધોતિયું ને જોડાનો છે! હાથમાં ફૂમીનો દડો ને કાખમાં કેળનાં પાંદડાં લઈ જતા માણસને જોઈ સિટીના માણસને જે લાગે તે જ, હાથમાં ઊંધી મરઘી ને બગલમાં બ્રૅન્ડીની બાટલી લઇને જતા માણસને જોઈ કૅમ્પના

માણસોને લાગે. 'મથુરાભુવન'માં કે મામા બાસુદીવાળાની દુકાનમાં દૂધનો પ્યાલો ને બાસુદી સિટીના ઘરાકો જેટલા નિર્ભયપણે માણે તેટલી જ સ્વસ્થતાથી 'કૉર્નેલિયા' કે 'મ્યુરેટોર'માં જઈ કૅમ્પના લોકો બીઅર કે વ્હિસ્કી પીએ છે. હાથમાં 'केसरी' અને 'ज्ञानप्रकाश' લઈ દેશના રાજકારણ વિષે મોટી મોટી ચર્ચા કરતા બેઠેલા લોકોની ટોળી જેમ સિટીમાં ઠેકઠેકાણે મળી આવે, તેમ હાથમાં 'લખપતિ' કે 'મોતી વધારો' લઈ આવતી કાલની શરતમાં કયો ઘોડો 'વિન' આવશે ને કયો 'પ્લેસ' આવશે એવી અશ્વકારણની ચર્ચા કૅમ્પમાં રસ્તે રસ્તે સાંભળવા મળે. સભાસંમેલન ને વ્યાખ્યાનો જેમ સિટીમાં બારે મહિના ચાલતાં હોય છે, તેમ વર્ષાઋતુમાં ઘોડાની શરતની 'સીઝન' પૂનામાં શરૂ થતાં જ કૅમ્પના લોકોના ઉત્સાહમાં અમર્યાદ ભરતી આવે છે. સિટીમાં દિ' ને રાત મરાઠી ભાષા સિવાય બીજો એક પણ શબ્દ સંભળાવાનો નહિ, જ્યારે કૅમ્પમાં જનતાનો એકેએક વ્યવહાર સામાન્યતઃ અંગ્રેજી કે હિંદીમાં જ ચાલતો હોય છે.

આમ સિટી ને કૅમ્પ એ પૂનાના બે ભાગ એટલે જાણે બે સ્વતંત્ર રાષ્ટ્ર જ છે. બંનેના આચાર નિરાળા, વિચાર નિરાળા અને સંસ્કૃતિ પણ નિરાળી. સિટી એટલે સનાતની આચારવિચારનો પ્રચંડ કિલ્લો, ત્યારે કૅમ્પ એટલે સર્વ સામાજિક બંધનમુક્તિનો પ્રચંડ મોખરો! આર્થિક કે સાંસ્કૃતિક કોઈ દૃષ્ટિએ આ બંને ભાગોને એકબીજા સાથે કાંઈ જ સ્નાનસૂતક નથી એમ કહીએ તો પણ ચાલે. કોઈ વાર સિટીનો કોઈ બ્રાહ્મણ અભક્ષ્યભક્ષણ કે અપેયપાન કરવા માટે કૅમ્પમાં જતો હશે ને કોઈવાર કૅમ્પનો કોઈ પારસી મંડઇમાં શાકભાજી લેવા જતો હશે કે કોઈ પોતાનું ખડી ગએલું હાડકું બેસાડાવવા 'લિમયે મહારાજ' પાસે આવતો હશે, એટલું જ.

આવા આ કૅમ્પના વાતાવરણમાં, ઈ. સ. ૧૯૨૨ના જાન્યુઆરી મહિનામાં મેં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં મારા જીવનનાં મહત્ત્વનાં અઢાર વર્ષ જવાનાં છે તેની મને જરા યે કલ્પના ન હતી!

'ગામ' અને 'લશ્કર' બંનેની સરહદ ઉપર 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી'એ શાળાનું મકાન બંધાવેલું છે, અને તેથી બે પરસ્પર વિરોધી સંસ્કૃતિના સંગમનું અત્યંત હલકું અને ગંદું સ્વરૂપ ત્યાં દેખાઈ આવે છે. બે નદીનો જ્યાં સંગમ થાય છે ત્યાં વિસ્તીર્ણ જલાશય નિર્માણ થાય છે, તો જ્યાં બે સંસ્કૃતિનો સંગમ થાય છે ત્યાં બે સંસ્કૃતિની બધી અનિષ્ટ વસ્તુઓનો ઉકરડો ભેગો થાય છે. આ સીમાવિભાગનું 'ચાર વાવડી' એવું નામ છે. મહાદજી શિંદેએ પોતાના લશ્કરના ઘોડાઓને પાણી પાવા માટે અહીં ચાર અવેડાઓ બાંધ્યા હતા એમ કહેવાય છે. અવેડાઓ તો પુરાઇ ગયા, પણ તેની કીર્તિ હજી અખંડ છે. છતાં યે, 'ચાર વાવડી' કરતાં 'ચોર વાવડી' એ નામ જ આ ભાગને વિશેષ શોભે એવું છે; કેમકે સિટી અને કૅમ્પના વિઘ્નખોર અને ઉડાણટપ્પુ લોકોનો અનેક વર્ષોથી એ 'ચોરો' બની ગયો હતો! તેમાં યે 'બાબાજાન' નામની એક વૃદ્ધ ઓલિયા સ્ત્રીએ આ જગ્યાને પોતાનું નિવાસસ્થાન બનાવ્યા પછી તો સાંજે ને સવારે તેનાં દર્શન માટે આવનારા હિંદુ-મુસલમાન ભક્તોનો ત્યાં મેળો જ ભરાય છે હાર્મોનિયમના બેસૂરા સૂરમાં તાર સપ્તકમાં કવાલી ગાંગરતું કોઈ ને કોઈ તો બાબાજાન સામે હમેશાં બેઠું જ હોય. તેની પાછળના ખુલ્લા મેદાનમાં એક બાજુ ફકીર, વેરાગી, ભિખારી અને મહારોગી એ કાયમના અડ્ડા જમાવીને બેઠા તો બીજી બાજુ જુદીજુદી જાતના ધંધા ચાલતા હોય. હજામો હોય. કોઇનું ને કોઇનું માથું પકડીને બેઠા હોય, પઠાણી લોકો 'લોખંડી ગોળા' ફેંકી પોતાની શક્તિના ખેલ કરી રહ્યા હોય! બીજી બાજુ મદારીનો કે દોરી ઉપર ચાલવાનો ખેલ ચાલતો ન હોય એવો ભાગ્યે જ કોઈ દિવસ જતો હશે. કોઇ કોઈ વાર દવાની જાહેરાત કરનારાઓ વિચિત્ર પહેરવેશ પહેરી લાવી એવું પ્રચંડ ટોળું ભેગું કરતા કે વાત ન પૂછો. મહોરમના દિવસોમાં 'વાઘ' રંગવાનું કામ દિવસભર ચાલે, ને રાત્રે એ 'વાઘ' બેહોશ બનીને પાછા આવે ત્યારે તેને ધોઈને શુદ્ધિ ઉપર લાવવાનું કામ પણ ત્યાં જ થાય.

ચાર વાવડીનું આવું વિસ્તારથી વર્ણન કરવાનું કારણ એ કે આવા ભયાનક ચોરા આગળ 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી'નું મકાન હોવાથી તેનાં જીવન અને કાર્ય બંને ઉપર આ 'ચાર વાવડી સંસ્કૃતિ'ની મલિન છાયા પડી હતી. આથી એ શાળાના છોકરાઓમાં શિસ્ત જાળવવી અને તેમને શિક્ષણ આપવું એ તદ્દન અશક્ય બની ગયું હતું. ચાર વાવડીના મેદાનમાં ચોકો જમાવીને બેઠેલા ફકીર, ભિખારી, મહારોગી અને મવાલી વર્ગોને 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી' સાથે વિલક્ષણ આત્મીયતા લાગતી; કારણ બહાર છોકરાઓને ડ્રિલ શીખવવા લઈ જઈએ કે સૌથી પહેલી આ માણસોની ગરદી ત્યાં જોવા માટે થાય; એટલું જ નહિ, પણ ડ્રિલ-માસ્તરને વચ્ચે વચ્ચે સૂચના પણ આપે! વર્ગમાં શિક્ષક પાઠ શીખવવા માંડે કે બહાર બારણા આગળ ઊભી રહી આ મંડળી એમની પ્રશંસા કરે. અને શાળા બંધ થાય કે તરત ચારવાવડીના આ ભયંકર નિવાસીઓ શાળાના પ્રશસ્ત મકાનમાં જ સાંજના સાતથી સવારના નવ વાગ્યા સુધી નિવાસ કરે, એટલે રાતના તેમનું ખાવાનું પીવાનું તેમજ ઇતર શારીરિક વિધિ વગેરે આરામથી શાળાના આંગણામાં જ ચાલે!

શાળાનાં સૂત્રો હાથમાં લીધા પછી આ 'ચાર વાવડી સંસ્કૃતિ'નું આક્રમણ કઈ રીતે અટકાવવું તેનો હું વિચાર કરવા લાગ્યો. પહેલાં તો બે ચોકીદારો રાત પૂરતા રાખ્યા ને રોજ રાત્રે શાળાના મકાનમાં ઘૂસનારા ભિખારીઓ તથા મવાલીઓનો પ્રસારો બંધ કરાવ્યો. તેઓએ ચોકીદારો સાથે તોફાનો કરવાનો પ્રયત્ન કર્યો, પણ એ માટે થોડા દિવસ પોલીસોને લાવવા પડ્યા, ને થોડા મહિના બાદ કાંટાવાળા તારનું પાકું કૅમ્પાઉન્ડ જ કરાવી લીધા પછી તો એ પંચાત સાવ ગઈ.

આ શાળા અંગ્રેજી પાંચમી સુધી જ હતી, છતાં વિદ્યાર્થીઓ ઉમરમાં મોટા અને શરીરે મજબૂત હતા. શિક્ષકોને તો એ જરા યે ગાંઠતા નહિ. સાઇકલ ઉપર બેસી લૉબીમાં ખુશીથી ચક્કરો લગાવતા! વર્ગમાંથી મન ફાવે ત્યારે બહાર નીકળી જતા. બહાર મદારી કે માકડાંનો ખેલ થાય એટલે અર્ધી નિશાળ ખાલી થઈ જાય. રિસેસમાં કેટલાક વિદ્યાર્થીઓ બહાર જઈ બીડી પીતા, નહિ તો જુગાર રમતા. રેઈસના દિવસ હોય ત્યારે તો ઘણા છોકરા નિશાળે જ ન આવે. કોઈક રેઈસ-ગ્રાઉન્ડ ઉપર કામ કરી પૈસા મેળવતા, તો કેટલાક રેઈસ જોતા ઊભા રહેતા. જાણે કોઈ ગુનેગાર છોકરાઓની શાળા (reformatory)માં આવ્યો હોઉં એવું જ શરૂઆતમાં મને તો લાગ્યું!

આફ્રિકાના જંગલમાં જઈ ત્યાંના જંગલી લોકોને સુધારવાના મિશનરીઓના કામ કરતાં યે મારું કામ મને અઘરું લાગ્યું. મેં વિચાર કર્યો કે અહીં પોપાબાઈની જેમ કામ કર્યે નહિ ચાલે; હાથમાં દંડો લઈ રુદ્ર સ્વરૂપ બતાવીશું તો જ પત્તો ખાશે.

એટલે એક દિવસ સવારે અગિયાર વાગ્યે પહેલો ઘંટ વાગવાને શુમારે નેતરની એક લાંબી ને જાડી સોટી લઈ હું લૉબીમાં દાખલ થયો. મારા હાથમાં એ તેજસ્વી આયુધ જોતાં જ પોણા ભાગના છોકરાઓના છક્કા છૂટી ગયા. આજ સુધીમાં સોટી લઇને ફરનારા આવા શિક્ષક તેમણે કદી જોયા ન હતા. પણ જે મોટી ઉમરના અને રીઢા બની ગએલા છોકરાઓ હતા તેમણે મારી સોટીની જરા યે દરકાર ન કરી. તેમનો રોજનો ધંધો ચાલુ જ હતો. મારી સોટીને જાણે તેમણે આહ-

વાન જ આપ્યું! છતાં પહેલે દિવસે મેં સોટીનો ઉપયોગ જ ન કર્યો.

પણ બીજે દિવસે સોટીનો યજ્ઞ મેં નિર્દયપણે શરૂ કર્યો. મોડા આવનારા, મન ફાવે ત્યારે બહાર જનારા, વર્ગમાં ગાળાગાળી ને મારામારી કરનારા, એકેએકને દયા-માયા રાખ્યા વગર ઝૂડયા! કોઈ પણ જાતના નાનાસૂના ગુના માટે યે ક્ષમા ન કરવી એવું ધોરણ મેં સ્વીકાર્યું. પાંચમા ધોરણમાં બેચાર 'દાદા'ઓ હતા. તેઓ ઊંચાઈ ને શરીરમાં મારા જેવા જ હતા. તેમણે હાથ લાંબો કરવાની ના પાડી, એટલે મેં સોટી નીચે નાખી દીધી, ને એકેકના ગાલ ઉપર એવી તો ચોડી દીધી કે એ વાત એના ગાલ ને મારો હાથ બે જ જાણે છે!

સાત દિવસમાં તો મેં આખી શાળાને સૂતર જેવી સરળ કરી દીધી, અને 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી'માં કોઈ 'ભયંકર' હેડ માસ્તર આવ્યો છે એવી વાત આખા કૅમ્પમાં ફેલાઈ ગઈ. કેટલાક પાલકોએ શાળામાં આવી મને અભિનંદન આપ્યાં, તો કેટલાકે મારી વિરુદ્ધ બાળાસાહેબ પાસે જઈ ફરિયાદ કરી. પણ એ દિવસે ખુદ બાળાસાહેબના જ બે છોકરાને મેં ડપકારીને કાઢી મૂક્યા હતા, એટલે એ પોતે જ દીવાનખાનામાં મિયાંની મીંદડી થઈને બેઠા હતા. નિરાળમાં આવીને મને પૂછવાની યે એમનામાં હિંમત ન હતી.

પરિણામે, શાળાના વાતાવરણમાં થએલો આકાશપાતાળ જેવો તફાવત કોઈ પણના ખયાલમાં આવે એવો હતો. તેથી કોઈને મારું આ 'મારવાનું' ધોરણ નાપસંદ હોય તો પણ તેનો ઉઘાડો નિષેધ એ કરી શકતા ન હતા. છોકરાઓને પણ મનમાં શિસ્ત પ્રત્યે તો ભાવ જ હોય છે. સ્વભાવે જ કાંઈ તેઓ દુર્વર્તની નથી હોતા. શાળાના વાતાવરણમાં ફરક પડી ગયો છે એમ તેઓના ખયાલમાં આવતાં તેઓ જાતે જ આવીને મને કામમાં સહકાર આપવા લાગ્યા. એટલે પછી સોટી વાપરવાનું કશું કારણ જ રહ્યું નહિ. હું શાળાની લૉબીમાં જ માત્ર ઊભો રહું કે સર્વ વર્ગ શાંતપણે પોતપોતાનું કામ કરવા લાગતા. આમ, મારી પ્રખર વ્યક્તિમત્તાનો પ્રભાવ જે પ્રારંભમાં જ એક વાર પ્રસ્થાપિત થયો તે હું શાળામાં અઢાર વરસ રહ્યો ત્યાં સુધી કાયમ રહ્યો.

આધુનિક શિક્ષણશાસ્ત્રમાં સોટીનો અથવા શારીરિક શિક્ષાનો ઉપયોગ નિષિદ્ધ મનાય છે. 'નવી શિસ્ત'ની ઇમારત પ્રેમના પાયા ઉપર કરવામાં આવી છે. છતાં યે, કયા છોકરાની બાબતમાં કયા સાધનનો ઉપયોગ કરવો એ તે છોકરાની માનસિક ને સાંસ્કૃતિક કક્ષા ઉપર આધાર રાખે છે. એ બાબતમાં કોઈ એક જડબેસલાક નિયમો ઠોકી બેસાડાય નહિ સદ્‌હેતુથી કરેલી શારીરિક શિક્ષાથી છોકરાંને દુઃખ થતું નથી. છોકરાંઓને શિક્ષકો પ્રત્યે સ્નેહ થાય અને તેમની ધાક પણ લાગે એવા મતનો હું છું. અર્થાત્ 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી'ની શાળામાં પ્રારંભિક શિસ્ત સ્થાપિત કરવા જે અઘોરી ઉપાયોનો આશરો લીધો, એનું મૂલ્યાંકન એ વખતની ત્યાંની અપવાદાત્મક પરિસ્થિતિ લક્ષમાં લઈને જ કરવું જોઈએ. તેમાંથી 'તાત્પર્ય' કાઢવાનું કે તેના ઉપર 'શેરો' મારવાનું અત્યારે કાંઈ જ કારણ નથી.

એટલામાં વાર્ષિક પરીક્ષા પૂરી થઈ અને નવું વર્ષ શરૂ થયું. એ વખતે એપ્રિલ મહિનામાં શાળાનું વર્ષ શરૂ થતું. મેં શાળાનું સંપૂર્ણ હાઈસ્કૂલમાં રૂપાન્તર કરવાનું નક્કી કર્યું ને એ પ્રમાણે વર્તમાનપત્રમાં જાહેરાત પણ આપી. છઠ્ઠી ને સાતમી અંગ્રેજીમાં વિદ્યાર્થીઓનો એવો ધસારો થયો કે પૂછો મા! કૅમ્પના કેટલાક છોકરાઓ સિટીની શાળામાં જતા હતા, તેમને ખબર પડતાં તેઓ પણ અહીં આવ્યા. છોકરીઓને પણ દાખલ કરવાનું મેં નક્કી કર્યું હતું.

એક મહિનામાં છોકરાઓની સંખ્યા સો સવાસોથી ત્રણસો ઉપર ગઈ. સુસંસ્કૃત ને સંપન્ન કુટુંબના છોકરાઓનું પ્રમાણ પણ વધ્યું. ઉત્તમ અને વ્યવસ્થિત પોષાક પહેરીને તેમજ સુઘડ ટાપટીપ સાથે વિદ્યાર્થીઓ શાળામાં આવવા લાગ્યા, ને તેથી શાળાનો અગાઉનો ચહેરોમહેરો સંપૂર્ણ બદલાઈ ગયો. પણ શાળાના આ નવીન રૂપાંતરમાં જૂના શિક્ષકો મોટી આડખીલી રૂપ થવા લાગ્યા. એમને કેમ કાઢવા? મોટા ભાગના તો બાળાસાહેબની લાગવગથી ચિટકી રહ્યા હતા, ને એમાંના કેટલાક તો એવા નમૂનેદાર હતા!

એક શિક્ષક વર્ગમાં ભૂગોળ શીખવતા હતા. તેમણે કહ્યું, 'વિદ્યાર્થીઓ, દિશાઓ બે પ્રકારની હોય છે: એક જમીન ઉપરની અને બીજી નકશામાંની. જમીન ઉપર સૂર્ય તરફ મોઢું રાખીને આપણે ઊભા રહીએ તો 'જમવાના' હાથ બાજુ દક્ષિણ, અને 'ધોવાના' હાથ બાજુ ઉત્તર! પણ નકશામાં માથા તરફ ઉત્તર અને ટાંગા તરફ દક્ષિણ. એવી ગંમત છે!' મેં માસ્તરને એ 'ગંમત' તાબડતોબ બંધ કરવાનું કહ્યું.

એક શિક્ષક ઇતિહાસ શીખવતા હતા. તેમણે છોકરાઓને પૂછ્યું, આર્ય લોકો હિંદુસ્તાનમાં પ્રથમ કેટલા આવ્યા?'

'એક લાખ તેર હજાર પાંચસો એકવીસ.' એક છોકરાએ કહ્યું.

'ખોટું!' શિક્ષક ગર્જ્યા.

'એક લાખ તેર હજાર પાંચસો ઓગણીસ.' બીજા છોકરાએ કહ્યું.

'ખોટું!' ફરીથી શિક્ષકે રાડ પાડીને કહ્યું.

કોઈ છોકરો બરાબર જવાબ આપી શક્યો નહિ, એટલે પછી શિક્ષક બોલ્યા, 'હવે હું કહું છું. એક લાખ તેર હજાર પાંચસો ને વીસ!'

મેં એ શિક્ષકને કહ્યું, માસ્તર, એકાદો આર્ય વત્તોઓછો થયો તો એમાં તમને તમારો પોતાનો જ પૂર્વજ રહી ગયો કે વિનાકારણ વધ્યો હોય એવું શું કામ લાગવું જોઈએ? પાંચસો વીસ હોય કે પાંચસો ઓગણીસ હોય!'

'છટ્! છટ!' એ શિક્ષકે કહ્યું, 'એ તે કેમ ચાલે? પુસ્તકમાં જે આંકડો આપ્યો છે તેમાં વત્તુંઓછું કરવાનો કોઈને અધિકાર નથી!'

બીજા એક મરાઠી શિક્ષક વિદ્યાર્થીઓને વર્ગમાં પોતાને ફાવે તેવી બીભત્સ ગાળો દેતા. તેના ઉચ્ચારો સાવ ગામડી. એક દિવસ એક પાલક લાલ આંખો કરતા ક્રોધે ધૂંવાંફૂંવાં થતા પોતાના છોકરા સાથે મારી ઑફિસમાં આવ્યા અને બોલ્યા, 'જુઓ સાહેબ, તમારો કોણ છે એ માસ્તર? એને તાકીદ આપો. કાલે તેણે મારા છોકરાને ખૂબ ભૂંડાબોલી ગાળો દીધી!' મેં માસ્તરને તાબડતોબ બોલાવ્યો ને પૂછ્યું, 'કેમ માસ્તર, કહે છે કે તમે વર્ગમાં ખરાબ ગાળો બોલો છો?'

ખૂબ જ ભયંકર આરોપ પોતાના પર થયો હોય તેવો ખિન્ન ચહેરો કરી એ માસ્તર બોલ્યા, 'હું? અને ગાળો દઉં છું? કોણ સાલો—'

'હં, હં, માસ્તર!' મેં એને વચ્ચે અટકાવીને કહ્યું, 'આ પાલક પોતે જ કહે છે કે કાલે તમે એના છોકરાને ગાળો દીધી!'

માસ્તરે ચકળવકળ ડોળા ફેરવી એ છોકરાની ડોક પકડીને કહ્યું, 'કેમ લ્યા,! કઈ ગાળ તને મેં કાલે દીધી,......ના!'

આ છેલ્લો શબ્દ સાંભળતાં પાલકે માસ્તરની ડોક પકડી. એમને બંનેને મારામારી કરતાં છોડાવતાં મને પણ સાત-પાંચ થઈ ગઈ!

શાળાનો એક કારકુન પણ આ શિક્ષક જેવો જ વિચિત્ર હતો. મરાઠી શાળામાંથી અંગ્રેજી શાળામાં ભણવા આવનારા વિદ્યાર્થીઓનાં મરાઠી નામોનું પણ તેણે અંગ્રેજી ભાષાંતર કરી નાખેલું. બાબુ કૃષ્ણા તેલીનું 'બાબુ કૃષ્ણા ઑઇલ-મૅન'; મહાદેવ બિકોબા સોનારાનું 'મહાદેવ બિકોબા ગોલ્ડસ્મિથ' અને વિષ્ણુ શિવરામ ન્હાવીનું 'વિષ્ણુ શિવરામ બાર્બર!' કૅટલૉગ તપાસતાં ઑઈલ મૅન, ગૉલ્ડસ્મિથ, બાર્બર એ અટકો જોતાં જ હું ચમક્યો. કારકુનને મેં પૂછ્યું, 'અરે! આ બધી શી ધાંધલ છે?' કારકુને વિનયથી જવાબ આપ્યો, 'મેં જ એ અટકો

બદલી છે. હમણાં શાળામાં બધી રીતે સુધારા થવા માંડ્યો છે, એટલે મને પણ લાગ્યું કે મારે પણ થોડો સહકાર આપવો!' તેનો આ ખુલાસો સાંભળી મને પણ હસવું કે રડવું એ જ સૂઝ્યું નહિ.

બધા શિક્ષકોની મેં સભા બોલાવી ને મારી શી અપેક્ષા છે એ તેમને સર્વને સમજાવી. આ સાંભળતાં જ કેટલાક જૂના શિક્ષકો આ વાતાવરણમાં પોતાનો પત્તો ખાય એમ નથી એમ લાગવાથી પોતાની મેળે જ નીકળી ગયા. કેટલાકને મેં મારી સત્તાથી જવાનું કહ્યું. એક શિક્ષક સ્વભાવે ખૂબ સજ્જન હતા, પણ ભણાવતાં જ આવડે નહિ. તેને કેમ કાઢવા તેની મૂંઝવણમાં હું હતો, એટલામાં તેના પિતાશ્રીનું અવસાન થયાનો તાર આવ્યો. તેણે મને કહ્યું, 'મારા પિતાજી મરણ પામ્યા છે, એટલે મારે નોકરી છોડીને મારે ગામ જવું જ પડશે. ત્યાં સંભાળ રાખનાર કોઈ નથી. મને મનમાં થયું, 'ટાઢે પાણીએ ખસ ગઇ!'

કદાચ એ એનો વિચાર બદલે નહિ એ માટે એ જ દિવસે તેને વિદાય આપવા મેં એકદમ સભા બોલાવી. સભામાં સહજ જ એ શિક્ષકના ગુણોની અતિશયોક્તિભરી પ્રશંસા કરવામાં આવી ને 'આવા શિક્ષક આજે આપણને છોડીને જાય છે એ ખૂબ દુ:ખની વાત છે.' એવા ઔપચારિક ઉદ્‌ગારો પ્રત્યેક વક્તાએ કાઢ્યા.

આ ઉદ્‌ગારોની એ શિક્ષક ઉપર ભળતી જ અસર થઈ. ઉત્તર દેતાં તે ગદ્‌ગદિત સ્વરે બોલ્યા, 'આપના બધાનો મારા ઉપર આટલો પ્રેમ હશે એની મને કલ્પના જ ન હતી. હું જઉં છું એ વાતથી આપને આ-ટલું બધું દુ:ખ થાય છે તે જોઇને અત્યારે હું એવી પ્રતિજ્ઞા કરું છું કે આ જન્મમાં હું કોઈ દિવસ આ શાળાની નોકરી છોડીને જઇશ નહિ!'

એમની આ પ્રતિજ્ઞા સાંભળી હું મારી જગા ઉપર જ બે ફૂટ ઊંચો થઈ ગયો! પણ પછી ખૂબીપૂર્વક યુક્તિ કરીને તેમની એ પ્રતિજ્ઞા મેં પાછી ખેંચાવડાવી અને તે નોકરી છોડી પોતાને ગામ સિધાવ્યા.

**વ**કીલ થવા માટે ઇ. ૧૯૧૯માં હું મુંબઈ ગયો ને ત્યાં શિક્ષકના વ્યવસાયમાં પગ મૂક્યો તે બરાબર વીસ વર્ષે બહાર કાઢ્યો. શિક્ષકનો ધંધો એ માખી પકડવાના ચીકણા કાગળ [tangle-foot paper] જેવો છે, તેમાં માણસ એક વાર ચોંટી ગયો કે પછી એકદમ બહાર નીકળી શકાતું નથી, એમ મારા એક પારસી મિત્ર વિનોદમાં કહેતા. મારા જીવનનાં વીસ તેજસ્વી વર્ષ શિક્ષણના વ્યવસાયમાં જશે એની મને કલ્પના પણ ન હતી. પણ એક વાર તેમાં પગ મૂક્યા પછી એ ક્ષેત્રના સામર્થ્યનો મને સાક્ષાત્કાર થયો, ને પછી મારું સર્વસ્વ તેમાં રેડી એ 'ચીકણા કાગળ સહિત મેં ઊંચે ઊડવાનો પ્રયત્ન કર્યો. કોઈ પણ કાર્યમાં પડ્યા પછી નિર્જીવપણે તેમાં પડી રહેવાનું મારા લોહીમાં જ નથી. શિક્ષણ-વ્યવસાયમાં મેં ગાળેલાં વીસ વર્ષનો કાળ એ મારા જીવનમાં અતિશય આનંદ અને સંતોષનો કાળ છે. મને મહિને સો રૂપિયાનો પગાર મળતો (એમાં ટિકિટનો એક આનો ઓછો). પણ ઘણી વાર આ પગાર અને લેખન-વ્યવસાયમાંથી મને મળતા સેંકડો રૂપિયા મેં મારી એ સંસ્થા માટે જ વાપર્યા હતા. પૈસાનો મને કોઇ દિવસ લોભ ન હતો. મને સેવાની ઘેલછા છે. 'સેવા અને ત્યાગ' (service & sacrifice)એ મુદ્રાલેખ જે મેં 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી'ના મથાળે મુકાવ્યો છે તે વસ્તુત: મારા જીવનનું જ ધ્યેય-સૂત્ર છે. શાળાની જગ્યાથી હું તૃપ્ત હતો, મસ્ત હતો. મારા મનમાં આવે તે હું કરી શકતો. મારી આડે આવે એવું કંઈ જ ન હતું. પૂનાના ફડકેના હોદ્દાથી માંડી લશ્કરના ચાર વાવડી સુધી મારું રાજ્ય પ્રસ-રેલું હતું. સત્તર અઢાર વરસ સુધી અવ્યાહતપણે હું મારા વિદ્યાર્થી-પ્રજાજનો પાસેથી માનના મુજરા લેતો હતો. મારી કીર્તિનો હું એકલો જ સ્વામી હતો. પછી હું પગાર ને પૈસાની શું કામ પરવા કરું? સેવા અને ત્યાગનો જે આધ્યાત્મિક પુરસ્કાર માણસને મળે છે તેની પાસે સોનાના ઢગલાની શી વિસાત છે? 'કૅમ્પ એડ્યુકેશન સોસા-એટી' જેવી એક નાની અને સામાન્ય શિક્ષણસંસ્થામાં મેં મારું સર્વ-સ્વ રેડ્યું, તેમાં મેં તે સંસ્થા ઉપર મોટો ઉપકાર કર્યો છે એવું કદી મને લાગ્યું નથી. ઊલટું, ક્ષુદ્ર મત્સર અને કાવાદાવાની દુનિયાથી દૂર એવા એક શાંત સ્થળમાં એકચિત્તે મારા જીવનની તપશ્ચર્યા કરવાની મને તક આપી આ સંસ્થાએ જ મારા ઉપર અનંત ઉપકાર કર્યા છે. 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી' એ મારી 'તપોભૂમિ' છે. એ જ પાર્શ્વ-ભૂમિ ઉપર મારા સાહિત્યિક અને સાર્વજનિક જીવનનું 'નીલચિત્ર' (blue-print) મેં રેખાંકિત કર્યું. મારા વક્તૃત્વની, નાટ્યલેખનની અને સમાજસેવાની તે એક પ્રયોગશાળા જ હતી. છોકરાઓને શીખવતાં શીખવતાં હું જ શીખતો ગયો. જ્ઞાનની ઉપાસના માટેની જરૂરી બધી સ્વસ્થતા અને સામગ્રી મને ત્યાં જ મળી. સર્વ જાતિ અને ધર્મના વિદ્યાર્થીઓને સતત અઢાર વરસ શીખવવાની અને તેમના જીવન સાથે સંપૂર્ણ સમરસ થવાની તક એ જ સ્થળે મને પ્રાપ્ત થઈ. પરિણામે, મારા જીવનમાં સમતાનું તત્ત્વજ્ઞાન ને પ્રગતિશીલ વિચારોનાં બીજ પહેલાં ત્યાં વવાયાં. આજના રાજકારણમાં મારી જે ભૂમિકા છે તેનો ઊગમ મારા શિક્ષકીય જીવનમાંથી થએલો છે, એ વાત સમજ્યા વિના તેની સંગતિ મળવાની નહિ. 'કૅમ્પ એડ્યુકેશન સોસાએટી'એ મરાઠી, કામાઠી, મહાર અને મુસલમાન લોકોની સાથે એક પંગતે મને જમવા બેસાડ્યો ને જાતિભેદ એ માનવતાનું લાંછન છે એ ભારતોદ્ધારનો મહામંત્ર મને શીખવ્યો. હું એ સંસ્થાનો જન્મો-જન્મનો ઋણી છું.

મારા વીસ વર્ષના શિક્ષક-જીવનની નાનીસરખી વાત અહીં પૂરી થાય છે. જીવન એ ભેંસ જેવું 'જિદ્દી' ને 'સ્નેહાળ' છે. એ માણસને ક્યાંનું ક્યાંય લઇ જાય છે. હું હતો ક્યાં અને આવ્યો ક્યાં? શિક્ષણ-ક્ષેત્રનાં મારાં સેંકડો સ્વપ્નો અધૂરાં રહ્યાં. સમુદ્રકિનારા પરથી રેતીમાં રચેલા કિલ્લાઓ અધવચ છોડી, તોફાની છોકરાની જેમ હું બીજા જ મોજાની પછવાડે દોડી ગયો. સર્જનશીલ બુદ્ધિને અનિરુદ્ધ સંચાર કરવા માટે શિક્ષણક્ષેત્રમાં અનંત અવકાશ છે. સ્વતંત્ર ભારતની નવીન મૂર્તિ ઘડવાનું સામર્થ્ય ફક્ત શિક્ષકમાં છે. શિક્ષકો જ જનતાના ખરા શિલ્પકાર છે. ગગનને સ્પર્શવા મથતી રાજકીય પુરુષોની આદર્શોની ઘોષણાઓને સાકાર કરી બતાવવાની શક્તિ ફક્ત શિક્ષકોમાં જ છે.


પારતંત્ર્ય-કાળની અંદર પરદેશી સત્તાધારીઓએ પોતાના સ્વાર્થ માટે રચેલા ધ્યેયશૂન્ય ચબૂતરા ઉપર નવભારતના શિક્ષણનો ગગન-ચુંબી મિનારો બાંધવાનો હાસ્યાસ્પદ પ્રયત્ન સુધ્ધાં દેશમાં ચાલી રહ્યો છે. આ મિનારો કેમ ઊભો રહી શકશે? ભારતના પ્રાચીન શિક્ષકો અને તેમણે દીધેલા દિવ્ય મંત્રને આજના નેતાઓ ભૂલી ગયા છે. માનવતાના શિક્ષક થવાનું સામર્થ્ય ભારતમાં છે. ઔપનિષદિક જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનના તર્કશુદ્ધ સમન્વયમાંથી ચિરંતન શાંતિ અને સુખનો માર્ગ માનવજાતને મળશે, પણ તે કાર્ય દૃષ્ટિથી અને સૃષ્ટિથી શિક્ષકનું છે; પ્રતિભા અને કલ્પનાની વિદ્યુલ્લતા જેના મસ્તકમાં કડાકા કરે છે એવા મહાકવિનું છે. પણ આ બધું કોણ કોને કહે? ને એ સાંભળવાની મન:સ્થિતિમાં પણ આજે છે કોણ? શિક્ષણના કાવ્યમાં મારો જીવ હજી યે ઘૂંટાયા જ કરે છે.

પોતાનું કહેલું સાચું છે એમ ઠરાવવા ખાતર માણસ ગમે તેટલું ખોટું બોલતાં અચકાતો નથી.

# મન અને શરીર

[માંદગીનાં મૂળ : ૬]

## ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



અંતઃકરણ, મન અને બુદ્ધિ

અંતઃકરણ સ્થિર છે. એ જાગ્રત થઇને વિષય તરફ જતાં વિચારનાં જે મોજાં ઉત્પન્ન થાય એને 'વૃત્તિ' કહેવામાં આવે છે. એ વિવિધ વૃત્તિઓ પરત્વે સંકલ્પ-વિકલ્પ કરનાર 'મન' છે; પણ એમાંથી કોઇ પણ એક વિષે નિશ્ચય કરનાર 'બુદ્ધિ'છે.

મન એ વિચારનો અવયવ છે. જોકે તેને કોઈ સ્થૂલ દ્રવ્ય કે અવયવ રૂપે જોઇ શકાયું તો નથી, પણ એટલું તો ચોક્કસ છે કે મગજની કામગીરી ઉપર એનો આધાર છે. આપણી વિવિધ જ્ઞાનેન્દ્રિયો દ્વારા આપણને બહારની દુનિયાનું અને દેહનું 'સ્થૂલ' જ્ઞાન થાય છે, જ્યારે મન દ્વારા એ બધાંનું 'સૂક્ષ્મ' જ્ઞાન થાય છે. મન એટલે પાંચે ય જ્ઞાનશક્તિઓનો જથ્થો. જેવી રીતે નદીઓ સમુદ્રમાં ઠલવાય છે તેમ મનને પોષક અને જીવંત રાખનાર એ ઇંદ્રિયો છે. જોકે એ જ્ઞાનેન્દ્રિયોના ઉપયોગ વિના પણ તે 'જોવું', 'સાંભળવું' વગેરે ક્રિયાઓ કરી શકે છે. આથી જ ગીતામાં એને છઠ્ઠી જ્ઞાનેન્દ્રિય ગણાવી છે.

આપણા વેદાંતમાં મનનું બીજું નામ અંતઃકરણ કહેવામાં આવ્યું છે. 'અંતઃ' એટલે અંદરનું અને 'કરણ' એટલે સાધન. તેનાં જુદાં જુદાં કર્તવ્યાનુસાર એ અંતઃકરણનાં પાંચ નામ આપવામાં આવ્યાં છે.

અંતઃકરણ સ્થિર છે. એ જાગ્રત થઈ ને વિષય તરફ જતાં વિચારનાં જે મોજાં ઉત્પન્ન થાય એને 'વૃત્તિ' કહેવામાં આવે છે. એ વિવિધ વૃત્તિઓ પરત્વે સંકલ્પ-વિકલ્પ કરનાર 'મન' છે; પણ એમાંથી કોઇ પણ એક વિષે નિશ્ચય કરનાર 'બુદ્ધિ' છે. ચિંતન કરનાર 'ચિત્ત' છે, જે વિચારનાં મોજાંમાંથી થોડાંકને પકડી, તેનું શોષણ કરી, પછી તેને 'વિચાર' રૂપે પ્રકટ કરે છે. આમ મન, એ કોઈ દેખી કે પકડી શકાય એવો સ્થૂલ કે જડ પદાર્થ નથી; એનું કોઇ ચોક્કસ સ્થાન પણ નથી. એની વિશાળતા અમાપ છે.

એ મન જ્ઞાનતંત્ર દ્વારા કામ કરે છે. જ્ઞાન કે વિચાર કરવો, લાગણી થવી, અને ઇચ્છા કરવી આ ત્રણ એની મૂળભૂત કામગીરી છે. જ્ઞાન, આશા ને સંકલ્પ એ ત્રણ એનાં પરિણામો છે એ મુજબ આપણે જીવન જીવીએ છીએ. મનનું સામર્થ્ય છેવટે સંકલ્પમાં જ જોડાય છે. જોકે મનને ગમે છે તો સદા વિચારોની વિવિધતા છતાં છેવટે તો તે એક જ વિચારને માનસિક ભૂમિકા ઉપર આવવા દે છે, પણ તે એટલી બધી પ્રચંડ ઝડપથી બદલાઈ જાય છે કે આપણે એકીસાથે ઘણા વિચાર કરતા હોવાનું અનુભવીએ છીએ.

શરીર મનનો પડછાયો છે. બીજી રીતે કહીએ, તો શરીરરૂપી નહેરમાં મન પોતાની શક્તિનાં પૂર વહેવડાવે છે. મન એ પાર્થિવ શરીરનું સૂક્ષ્મ રૂપ છે; અથવા તો એમ કહીએ, કે દેહ એ મનનું બાહ્યાંગ છે. શરીરની બધી કામગીરીઓ ને હલનચલન પાછળ મનનું સતત ચાલક બળ (propelling force) રહેલું છે. મન એ નેતા અને અધિપતિ છે, તો શરીર એનું અનુયાયી કે ગુલામ છે. આમ, મનની શરીર પર પ્રબળ અસર છે. માનસિક શોક અને ઉદ્વેગથી શરીર ઢીલું બને છે; તો બીજી બાજુ પેટની ચૂંક કે માથાનો દુખાવો મન પર પણ માંદગીની અસર ઉપજાવે છે. ટૂંકામાં, શરીર માંદું તો મન માંદું અને મન માંદું તો શરીર માંદું, એમ મન અને શરીર જુદાં હોવા છતાં ઘનિષ્ઠ સંબંધવાળાં છે. એ સંબંધ જેટલો ગાઢ તેટલો વિશાળ અને અટપટો છે.

મહર્ષિ ચરક કહે છે કે 'शरीरेन्द्रियसत्त्वात्मासंयोगधारि जीवितम् ॥ (ચરક સંહિતા : સૂત્રસ્થાન ૧-૪૨)=શરીર, મન ને આત્માના સંયોગને જીવન કહે છે. મન શરીરને વશ રાખે છે, જ્યારે આત્મા, મન તથા શરીર બંનેને કાબૂમાં રાખે છે. આત્માના સંયોગ વિના મન ક્રિયા કરતું નથી. આત્મા ચેતન છતાં નિષ્ક્રિય છે, જ્યારે મન અચેતન છતાં ક્રિયાવાન છે(ચરક સંહિતા : શારીરસ્થાન ૧-૭૪-૮૫). ટૂંકામાં, આત્મા ઇંદ્રિય અને મન, એ ત્રણેયનો વિષય સાથે સંયોગ થાય ત્યારે આપણને સારી કે માઠી લાગણીઓનું જ્ઞાન થાય છે. (ચરક શા૦-૧-૧૩૮)'.

આપણો અનુભવ છે કે જ્યારે આપણું શરીર માંદું હોય ત્યારે મન પણ બગડે છે. શરદી સળેખમ કે માથું દુખવા જેવી નજીવી માંદગી વખતે પણ આપણને કામ કરવાનું મન થતું નથી. પરીક્ષા, ઈન્ટરવ્યુ, ટ્રેનમાં જવાની તૈયારી કે આપ્તજનનું મૃત્યુ વગેરે પ્રસંગોએ ગભરાટ, પરસેવો, ધ્રુજારો, ઝાડા ને તાવ વગેરે ચિહ્નો આપણને સતાવે છે. શુભ સમાચાર સાંભળીને શરીરનો બધો થાક ઊતરી જાય છે, આનંદથી ઉપાડેલા કામમાં થાક જણાતો નથી, જ્યારે ઉદ્વેગથી કામ કરતાં થાકી જવાય છે. માનસિક વ્યગ્રતા દૂર થયા બાદ શરીર કેવું હળવું ફૂલ જેવું અને સ્ફૂર્તિભર્યું લાગે છે! એકલા ખાવા કરતાં મિત્રો સાથે ખાવામાં અનુભવાતા આનંદથી વધારે ખાધાનો અને જલદી પચી જવાનો અનુભવ જાણીતો છે. નૈસર્ગિક સૌંદર્ય જોવાથી આહ્લાદ, શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. આ છે મનના બળથી શરીર ઉપરની અસરો.

આયુર્વેદાચાર્યોએ તો હજારો વર્ષ અગાઉ કહ્યું છે કે મનની અસર જરૂર શરીર પર થાય છે. જમતી વખતે ચિત્ત પ્રસન્ન રાખવાનો એમનો આદેશ છે, અને ક્રોધ તથા ક્લેશથી પાચનક્રિયા ઉપર માઠી અસરો થતી હોવાનું એમણે કહ્યું છે. હવે આ હકીકત વિજ્ઞાનની કસોટીએ ચડીને નક્કર સત્ય પુરવાર થઇ છે. પ્રયોગોથી જાણવા મળ્યું છે કે

પાંચ મિનિટ સુધી કૂતરાને ખવડાવ્યા બાદ વીસ મિનિટમાં એના પાચન માટે પૂરતા પ્રમાણમાં જઠરરસ સ્રવે છે. પણ જો કૂતરાને બિલાડી દેખાડી ફફડાવી મૂક્યો હોય તો પાંચ મિનિટના ખાણા બાદ પણ જવલ્લે જ જઠરરસ સ્રવે છે! માનસિક વ્યથાથી પેદા થતા શારીરિક વ્યાધિઓ વિષે લખતાં ડૉ. સર વૉલ્ટર લેન્ગડન-બ્રાઉન લખે છે કે 'એક છોકરીની તબિયત ખૂબ બગડી હતી, પણ શરીરમાં કોઇ બગાડ દેખાતો ન હતો. માત્ર ગળામાં થાઇરૉઈડ ગ્રંથિ થોડી વધેલી હતી. વાતચીતમાં માલૂમ પડ્યું કે એક સગા હેડમાસ્તરના હાથ નીચે તે શિક્ષિકા હતી. શરૂઆતમાં તેણે ઉત્સાહપૂર્વક કામ ઉપાડ્યું, પણ પછી હેડમાસ્તરે એના પ્રત્યે પણ બીજા શિક્ષકો પ્રતિ જેવું જ વલણ દાખવવા માંડ્યું. આનું એને ખૂબ દુઃખ લાગી આવ્યું અને પોતાના ઉત્સાહી સ્વભાવને શિક્ષા રૂપ લાગ્યું. પરિણામે એની ગળામાંની ગ્રંથિ વધવા સાથે માંદગીથી તે પટકાઇ પડી.

યુદ્ધ સમયમાં ઘણા સૈનિકો પક્ષાઘાતથી પટકાઈ પડ્યા હતા. આ થવાનું દેખીતું કોઈ શારીરિક કારણ ન હતું. ફક્ત યુદ્ધમોરચે જવાનું બંધ થાય એવી અજ્ઞાત મતલબનું આ પરિણામ હતું! હવાઈ હુમલા પછી એક અંગ્રેજ યુવાન બહેરો બની ગયો હતો. તપાસમાં કોઈ શારીરિક ખોડ ન જડી, પણ બહેરાની ખૂબી એ હતી કે તે પંખીઓના કલરવ સાંભળી શકવા છતાં ઘરના અમુક માણસોની બોલી જ સાંભળી શકતો ન હતો! હકીકત એમ હતી કે આ માણસો એને હવાઇ હુમલાના ત્રાસદાયક બનાવો કહેનારા હતા. દરદીને આ બાબત સમજાવી કે આશ્ચર્યજનક રીતે એની બહેરાશ અદૃશ્ય થઈ ગઇ!

## સુભાષિત

અનુષ્ટુપ

चिंता चिता समा ह्युक्ता बिंदुमात्रं विशेषतः।
सजीवं दहते चिंता निर्जीवं दहते चिता॥

(અનુવાદ)

ચિંતા ચિતા સમી જાણો, માથે બિંદુ વિશેષમાં,
ચિતા નિર્જીવને બાળે, બાળે ચિંતા સજીવને.

[વિવરણ: શ્લોકનો અર્થ સીધો ને સૌને અનુભવસિદ્ધ છે. વૈદ્યો તો કહે છે કે ચિંતા કરવાથી પેટ બગડે છે, એટલે પાચન બગડે છે. પાચન બગડવાથી શરીરના બધા અવયવો બગડે છે, એટલે શરીર બળીને શોષાઈ જાય છે. શકુંતલાને સાસરે મોકલતી વખતે કણ્વ જેવા તપસ્વીને પણ ક્ષણિક ચિંતા થએલી તે માટે મહાકવિ કાલિદાસે चिंताजडं दर्शन શબ્દોથી એમની સ્થિતિ વર્ણવી છે. ચિંતા શરીર અને મનને જે નુકસાન કરે છે તેના સમર્થનમાં નીચેના બે શ્લોકો પણ ધ્યાનમાં લેવા જેવા છે. એ પૈકી એકમાં ચિંતા શરીરને શોષી લે છે એમ કહે છે; બીજામાં ચિંતાવાળા માણસનાં સુખ અને ઊંઘ બંને જતાં રહે છે એમ કહ્યું છે. ચિંતાના નુકસાનનું સમર્થન કરતા આ બંને શ્લોકો બીજી જે જે બાબતોનો ઉલ્લેખ કરે છે તે પણ રસપ્રદ અને અનુભવસિદ્ધ છે. –ર. ભી.]

(ઈન્દ્રવજ્રા)

माता समं नास्ति शरीरपोषणं विद्यासमं नास्ति शरीरभूषणम्।
भार्यासमं नास्ति शरीरतोषणं चिंतासमं नास्ति शरीरशोषणम्॥

અનુવાદ

માતા સમું પોષણ ના શરીરનું, વિદ્યા સમું ભૂષણ ના શરીરનું,
ભાર્યા સમું તોષણ દેહનું નહિ, ચિંતા સમું શોષણ કાયનું નથી.

(ઉપજાતિ)

अर्थातुराणां न गुरुर्न बंधुः कामातुराणां न भयं न लज्जा।
क्षुधातुराणां न रुचिर्न पक्वं चिंतातुराणां न सुखं न निद्रा॥

અનુવાદ

અર્થાતુરોને ગુરુ કે ન ભ્રાતા, કામાતુરોને નહિ બીક-લજ્જા,
ભૂખ્યો જુએ ના રુચિ, કાચુંપાકું, ચિંતાતુરોને સુખ કે ન નિદ્રા.

મનનાં બે પાસાં છે: બુદ્ધિ અને સંવેદના. સંભવ છે કે વ્યક્તિની બુદ્ધિનો વિકાસ સધાયો હોવા છતાં એની સંવેદનાઓ અ-પરિપક્વ રહી હોય. જ્યારે મંદબુદ્ધિની સંવેદનાઓ પકવ બની હોય છે. મોટા ભાગના બુદ્ધિશાળી લોકો અપરિપક્વ સંવેદનાવાળા હોય છે. જેઓ અંતમાં એક કે બીજા પ્રકારની માનસિક અસ્વસ્થતાના ભોગ થઇ પડે છે. આ થવાનું સામાન્ય કારણ ભય છે.

આ 'ભય'નો અર્થ વિશાળ લેવાનો છે. કોઇ પણ કારણ વિના તે ઉપસ્થિત થવાથી માંડી કોઈ પણ કારણ હોય તો પણ એનાં પ્રમાણ અને ટકાવ હદ વિનાનાં હોય છે. ભય પેદા થવાનું કારણ નાસીપાસી છે. હરીફાઈ અને સ્પર્ધાના આ જમાનામાં વ્યક્તિમાત્ર જીવનવિગ્રહની કપરી કસોટીમાંથી પસાર થઈ રહી છે. દરેકની જિંદગીની દોડધામ વધી પડી છે. આ અંગે આવી પડતા આંતરિક બોજા અને ભાર હેઠળ અવનવા પ્રકારની નાસીપાસીઓનો સામનો માણસને કરવો પડે છે. જે અપરિપક્વ સંવેદનાઓવાળા હોય છે તેઓ આ નાસીપાસીઓથી તૂટી પડી, ચિત્તક્ષોભ કે રોગિયા મન(neurosis)ના ભોગ થઇ પડે છે.

અને રોગિયું મન તો અનેક પ્રકારના રોગ ઊભા કરે છે. જેવા કે ખૂબ થાક, સાયનસ-વ્યાધિ, શરદી-સળેખમ, કમરનો વા, રાંઝણ, હોજરીનાં ચાંદાં જેવા હોજરીના વિવિધ રોગો, લોહીનું ઊંચું દબાણ, માથું દુખવું, દંતશૂળ, હૃદયશૂળ, ખરજવું ને ચામડીના બીજા રોગો વગેરે. શરીરના અવયવોમાં દેખા દેતા આ વ્યાધિઓ બીજું કાંઇ નહિ પણ મનની વ્યથા ને વ્યગ્રતાઓનું જ ખુલ્લું પ્રદર્શન છે. આમાં ખરી સારવારની જરૂર શરીરને નહિ પણ ખુદ 'જીવન'(life)ને જ હોય છે.

માંદગીમાં કોઈ પણ બે વ્યક્તિ સરખી નથી ઊતરતી. એક જ જાતના ચેપી રોગથી પીડાતા બે માણસોમાંથી એક કાં તો વેદનાની બૂમો પાડતો પથારીમાં પડે છે, તો બીજો પથારીમાં સૂવાની પણ ના પાડે છે. એક જણને સતાવતી વેદના બીજાને ફક્ત બેચેની જ ઉપજાવતી હોય છે. વ્યાધિ અને વેદના સહન કરવાની તાકાતના આ ફેરફારનો આધાર મનની સંવેદનાશક્તિની ખિલવણી ઉપર છે. અપરિપક્વ સંવેદનાવાળાઓ માંદગી આવતાંવેંત જ હલબલી ઊઠે છે. જ્યારે પક્વ સંવેદનાઓવાળા માંદગીને જિંદગીનો એક અનિવાર્ય બનાવ લેખે છે. ઘણા થોડા માણસો ગંભીર માંદગી કે અકાળ મોતને શાંતિ અને સ્વસ્થતાથી સ્વીકારતા હોય છે. માંદગીમાં જેટલી મનની શાંતિ અને સ્વસ્થતા જળવાય એટલા પ્રમાણમાં આરોગ્ય વહેલું પ્રાપ્ત થાય છે. એટલા માટે જ રોગીના ઓરડાનું વાતાવરણ સ્વચ્છ અને પ્રફુલ્લિત રાખવાનો, માંદા માણસને જોવા આવનારાઓએ 'ઘણો સુધારો છે' આવું કહેવાનો, ને મનની શાંતિ તથા પ્રફુલ્લતા જળવાય એવી વાતો કરવાના શિષ્ટાચાર પાળવાનો આદેશ છે.


રાષ્ટ્રસંઘ(યૂનો)ની અખિલ-જગત-આરોગ્ય-સંસ્થા (World Health Organization) W H O=હૂના ડૉ. ડી. એફ. બકલ

કહે છે કે 'સાંસ્કૃતિક અને આર્થિક સ્થિતિમાં વિકાસ પામેલા દેશોમાં દસ ટકા માણસો ચિત્તક્ષોભથી પીડાતા જોવામાં આવે છે. આજે હવે ફક્ત 'રોગ'ની નહિ પણ 'વ્યક્તિ'ની સારવાર પર પાછા વળવાનો સમય આવી પહોંચ્યો છે.' એ સંસ્થાના પ્રો. જી. ફ્રાક્સ કહે છે: 'મોટા ભાગના દાક્તરો અને વિપુલ સાધનોથી સુસજ્જ એવા નિષ્ણાતો પણ આજે માનવીના શરીરને એક ને અખંડ જાણ્યા વગર માત્ર રોગિષ્ઠ અવયવની કે બહુબહુ તો તેના શરીરની ચિકિત્સા કરે છે; પણ રોગથી પીડાતા ખુદ રોગીની—બલકે એ 'માનવ'ની ચિકિત્સા કોઈ નથી કરતું. દરેક રોગીની માંદગીમાં સંવેદનાનો હિસ્સો શોધી કાઢવો જોઈએ. રોગી એ મન અને શરીરનો એક એકમ છે. વળી એના કુટુંબનો તે એક ભાગ છે. એટલે એ બંને બાબતો ધ્યાનમાં લેવા ઉપરાંત એ જે સમાજમાંથી આવ્યો હોય એની સ્થિતિ પણ લક્ષમાં લેવાવી જોઈએ. રોગનાં લક્ષણો અને ચિહ્નો ઉપરાંત રોગીનું ઘર, એનું કામકાજ, એનાં સગાંવહાલાં, એના મિત્રો, એનાં આનંદ દુઃખ આશા ને ચિંતા આદિ એની સંવેદનાઓ,–આ બધાંની છાયાઓ એનામાં મૂર્તિમંત થએલી હોય છે.'

આપણે ઉપર જોયું કે આયુર્વેદમાં માનવીને શરીર, મન ને આત્માનો સંયોગ કહ્યો છે. 'આરોગ્ય'ની સંજ્ઞામાં એકલું શારીરિક આરોગ્ય નહિ, પણ માનસિક ને આધ્યાત્મિક આરોગ્યનો પણ સમાવેશ થાય છે. મન અને શરીરના અવિભાજ્ય તથા અખંડ સંબંધમાં જ 'આરોગ્ય'નો સમાવેશ થાય છે. આથી તો મહર્ષિ સુશ્રુતે સંપૂર્ણ આરોગ્યની વ્યાખ્યા આપતાં प्रसन्नात्मेन्द्रियमनाः (આત્મા ઇન્દ્રિયો અને મનની પ્રસન્નતા હોવાનું) લખ્યું છે. આયુર્વેદના પ્રણેતાઓએ મનને જડ અને અચેતન કહેવા સાથે એની ક્રિયાઓ આત્માના કારણે થવાનું કહ્યું છે. જ્ઞાનતંત્ર દ્વારા આખું શરીર મગજ સાથે જોડાએલું છે અને એ મગજના અંકુશ નીચે જ આખા શરીરની કામગીરીઓ ચાલે છે. શરીરના બધા અવયવો એકબીજાના પરસ્પર સંબંધમાં રહી એક અને અખંડ શરીર નિભાવે છે. આમ, મગજ કે એક અવયવની ઉત્તેજનાની અસર આખા શરીર પર વ્યાપી રહે છે. રાગદ્વેષ આદિ મનના વ્યાપારોના કારણે ઉત્પન્ન થતા ભાવોની અસર આખા શરીર ઉપર પડે છે. આને 'પ્રભાવ' (effect) કહેવામાં આવે છે.

ક્રોધનો પ્રભાવ જોઈએ. ક્રોધ વખતે આપણા શ્વાસોચ્છ્વાસ ઊંડા બને છે. હૃદય વધુ જોસથી ધબકે છે. લોહીનું દબાણ વધે છે. હોજરી અને આંતરડાંમાંનું લોહી આપણાં હૃદય માંસપેશીઓ તથા મધ્યસ્થ જ્ઞાનતંત્ર ભણી દોડી જાય છે. અન્નમાર્ગની ક્રિયાઓ બંધ પડે છે. કલેજામાંથી શર્કરાના ભંડાર છૂટા થાય છે. એડ્રેનલિન ગ્રંથિઓમાંથી એડ્રેનલિન સ્રવે છે. પરિણામે માથાના વાળ ને રૂંવાડાં ઊભાં થાય છે. ભવાં ઊંચાં ચડવા સાથે આંખો પહોળી થાય છે. હૃદયના ધબકારા તથા શ્વાસોચ્છ્વાસ વધી પડે છે. હથેલીમાં ચિકાશ છૂટવા સાથે શરીરે પરસેવો વળે છે. ચિત્ત અસ્થિર બને છે. ક્રોધ અને ભયના કટોકટીકાળને પહોંચી વળવાને માટે જ આ બધી જ્ઞાનતંતુ ને માંસપેશીઓની ક્રિયા સિમ્પથેટિક જ્ઞાનતંત્ર તથા એડ્રેનલિનના સહકારથી થાય છે. આ રીતે શોક, ઉત્સાહ, આશ્ચર્ય, જુગુપ્સા, કામ વગેરે સંવેદનાઓની ઉત્તેજના વખતે એનો પ્રભાવ શરીરનાં જુદાંજુદાં અંગો ઉપર થાય છે.

સંવેદનાઓની ઉત્તેજનાની જેમ વિચારોની ઉત્તેજનાનો પ્રભાવ પણ શરીર પર પડે છે. વિચારોમાં 'સંકલ્પ' અને 'સ્મૃતિ' બંને છે. મનના કારણે આમાંથી સારા કે માઠા 'પ્રભાવ' પેદા થાય છે. મનને પ્રિય એવા વિચારોથી સુખદાયી અને અપ્રિય વિચારોથી દુઃખદાયી પ્રભાવ થાય છે. જો પ્રભાવ પ્રબળ હોય તો તે 'આવેગ'નું રૂપ ધારણ કરે છે, અને એ આવેગનાં પૂરથી પછી શરીરમાં ક્રિયા-પ્રતિક્રિયાઓની રમઝટ



ક્રોધને લીધે ઉત્પન્ન થતા પ્રભાવની શરીરનાં વિવિધ અંગોમાં જણાતી અસર

જામી પડે છે. હર્ષ, ઉદ્વેગ, કામ વગેરે આવેગોની શરીર પરની અસરો કોણે નહિ અનુભવી હોય?

**આ**મ, મનના વ્યાપારોની શરીરવ્યાપી અસરો વિષે આપણે જોઈ ગયા. મનને કેળવવા, મજબૂત ને સ્થિર બનાવવા માટે આયુર્વેદમાં ઉપાયો સૂચવ્યા છે. મહર્ષિ ચરકનું કથન છે કે આહારમાંથી મનની શુદ્ધિ નીપજે છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ લખ્યું છે કે आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवस्मृतिः એટલેકે શુદ્ધ આહારથી જ સત્ત્વગુણનો લાભ—અંતઃકરણની શુદ્ધિ અને અંતઃકરણની શુદ્ધિથી શુદ્ધ સ્મૃતિ પ્રાપ્ત થાય છે. મનની ઉત્પત્તિ શરીરમાંથી છે ને શુદ્ધ આહારથી જ શરીર દોષ વિનાનું બને છે. આમ થાય તો જ મન સ્થિર થાય છે. મન સ્થિર થાય તો જ આત્મજ્ઞાન થાય છે, અને એ આત્મજ્ઞાન વતી જ મન ઉપર જીત મેળવાય છે. શ્રીમદ્ શંકરાચાર્યે કહ્યું છે કે 'જેણે મન જીત્યું એણે જગ જીત્યું.'

આયુર્વેદ એ આરોગ્યનું શાસ્ત્ર છે. એ દીર્ઘજીવન ખેડવવાનો વેદ (આયુઃ+વેદ) છે. એમાં શરીર, ઇન્દ્રિયો, આત્મા ને મન આ ચારેનું જીવનદર્શન કરાવેલું છે. એમાં શારીરિક આરોગ્ય સાથે મનનું આરોગ્ય જાળવવા માટે 'સ્વસ્થ વૃત્ત'નું આલેખન છે. મહર્ષિ ચરકે સૂત્રસ્થાનના આઠમા અધ્યાયમાં સદ્વૃત્તનો (સદાચરણનો) લંબાણથી ઉપદેશ કર્યો છે. એમાં આરોગ્ય જાળવવના નિયમો દર્શાવવા સાથે મનને દૂષિત અને ક્લિષ્ટ બનાવનાર કામો કરવાની મનાઈ ફરમાવી છે. રાગ-દ્વેષ, કામ, ક્રોધ, વેર, મત્સર આદિ વૃત્તિઓને કાબૂમાં રાખવાનો એમાં આદેશ છે; આત્મા તથા મનને બલિષ્ઠ ને ઉન્નત કરવાનો, ઇન્દ્રિયોના બેફામ વ્યાપારોને કાબૂમાં રાખી શરીરને અતિવ્યયમાંથી ઉગારવાનો ઉપદેશ છે. અંતમાં મહર્ષિ ચરકનો અભય કોલ છે કે 'જે આરોગ્યના નિયમો વિધિપુરઃસર પાળે છે તે સો વર્ષ સુધી નીરોગી થઈને જીવે છે.'



'આ લીધો !' કહી જેવી વૅન્ડરપૂલે બંદૂક સીને ટેકવી ત્યાં તો માર્વિનનો ભારે હાથ તેના ખભા પર પડ્યો:'ના; ખબરદાર !'

# જંગલનો ભેરૂ

**અમેરિકન શોધક-મુસાફર માર્ટિન જૉન્સનની ડાયરીમાંના સાચા પ્રસંગો પરથી લખાએલી ભીષણ આફ્રિકન જંગલના કરાળ હાથીના શિકારની વાર્તા**

ઉતારનાર • **શ્રી હરિનારાયણ આચાર્ય**

**આ**ફ્રિકા! રખરખતી લૂ, ધીકતા તડકા ને સિંહની જન્મભૂમિના આ દેશમાં પરમેશ્વરને પણ કોઈ પૂછતું નથી. કહેવાય છે કે જો અંગ્રેજોએ બંદૂકો ન આણી હોત તો અરધી સદીમાં આફ્રિકા માણસ વિનાનો વેરાન પ્રદેશ બની જાત. સિંહ એટલા ઊભરાયા હતા કે દર વરસે દરેક પરગણામાં ૧૦૦થી ૫૦૦ સુધી દેશીઓ ચટણી થઈ જતા.

છતાં આફ્રિકાની મોહિની અજબ છે. કોઈ સ્થળે, નજર નાખીએ ત્યાં સુધી માઇલોના વિસ્તારમાં પથરાતાં મેદાનો છે, તો બીજી જગાએ, જટાજૂથ જામેલાં ઊંચાં ઝાડનાં જંગલો આભ સાથે બાથ ભરતાં લાગે છે. નદી-નાળાં તો એનાં રૂંવાડાં જેમ ઊભરે છે. અને એનાં પેલાં ભીષણ રણોની રેતી;—ઓહ ! એ રેતીનું તો નામ સંભારતાં કંપારી આવે. ભયંકર તાપમાં જ્યારે એ રણ સળગી ઊઠે છે ત્યારે એની ઝાળ ઠેઠ સૂર્યને સળગાવી દેતી લાગે. ને પવનના ઝપાટે ઝપાટે એવા તો ધૂળકોટ થાય કે આભની નીચે બીજું આભ ઊભું કરી દે.

આવા ચિત્રવિચિત્ર અનુભવ કરાવનારા એ વિશાળ પૃથ્વીખંડની રમણીય ભયંકરતા એટલી નિર્દય, એટલી અપ્તરંગી, એટલી તો વિચક્ષણ છે કે થરથરાટ છૂટવા છતાં માણસ એની મોહિનીમાંથી છૂટી શકતો નથી. કોઈ શિકારને બહાને તો કોઇ ધનપતિ થવા આફ્રિકાનો ખોળો શોધે છે. પણ આફ્રિકાની ભોમ હમેશાં અજિત છે. એ કોઈની થઈ નથી, થવાની નથી. એનાં જંગલો હજી જેમનાં તેમ પ્રાણીથી ભરપૂર છે. એના સિંહ, એના હાથી, એવા ને એવા નીડર વિહરે છે. એનાં રણમાં બળબળતા બપોરે ઊંચે હજુ ય કારમાં ગીધ ભમ્યાં કરે છે.

અને આફ્રિકાના રણમાં ખરે બપોરે ગીધ ચક્કર લેતું હોય તો સમજી લેવું કે કોઈની ઘડીઓ ગણાય છે. કોઈ સજીવ પશુ, પક્ષી કે માણસના રામ રમી રહ્યા છે.

એવા રણમાં એક દિવસે બપોરે, સૂરજ બરોબર માથે આવી અંગારા વેરતો હતો તેવે વખતે, બે આદમી જમીન પર પેટ ઘસતા આસ્તેઆસ્તે આગળ વધી રહ્યા હતા. ઢીંચણ અને કોણીઓનો ટેકો લેતાંલેતાંમાં તો ચોળી ધગધગતી રેતીનાં ઊડીઊડીને વાદળાં બંધાતાં હતાં; અને એની ઓથે, બાજુનાં ઝાંખરાંનાં જાળાંનો આશરો લેતા એ બે જણ થોડે દૂર આવેલા ચઢાણ ભણી જવા મથતા હતા. ઉપર નર્કયાતનાની ભઠ્ઠી શો ધીકતો સૂરજ એમની પીઠ શેકી રહ્યો હતો. એવામાં ઊંચે એક ગીધ ચક્કર લેતું જણાયું. થઈ રહ્યું! મોતની નિશાની! અને તેમાં ય આ તો કૈસૂતનું કાળમુખું રણ !

હતા બે જોડીદાર; પણ બંને વચ્ચે ઉત્તર-દક્ષિણ જેટલો ફેર. એક ઠીંગુજી; બીજો પૂરો પાંચ હાથ અને કાયામાં બમણો. પરસેવે તરબોળ એની પીઠ પર પહેરણ ચોંટી જવાથી ભારે ગાંઠાવાળાં એનાં કસાએલાં અંગ સ્પષ્ટ દેખાઈ આવતાં. વીસ વીસ વરસ એણે આફ્રિકાનાં જંગલમાં ગાળેલાં. એથીય ઘણી વખત મોતના મોંમાં પગલાં પાડી આવેલો. એટલે વખાથી અને વીરતાથી એની એકેએક મુખરેખા સીધી, પાણીદાર ને પાળી જેવી ચમકતી હતી. એ માર્વિન ટૉમ્પસન જગજાણીતો અમેરિકન શોધક અરધી જિંદગી આફ્રિકાના રણવગડા ખૂંદી વળ્યો હતો.

'શશશ....ઓ રૂ'યા.' અચાનક એણે ધીમેથી ફફડી સાથીનો હાથ દાબ્યો અને છેટે આવેલાં જાળાં ભણી ઇશારો કર્યો.

વૅન્ડરપૂલ-એનો સાથી-સ્થિર થઈ ગયો. ધ્રૂજતા હાથ વડે આંખો પર ઓળો માંડી એણે ગણવા માંડ્યું. થથરતે સ્વરે એ બોલ્યો: 'ઓછામાં ઓછા વીસ !'

અને જાણે ગણતરી કરાવતાં ન હોય તેમ, પૂરાં વીસ પ્રચંડકાય કાળાં પ્રાણી ટેકરી પરનાં જાળાંની ઓથેથી નીકળ્યાં અને આ બે જણ સામે વળ્યાં. આફ્રિકાના જંગલી હાથી! પ્રાણીમાત્રમાં બુદ્ધિશાળીમાં બુદ્ધિશાળી;—અને–અને એટલા જ ભયંકર!

'આ લીધો !' ફફડી વૅન્ડરપૂલ જેવો બંદૂક સીને ટેકવે છે, ત્યાં તો માર્વિનનો ભારે હાથ એના ખભા પર પડ્યો, અને પોલાદના સકંજા જેમ ચોંટી ગયો: 'ના, ખબરદાર!'

ટોળાના મોખરે ચાલતો હાથીનો નાયક થંભી ગયો. તેના કાન ફફડી ઊઠ્યા. અજગર જેવી સૂંઢ ટટાર થઈ. વાતા પવનની દિશામાં ફરી એ સુસવાટા કરતો ગંધ લેવા માંડ્યો. એની હકૂમતમાં કોઇનો અણછાજતો પ્રવેશ થયો હોય તેમ, એના શરીરમાં ક્રોધની ધીમી ધ્રુજારી ફરી વળી અને એના સાથીઓ ચંપાતે પગલે એની ફરતા ગોઠવાઈ ગયા. આખી જમાત ભય ને ક્રોધથી અસ્વસ્થ બની ઊઠી.

'અલ્યા, પણ આટલા સારુ તો હું અહીં આવ્યો છું.' વૅન્ડરપૂલ બબડ્યો. હાથી પર જ નજર ચોંટેલી રાખી ટૉમ્પ્સને ડોકું ધુણાવ્યું. એને ચીડ ચડી કે આ ગમાર વૅન્ડરપૂલ શું સમજતો હશે? આ તો આફ્રિકાના હાથી. એનો શિકાર એ કંઈ મરઘાં બતકાં મારવાનાં નથી.

પણ વૅન્ડરપૂલનું બોલવું એની દૃષ્ટિએ સાચું હતું. એ જાડિયો વામનસ્વરૂપ લક્ષાધિપતિ ઠેઠ ન્યૂ યૉર્કથી આખો દરિયો ડોળી અહીં આવ્યો હતો તે આટલા જ સારુ,–આફ્રિકાના હાથીનો શિકાર કરવા. શિકારની સગવડ કરવા માટે આ ટૉમ્પ્સનને ફક્ત તાર કરવામાં જ એણે ખાસ્સા છસો રૂપિયા ખરચ્યા હતા. અને અહીંથી પાછલે મુકામે પાંચ ગાઉ પર પડેલા ડેરામાંના સરસામાન, શિકારના સરંજામ, નોકરચાકર, વાહન, ઊંટ વગેરેની નાનકડી સેના ઊભી કરવામાં ટૉમ્પ્સને એની ઇચ્છાને વશ થઈ કેટલાય હજારનો ધુમાડો કર્યો હતો. છ હજાર માઈલનો મહાસાગર ખૂંદી એ અહીં બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં આવ્યો ને નરસિંહ મહેતાની વેલ જેવી રેલગાડીમાં અથડાતો કુટાતો નૈરોબી ઊતર્યો. અને ત્યાંથી પછી આગળ પણ છેલ્લા પંદર દિવસથી ટૉમ્પ્સને એને પજવવામાં બાકી રાખી ન હતી. આગથી ધીકતાં આથીનાં મેદાનો ખૂંદી, ગંધાતા કિતુઈમાં અથડાતાં મુથા આવી, ત્યાંનાં બાંડાં કદરૂપાં બાબબાબનાં ઝાડ અને કાંટાળી ઝાડીઓમાં ઉઝરડાતા રસ્તો કાઢતા તેઓ અહીં પહોંચ્યા હતા. આ બધી હાડમારીઓ તેણે ભોગવી તે આ સોનેરી ઘડી પામવા, કે જ્યારે આફ્રિકાના જંગલી હાથીનો પોતે શિકાર કરી શકે. અને હવે એવી ઘડી આવી પહોંચી ત્યારે માર્વિન હુકમ કરે કે શિકાર નહિ કરી શકાય! જુલમ ને?

'પણ, સમજાવ તો ખરો કે ગોળી કેમ ન મારું?' ગુસ્સા ને નિરાશાથી વૅન્ડરપૂલે કહ્યું.

પણ સાંભળે જ કોણ? ટૉમ્પ્સને તો હાથી સામે જ મીટ માંડી હતી. અનેક શિકારોની વિજેતા, ભયંકર સંહાર કરનારી એની બંદૂક તૈયાર હતી; નિશાન પણ સામે હતું;...ત્યારે?

થોડી વારે એણે વૅન્ડરપૂલના કાનમાં ફફડીને કહ્યું, 'મૂર્ખા, જો આ ટોળું પાછળ પડ્યું તો આપણા બંનેનું આવી બન્યું સમજવું.' વૅન્ડરપૂલની નજર બંદૂક પરથી હાથી પર ફરી વળી અને ત્યાંથી આ મહાન શિકારીની પાટ જેવી પીઠ અને ભોગળ જેવા ભારે ખભા પર ઠરી.

વૅન્ડરપૂલ હાથીથી બીતો ન હતો, કેમકે ટૉમ્પ્સનની પેઠે એને ભાન ન હતું કે હાથી પાછળ પડ્યા તો ઊગરવાનો એકકે ય આરો નહોતો. નહોતું ક્યાંય ઝાડ કે ઉપર ચડી જાય. આડી વાડે ન હતી કે એની ઓથે ભરાઈ બેસે. વૅન્ડરપૂલ માનતો કે હાથમાં બંદૂક હોય એટલે બસ; શિકારના શા ભાર છે કે છટકી જાય! પણ એની જાડી બુદ્ધિમાં એટલું નહોતું ઊતરતું કે બંદૂકથી એકાદ હાથી મરાય, કંઈ વીસે ય થોડા જ એકસામટા ભોંયભેગા થઈ જાય? અને હાથી એટલે કબૂતર નહોય. એને મારવા માટે તો બરોબર એના નાના મગજ પર નિશાન લેવું પડે. વૅન્ડરપૂલ બીતો નહોતો, કારણકે હાથીના શિકારમાં એકશુંય સમજતો નહોતો.

આસ્તે આસ્તે પગલાં માંડતો હાથીનો નાયક આગળ આવ્યો. ધીરેધીરે શિકારી અને શિકાર વચ્ચેનું અંતર ઓછું થવા લાગ્યું. સો ફૂટ, પચાસ.....પચીસ....ક્રોધથી ધૂંધવાતો હાથી પંખેડી માફક કાન પાથરતો હતો કે રખે રજ પણ અવાજ વણસાંભળ્યો રહી જાય. સૂંઢ લાંબીટૂંકી કરતો ને આમતેમ વીંઝતો ભોંય પર પડેલાં પગલાંની ગંધ લેવા તે મથતો હતો. તાનમાં હોય તેમ ઝૂલતું એનું પહાડ જેવું પ્રચંડ કલેવર ક્રોધથી કંપતું હતું.

બીક અને ગભરામણથી ટૉમ્પ્સન ઠંડોગાર થઈ ગયો હતો; અને હવે તો, નજીક આવતા હાથીના વિકરાળ સ્વરૂપથી વૅન્ડરપૂલના પણ હોશકોશ ઊડી ગયા હતા. શું થશે એની વાટ જોતો, વણબોલ્યો બંદૂક પંપાળતો તે જમીન સરસો ચંપાઈ ગયો હતો. પેલું ગીધ હજી માથા પર ચક્કર લીધા જ કરતું હતું. એની તીક્ષ્ણ આંખોમાં આતુરતા ચમકતી હતી.

ટૉમ્પ્સનની આંખો હાથી પર હતી, પણ એનું મગજ તો ભૂતકાળ ભૂલવા મથતું હતું. ગઈ સાલ આ જ ટોળાના પગે ચગદાએલા એના મિત્ર લિન્ડસેના વિચારો એને આવતા હતા. લિન્ડસેએ કેવા યે ગ્રહમાં બંદૂક મારી કે નિશાન ચૂકી ગયો; અને વ્હાર આવી પહોંચે ત્યાર પહેલાં તો ખલાસ: હાથીના પગ નીચે છૂંદાઈ ગયો હતો. અને પેલો થોર્પ. બીચારો આશાભર્યો હાથીના શિકારે આવેલો. માર્યો ય ખરો; પણ એક જ. બીજા તો જીવતા જમ જેવા ઊભા હતા. એટલે એક પડતાંવેંત બીજાએ એને ચડપ લઈને સૂંઢમાં ઉપાડ્યો; ઝાડ સાથે ઝીંક્યો; અને લોથને ભોંય પર નાખી ઘૂંટણથી રગડી ચાંપી પ્રાણ લીધો. આ બીચારા તો જેવાતેવા. પણ કાર્લ એકલે! એને તો વૅન્ડરપૂલ જેવા પણ માનની નજરથી જોતા હતા. એક વખત એના પર પાછળથી હાથીએ હુમલો કર્યો, પણ દહાડો ઘેર, એટલે વાત કહેવા જીવતો રહ્યો. દાંતમાં ભરાવી ચગદી નાખવા હાથીએ ઘણાંય વલખાં માર્યાં, પણ દાંત અને સૂંઢની વચ્ચેના મારગમાં ભરાઈ જવાથી બચી ગયો...

એક પછી એક આ બધાં ભયંકર સ્મરણો તેના મગજ પરથી પસાર થઈ ગયાં. સામે પચીસ ફૂટ છેટે જમ જેવો કરાળ હાથી તૈયાર બની સ્થિર ઊભો હતો. બીજા એની પાછળ ચિડાએલા, પગ પછાડતા, ધૂંધવાતા હતા. ધીમેધીમે ટૉમ્પ્સને બંદૂક તૈયાર કરી. અંતઘડી તો છે જ; એટલે મરતાંમરતાં ય ગોળી મારવી પડે તો મારી લેવી. જે થવાનું હોય તે થાય! વૅન્ડરપૂલ પણ એનું અનુકરણ કરવા લાગ્યો. બીચારાને એને જોખમનું પૂરું ભાન પણ નહોતું. એનું રૂંવેરૂંવું તો ઘોડો દબાવવા ફરકી રહ્યું હતું.

પણ રામ રાખે તેને કોણ ચાખે? એમનાં સદ્ભાગ્યે અચાનક હાથીના ટોળામાં ઘમસાણ મચ્યું. કાં તો કોઈ બચ્ચાએ કોઈ હાથીની પાની કચરી હોય, અગર તો મદઘેરાતી આંખોવાળી માદાઓ બકેકે ચડી હોય; પણ ચિચિયારી પાડી ટોળાના હાથીઓ ખળખળી ઊઠ્યા. એ સાંભળતાં જ વીજળી પડે તેમ નાયક પાછો ફર્યો. એક જ ડગલે ટોળા પાસે જઈ પહોંચ્યો ને પહેલો હાથમાં આવ્યો તેને એક એવી તો સજ્જડ ઢીક મારી કે તરત જ બીક અને શરમથી ટોળું ગભરાઈ ગયું. બધા કીકિયારીઓ પાડતા, બાંગડતા, ધૂળ ઉડાડતા આમતેમ જમીન ખૂંદવા માંડ્યા.

લાગલો જ ટૉમ્પ્સન ઊભો થયો. ફટરુંધસડે તેમ વૅન્ડરપૂલને બાવડે ઝાલી ઊભો કર્યો ને 'ચાલ, નાસ હવે; નહિ તો આવી બન્યું!' કરી દોટ મૂકી.

જમીન સરસા દબાતા ચંપાતા બંને નાઠા. આગળ ટૉમ્પ્સન ને પાછળ વૅન્ડરપૂલ. જોતજોતાંમાં તો જાળાં પાછળ થઈ ગયા. વૅન્ડરપૂલનો શ્વાસ માતો ન હતો, તો ય લથડતી જીભે બબડતો હતો કે 'હત્ તારી. બધો ખેલ બગાડી નાખ્યો! કેટલી બેવકૂફી! આખો આફ્રિકા ખૂંદી વળ્યા ત્યારે હાથી હાથમાં આવ્યો. પણ બંદૂક ફોડવાની હિંમત ચાલે ત્યારે ને?'

ટૉમ્પ્સન હસ્યો. એના મોં પર હર્ષ ને સંતોષની લાગણીઓ હતી. 'મને જો ખબર હોત કે હાથી આટલા નજીકમાં છે, તો એમની મુલાકાતે આવી રીતે જવાનો વિચાર પણ કર્યો ન હોત. ગરમીથી હાથીઓ અકળાયા ન હોત તો અત્યારે આપણે જીવતા હોત ખરા કે?'

'પણ હવે?'

'હવે શું વળી? પાછા તંબૂએ જવાનું.' માર્વિને ઘડિયાળ જોતાં કહ્યું: 'અને તે પણ બનતી ઝડપથી. પેલા ભૂતોથી છૂટા પડ્યે ચાર પહોર થયા.'

'ચાર વરસ થયાં, મારા મનથી તો!' વૅન્ડરપૂલે ચિડાતાં કપાળ પરનો પરસેવો લૂછ્યો.

'આજે સવારથી જ તેઓ બબડતા હતા, એટલે એમના પર મને ઝાઝો વિશ્વાસ નથી.

પૂલ બંદૂક ખભે કરે તે પહેલાં તો હતું એટલું જોર કાઢી એણે દોટ મૂકી અને જોરથી ચીસ નાખી: 'હાં....હાં....થોભ ! જોજે ગોળી છોડતો ! આ હાથીને તો હું ઓળખું છું!'

તટસ્થ જોનારને તો માર્વિનના આ શબ્દો એનું મગજ ખસી ગયાની નિશાની જ લાગે. આફ્રિકાના ભયંકર જંગલી હાથી સાથે ઓળખાણનો દાવો કરનાર આ શિકારી કેવળ વિવશ ચિત્તે જ બોલતો હશે એમ સ્વાભાવિકપણે લાગે. પણ વૅન્ડરપૂલ કંઈ તટસ્થ જોનાર ન હતો. એ તો આ આખા યે નાટકમાં મહત્ત્વનો ભાગ ભજવનાર પાત્ર હતો. વળી મગજ ઉપરથી એનો કાબૂ ગયો હતો. એટલે ટૉમ્પ્સને ઝડપ મારી એની બંદૂક ફગાવી દીધી એવું જ એણે કકળાણ કરી મૂક્યું. આમ બીજી વખત હાથમાં આવેલા શિકારને ખૂંચવી લેવાથી નાના બચ્ચાની પેઠે એ જમીન પર લોટી પડ્યો, પોતાના મોં તથા વાળમાં ધૂળ ભરવા માંડી અને બરાડા મારતો ધૂળમાં મોં સંતાડતો રડવા માંડ્યો: 'હાય રે હાય! હર પળે તું તો આગળનો આગળ! આટલી મારી મહેનતનું ફળ શું?' એણે ડૂસકાં ભરવા માંડ્યાં.

પણ ટૉમ્પ્સનને આની પરવા ન હતી. એ તો સ્થિર ઊભો હતો. એની આંખો હાથી પર ચોંટી હતી.

'હાઉદીની!' પરાણે અવાજ સ્થિર કરતો, ધ્રૂજતો ધ્રૂજતો એ બોલ્યો, 'હાઉદીની! દોસ્ત! મને ઓળખે છે ને? જો, તારા માટે મેં શું કર્યું હતું, તે યાદ છે ને?'

આ માણસનો અવાજ સાંભળતાં જ હાઉદીનીની ઝીણી આંખો ચમકી ઊઠી. માર્વિન ફરીથી એનું એ બોલ્યો. બે વખત–ત્રણ વખત. ફરીથી હાથીની આંખોમાં વિચિત્ર તેજ ચમકવા લાગ્યું. એના કાન માથા સાથે ચોંટી ગયા!

ટૉમ્પ્સન હાથીની પ્રદક્ષિણા કરી જે દિશામાંથી પવન વાતો હતો તે તરફ આવીને ઊભો રહ્યો. એની ગંધ આવતાં જ હાઉદીનીએ બરાડ પાડી. ના પાડતો હોય તેમ માથું હલાવતો તે સૂંઢ વીંઝવા માંડ્યો ને ધીમેધીમે પાછા પગલે ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો!

એ ગયો કે તરત જ માર્વિને વૅન્ડરપૂલનો હાથ પકડી તેને ઊભો કર્યો, 'ચાલ દોસ્ત!'

'કેમ ભલા? ક્યાં?'

'હવે પાણી મળશે. આપણે બચી ગયા!'

'આપણી વાત તો ઠીક; પણ આ હાથી તો બચી જવા પામ્યો,—તારે લીધે.'

એનું સાન્ત્વન કરતો ટૉમ્પ્સન બોલ્યો, 'તું સમજતો નથી, ભાઈ; એને હું ઓળખું છું. એના ડાબા દંતૂશળની અણી આડકતરી ભાંગી ગઈ છે તે તેં જોઈ?'

'હા.' બેવકૂફની પેઠે વૅન્ડરપૂલે ડોકું હલાવ્યું.

'આ હાથી તો ઘણાં વરસ પહેલાં ટચૂની સરોવર ઉપર આવેલી મારી છાવણી પાસે આવતો-જતો. ત્રણ વરસ સુધી લાગલાગટ અમારી છાવણીએ એ આવ્યા કરેલો. અમારી વાવેલી શાકભાજી એ ખાઈ જતો. આખરે કંટાળીને મેં એના પોતાના માટે એક ખાસ ક્યારો બનાવ્યો. એટલે પછી તો એ સમજી ગયો. આવે ત્યારે પોતાના ભાગમાં જ એ ખાઈ જાય અને અમારાંને અડકે ય નહિ. મારી આખી જિંદગીમાં મેં આફ્રિકાનો આ એકલો જ હાથી એવો જોયો છે કે જેણે પાળેલાં પ્રાણી જેવાં લક્ષણ દેખાડ્યાં હોય.'

હજી આ વાતચીત ચાલતી હતી ત્યાં અચાનક બંને જણની આગળ જાદુગરની પેઠે ગુપચુપ આવીને પાછો હાથી ઊભો રહ્યો! ઝાડીમાંથી એ એવી તો ચપળતાથી આવેલો કે બંને જણને એના પગરવનો સનકારો પણ પહોંચ્યો નહિ!

'જોયું ને? આ માટે જ અમે એને હાઉદીની કહેતા. આપણા નામચીન અમેરિકન જાદુગર હાઉદીની જેટલો જ ચપળ, જો તો ખરો!'

ત્યાં તો એક ક્ષણમાં તો લહેકાતોલહેકાતો હાથી પાછો ફર્યો અને ઝાડીમાં પીગળી જતો લાગ્યો. પગ નીચે ન એક ડાંખળી પણ ચંપાઈ, કે ન એની એવડી વિશાળ પીઠ પર એક પાંદડું સરખું યે ફરક્યું. એની હિલચાલ એટલી તો શાંત હતી કે જાણે કોઈ અંધકારનો કાળો ઓળો ઝાડીમાં ઓગળી જતો ન હોય!

ફરીથી હાથી આવ્યો. ટૉમ્પ્સને એની જોડે વાતો કરવા માંડી. સૂંઢ લંબાવી એણે ગંધ લીધો. ધીમેધીમે પૂંઠ ફેરવી ને લીલી ટીશીઓ ખાતોખાતો ફરી ઝાડીમાં પીગળી ગયો.

'અલ્યા, તું તો કહેતો'તો ને, કે એ આપણને બચાવશે? ને આ તારો જંગલનો જાદુગર તો ક્યાં ય ચાલ્યો ગયો!'

'ના ના, ચાલ. આપણે જોઈએ તો ખરા કે આ મારી સ્ફૂરણા સાચી છે કે માત્ર ભ્રમણા.'

અને બંને જણે પ્રયાણ આદર્યું. અજબ દોસ્તી દાખવનાર હાઉદીનીને પગલે પગલે ચાલતા, થોડીથોડીવારે એને પહોંચી વળતા, વળી છૂટા પડતા તેઓ પંથ કાપવા લાગ્યા. હાથી યે એમની વાટ જોતો હોય તેમ થોડેથોડે અંતરે ઊભો રહેતો. આવે વખતે વૅન્ડરપૂલને ચૂપ રાખી ટૉમ્પ્સન હાથી જોડે વાતો કરતો.

પણ હાઉદીનીએ તો નીચાણમાં પાણી મળે તેવી જગ્યાએ ન જતાં, મેદાનની ઊંચી જગ્યા પર ચડવા માંડ્યું. એ જોતાં જ ટૉમ્પ્સનના પેટમાં ફાળ પડી. ત્યાં પાણી તો હોય જ નહિ; અને અહીં તો હવે તરસથી બંનેના જીવ જતા હતા. ટૉમ્પ્સનની આંખે અંધારાં આવતાં હતાં. તાવ, તરસ અને ગાંડપણથી રીબાતા લંગડા વૅન્ડરપૂલના આખા યે શરીરનો ભાર એના ખભા પર હતો. હાઉદીની હવે એને નિરાશાજનક લાગ્યો. પણ હજી એની હિંમત થોડીઘણી રહી હતી. એટલે સો વાર ચલાય તો એટલું પણ ચાલવાનો એણે નિશ્ચય કર્યો. વૅન્ડરપૂલને નીચે બેસાડી એ ઊંચાણની કોર પાછળ નીચે શું દેખાય છે તે જોવા એ આગળ વધ્યો. હાઉદીની જ્યાં અલોપ થયો હતો ત્યાં આગળ ઝાડીમાંથી એણે જેવી નીચે નજર કરી તેવો જ એ આનંદની ચીસ પાડી ટટ્ટાર થઈ ગયો અને દોડતાંક ને વૅન્ડરપૂલનું માથું ઊંચું કરી, પાસે હતું તેટલું પાણી એના મોંમાં રેડી દીધું!

નીચે થોડે દૂર મેદાનમાં એમના માણસો તંબૂ તાણી પડ્યા હતા.

એ રાત્રે ટૉમ્પ્સને પેટ ભરીને નોકરોનો હિસાબ લીધો. એના શબ્દો અને અલંકારો સાંભળવા જેવા હતા. પણ વૅન્ડરપૂલને એ સાંભળવાનો અવકાશ ન હતો. એને એક ખાસ મહત્ત્વનું કામ કરવાનું તો હજુ બાકી હતું. પણ ટૉમ્પ્સનને એનું કાંઈ સાંભળવા કરતાં, બીજી જાતનો ખુલાસો કરવાનો હતો. એટલે એકાદ કલાક બાદ છાવણીમાં ખૂબ શોધતાં પણ વૅન્ડરપૂલ જડ્યો નહિ ત્યારે ગભરાઈને એક ટોળી લઈને તે એની શોધમાં ઊપડ્યો.

'ગોરા સાહેબ તો પાણીની ડોલ ભરીને ખચ્ચર પર સવાર થઈને ગયા છે.'

'સાવ ગપ' કહી મજૂરની આ વાત ટૉમ્પ્સને માની નહિ. પરંતુ અરધાક કલાકના પગેરાને અંતે જ્યારે એણે જાતે વૅન્ડરપૂલને જોયો ત્યારે મજૂરની વાત સાચી લાગી.

એ સ્થૂલકાય અર્થપતિ ઝાડની ઊંચી ડાળીએ બેઠા હતા. જમીન પર પાણીની ખાલી ડોલ પડી હતી, અને એમની ચોકી કરતો હાઉદીની ઝાડ નીચે ઝૂલતો હતો! કલબલાટ કરી માણસોએ હાથીને હાંકી કાઢ્યો.

નીચે ઊતરી શરમાતાંશરમાતાં વૅન્ડરપૂલે ખુલાસો કર્યો: 'મારા મનમાં કે બીચારા ભલા હાથીને પાણી પાઈ આવું. પણ એને તો એની રજ પણ પડી ન હતી!'

આહીં આ વાત પૂરી થાય છે. માત્ર કંઈ અગત્યનું ઉમેરવાનું હોય તો તે એટલું જ કે ત્રણ અઠવાડિયા પછી એકેય હાથીને માર્યા વિના વૅન્ડરપૂલે અમેરિકા ભણી પગલાં વાળ્યાં.

'હાઉદીનીને મળ્યા પછી–' ક્લબમાં વાત કરતાં એણે ખુલાસો કરેલો કે—'હાથીને મારતાં મારો જીવ ચાલ્યો નહિ.'

# જૉબ ચાર્નૉકનું નગર

ભારતની એક સમયની રાજધાનીની ★ રંગદર્શી કથા . . . લેખક • ચંદ્રકાંત બક્ષી

**"ઈ. ૧૬૯૦, ઑગસ્ટ ૨૪ :** સંકરાલ પાસે કૅપ્ટન બ્રૂકે અમને એમના વહાણમાં સુતાનુતી જવાનો હુકમ કર્યો. બપોરે અમે સુતાનુતી આવ્યા. જગ્યા બહુ વિચિત્ર લાગી. અમારે રહેવા માટે ખાસ કોઈ જ વ્યવસ્થા નથી. રાતદિવસ વરસાદ પડ્યા કરે છે."

કલકત્તાના ઇતિહાસમાં આ દિવસ પ્રાથમિક અગત્યનો છે, જ્યારે જૉબ ચાર્નૉકે અત્યારના હાટકોલા પાસે, સામાન્ય માન્યતા મુજબ અત્યારના સ્મશાનઘાટ નીમતલ્લામાં પગ મૂક્યો. જૉબ ચાર્નૉકની આ ત્રીજી સફર હતી. ઔરંગઝેબના બંગાળના સૂબા નવાબ ઈબ્રાહીમખાનના આમંત્રણ, અને મદ્રાસના ફૉર્ટ સૅંટ જ્યૉર્જના અંગ્રેજ હાકેમોની સૂચનાનું આ પરિણામ હતું.

કલકત્તાના ઉત્થાન અને ઉત્કર્ષની તવારીખ બહુ રસિક છે. રુડયાર્ડ કિપ્લિંગની એક પ્રસિદ્ધ કવિતામાં કલકત્તાને આકસ્મિકરીતે સર્જાઈ ગએલું જણાવવામાં આવ્યું છે. કલકત્તાનું સર્જન વસ્તુતઃ આકસ્મિક નથી, પણ રંગીન જરૂર છે. અને એ સર્જન તથા વિકાસ સાથે એક સાહસિક અંગ્રેજનું નામ અનિવાર્યરીતે સંકળાએલું છે,—જૉબ ચાર્નૉક.

જૉબ ચાર્નૉક ઈસ્ટ ઇંડિયા કંપનીના એક સાધારણ કર્મચારી તરીકે લગભગ ઈ. ૧૬૫૫માં બંગાળમાં આવ્યો હોવાનું મનાય છે. ૧૬૬૩માં એ હુગલી ખાતેની કંપનીની કોઠીનો અમલદાર બન્યો, અને એ જ વર્ષે પટણામાં એના જીવનનો પ્રેમકિસ્સો બની ગયો. આ કિસ્સાનું મુખ્ય પ્રમાણ એના વિરોધી ઍલેક્ઝાન્ડર હૅમિલ્ટનનો અહેવાલ છે.


એ સમયે સતી થવાનો રિવાજ પ્રચલિત હતો. મુઘલ-યુદ્ધ પૂર્વે એક વાર જૉબ ચાર્નૉક પોતાના થોડા સૈનિકો સાથે પટણાની બહાર ફરી રહ્યો હતો ત્યારે એક ખૂબસૂરત હિંદુ વિધવાને એણે સતી થવાની તૈયારીમાં જોઈ. ચાર્નૉકે તરત સૈનિકો મોકલ્યા અને એ સ્ત્રીને બચાવી લીધી. પાછળથી એ સ્ત્રીએ ચાર્નૉક સાથે લગ્ન કર્યાં, જેનાથી એને એક પુત્ર અને ત્રણ પુત્રીઓ થયાં. એમનું લગ્નજીવન સુખી રહ્યું, અને જ્યારે એનું અવસાન થયું ત્યારે કલકત્તામાં એની સમાધિ બનાવવામાં આવી. પાછળથી ત્રણે પુત્રીઓ અંગ્રેજોને પરણી હતી.

ઇ. ૧૬૭૯માં ચાર્નૉકની કાસિમ બઝારના નાયક તરીકે નિમણૂક થઈ. થોડા સમય પછી એ બંગાળના ઉપસાગરનો ગવર્નર થયો, પણ આ સમય દરમ્યાન કંપની અને એ વખતના સૂબા નવાબ શાહિસ્તખાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું, અને ગવર્નર ચાર્નૉકે હુગલી છોડીને સુતાનુતી(સૂતરબજાર-રૂબજાર)માં આશ્રય લીધો. એ જ વર્ષે નવાબના હુમલા સામે ચાર્નૉકે સુતાનુતી છોડ્યું. દરમ્યાન, કામચલાઉ સમાધાન થતાં ચાર્નૉક બીજી વાર સુતાનુતી આવ્યો. યુદ્ધ ફરી શરૂ થયું અને ૧૬૮૮માં ચાર્નૉકને બીજી વાર સુતાનુતી છોડવું પડ્યું. જ્યારે ફરી સંધિ થતાં ત્રીજી વાર જૉબ ચાર્નૉક રવિવાર તારીખ ૨૪મી ઑગસ્ટ ૧૬૯૦ને દિવસે સુતાનુતી આવ્યો ત્યારે મૂશળધાર વરસાદ પડી રહ્યો હતો. સમીપનાં ગોવિંદપુર અને કલિકાતા ગામોમાં લોકો ઝૂંપડાંઓમાં ઘૂસી ગયા હતા અને નદીના બંને કાંઠા પર ગોઠણભર કાદવ જામી ગયો હતો.

એ પછીનું ચાર્નૉકનું જીવન દંતકથાઓ અને લોકવાર્તાઓમાં વિલીન થઇ જાય છે. સાંજ પડતી અને ચાર્નૉક સુતાનુતીના વિશાળ લીમડા નીચે ખમીસ અને પાયજામામાં ખાટલા પર બેસતો અને હુક્કો પીતો. અહીં ખેડૂતો આવતા, દૂર દેશના માલમ આવતા, પાસેનાં ગામડાંઓમાંથી બુઢ્ઢા શાહુકારો આવતા, ચર્ચા કરતા અને સાંજ ઢળતાં પહેલાં જંગલો વીંધીને સીધી વાટે ત્વરાથી ચાલ્યા જતા. પરિણામે સુતાનુતી, કલિકાતા અને ગોવિંદપુર વિકસવા માંડ્યાં અને આજના મહાનગર કલકત્તાની શૈશવાવસ્થાનો આરંભ થયો.

ઈ. ૧૬૯૨ની ૧૦મી જાન્યુઆરીએ બંગાળની ભેજવાળી હવા અને સખત તાપે થકવી નાખેલા જૉબ ચાર્નૉકે ૬૨મે વર્ષે દેહ છોડ્યો. એ જ રાત્રે સળગતી મશાલોના પ્રકાશમાં કલકત્તાના એ સંસ્થાપક અને પિતાને દફનાવવામાં આવ્યો. આજે પણ સેન્ટ જ્હૉન્સ ચર્ચના એક ખૂણામાં એની ગમગીન, ભીની સ્મૃતિરૂપ સમાધિ ઊભી છે.

બંગાળીમાં કલકત્તાને 'કલિકાતા' કહે છે. વિપ્રદાસ કવિની 'માનસ મંગલા', જેનો સમય ૧૪૯૫નો મનાય છે, એ કલિકાતાનો સર્વપ્રથમ ઉલ્લેખ કરે છે. કવિકંકણ મુકુંદરાય ચક્રવર્તીની કૃતિ 'ચંડીકચ્ય' (૧૫૭૭થી ૧૫૯૭ની વચ્ચે)માં કલિકાતાનો પરિચય આપતાં જણાવ્યું છે કે 'કલિકાતા, પવિત્ર તીર્થ કલિક્ષેત્ર(અથવા કાલિઘાટ)ની નિકટ આવેલું નાનુંગામડું છે.' અબુલ ફઝલની 'આઇને અકબરી' (૧૫૯૦) કલિકાતાને સપ્તગ્રામની સરકારના એક મહાલ તરીકે નોંધે છે. સપ્તગ્રામ એ કાળના



અંગ્રેજોની સત્તા જામતી જતી હતી તે સમયનું આજથી દોઢેક સદી પહેલાંનું કલકત્તાનું બારું (તે કાળના પ્રાચીન ચિત્ર ઉપરથી)

બંગાળનું એક પ્રખ્યાત બંદર હતું. ૧૭મી સદીમાં જ્યારે અંગ્રેજો અને મુઘલો વચ્ચે વિગ્રહ થયો ત્યારે ચાર્નોકે હૂગલી છોડીને સુતાનુતી પસંદ કર્યું, કારણ કે અહીંની નદીમાં જહાજો બિલકુલ કિનારા સુધી આવી શકતાં હતાં. બીજું કારણ એ હતું કે હૂગલીના પતન પછી હિંદુ વેપારીઓ સુતાનુતીમાં આવી વસ્યા હતા, એટલે અંગ્રેજ વેપારીઓ માટે આ સ્થળની પસંદગી યોગ્યતર હતી. બાહ્ય આક્રમણોની દૃષ્ટિએ પણ સુતાનુતી વિશેષ સુરક્ષિત હતું. અહીંથી નદીમાર્ગે ઉત્તર ભારત સાથે વેપાર કરવો સુગમ થઈ પડે તેમ હતું. આ સર્વ કારણો એકઠાં થઈ ગયાં અને ભારતના વિશાળતમ નગરના જન્મમાં કારણભૂત બન્યાં. એ સમયે આ ત્રણે ગામડાંઓ લીલા વાંસનાં જંગલો અને નદીના ગંદા પ્રવાહોની વચ્ચે છૂટાંછવાયાં પડેલાં હતાં.

કલકત્તાના ઇતિહાસનો બીજો અધ્યાય શરૂ થાય છે ૧૬૯૮માં. એ સમયે ઔરંગઝેબનો પૌત્ર અઝીમ-ઉસ-શાન બંગાળનો સૂબો હતો. એશ-ઓ-આશાયેશમાં ચૂર એ મુઘલ શાહઝાદાને રૂ. ૧૬,૦૦૦ આપી કંપનીએ આ ત્રણે ગામડાં ખરીદવાની રજા મેળવી લીધી અને એ રજા મુજબ ૧૦ નવેમ્બર ૧૬૯૮ને રોજ કંપનીએ રૂ. ૧૩૦૦ આપીને સુતાનુતી, કલિકાતા ને ગોવિંદપુર એમના માલિકો પાસેથી ખરીદી લીધાં. પાછળથી ૧૭૧૭માં બાદશાહ ફરૂખશિયર તરફથી શાહી ફરમાન મળતાં કંપનીની સ્થિતિ, વાસ્તવિક ને કાનૂની બન્ને દૃષ્ટિએ, મજબૂત બની ગઈ.

**આ**જે તો ઇતિહાસ અને ૨૫૦ વર્ષના ધોવાણે કલકત્તાની સૂરત પલટી નાખી છે, છતાં પણ આજનાં અમુક પરિચિત સ્થાનોનો એ સમયના કલકત્તામાં સમાવેશ થતો હતો. કલકત્તાની કલ્પના સાથે જ એક વસ્તુ અનાયાસે યાદ આવી જાયછે–ચૌરંગી. જેવો લંડન અને પિકૅડિલી સર્કસ, પારીસ અને શાં સેલિસે, ન્યૂ યૉર્ક અને ફિફ્થ ઍવન્યુનો સંબંધ છે, એવો જ સંબંધ છે કલકત્તા અને ચૌરંગીનો. ચૌરંગી આજના કલકત્તાનો પ્રધાન રાજમાર્ગ છે, અને એનો વ્યક્તિગત ઇતિહાસ પણ ઓછો ગુલાબી નથી. ૧૭૧૭ સુધી અહીં ડાંગરનાં ખેતરો અને થોડાં ઝૂંપડાં હતાં. ગોવિંદપુર અને ચૌરંગીની વચ્ચે જંગલોમાં વાઘોનો ચાલુ ઉપદ્રવ રહેતો. ૧૭૬૪માં ત્યાં લોકોએ વ્યવસ્થિત રીતે રહેવું શરૂ કર્યું. ધીરેધીરે જંગલો સાફ થતાં ગયાં અને ૧૮મી સદીના અંતમાં ફૅશનેબલ અંગ્રેજો અહીં રહેવા માંડયા. ૧૯મી સદીના આરંભમાં લૉર્ડ વેલેન્શિયાએ ચૌરંગીને 'મહેલોના ઉપનગર' તરીકે વર્ણવ્યું છે. ૧૮૪૮ સુધી ત્યાં દુકાનો ન હતી. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં વસાહતો ઝડપી બની. ચૌરંગી નામની ઉત્પત્તિ ચોક્કસ મળી શકતી નથી–કદાચ હિંદુઓનાં પસાર થતાં વિવિધરંગી જુલૂસોએ આ નામ આપ્યું હોય. બીજી ધારણા એવી છે કે શિવના એક ધર્મનિષ્ઠ પૂજારી 'જંગલગીર ચૌરંગી' પરથી એ નામ પડ્યું છે.

કલકત્તાના વિવિધ માર્ગોની પાછળ ધૂમિલ ઇતિહાસ પથરાએલો પડ્યો છે. આજનો ચિતપુર રોડ મૂળ કાલિઘાટના તીર્થે જવાનો રસ્તો હતો અને એ નામ ચિતપુર (ચિત્રપુર) નામના ગામ પરથી આવ્યું છે. ચૌરંગી અંગ્રેજોનું પ્રિય સ્થાન હતું જ્યારે ચિતપુર તરફ મુખ્યતઃ હિંદીઓ રહેતા. સ્ટ્રૅન્ડ રોડ હૂગલી નદી પૂરીને બનાવવામાં આવ્યો છે. નદીને માર્ગે કલકત્તાનું મુખ્ય દ્વાર ગાર્ડન રીચ હતું. અહીં અગ્નિ–એશિયાથી અરબ વહાણ આવતાં, પશ્ચિમના સાગરોથી વલંદા અને ફિરંગી જહાજો લાંગરતાં અને ગાર્ડન રીચ પરના હારબંધ, સફાઈદાર મહેલો (જેના પરથી કલકત્તા 'મહેલોનું નગર' કહેવાતું) એ જહાજોઓનું સ્વાગત કરતા. કલકત્તાનો એ શ્રેષ્ઠ વિસ્તાર હતો, પણ પાછળથી એ સ્થાન ચૌરંગીએ લીધું. 'ખિદરપુર' નામ વહાણોના એક ઈસ્ટ ઇંડિયન વેપારી જેમ્સ 'કિડ'ને આભારી છે. સર એલીજા ઈમ્પીના 'બગીચામાં થઇને જતો રસ્તો' આજે 'પાર્ક સ્ટ્રીટ' બની ગયો છે. ચંદન પાલ નામનો કરિયાણાનો એક નાનો વેપારી કલકત્તાને 'ચાંદપાલ ઘાટ'નો વારસો આપી ગયો છે. લાલ બઝારમાં ખાસ કંઈ જ ફેરફાર થયો નથી. કલકત્તાના વિખ્યાત 'ઈડન ગાર્ડન'નું સર્જન ગવર્નર ઑક્લૅંડની બે વિદૂષી બહેનો મિસ ઈડન્સની સૂચનાઓ અને શ્રમને આભારી છે. ફૉર્ટ વિલિયમ પ્રથમ ૧૬૯૯માં સ્થપાયો હતો ને એ જ અરસામાં (લગભગ ૧૭૦૯) આજના ડેલહાઉસી સ્ક્વેર અથવા લાલ ડીઘીનું ખોદકામ થયું હતું. થોડાં વર્ષો બાદ જ્યારે મુઘલાઇનો લય થવા માંડ્યો અને મરાઠાઓની અસર ઈશાનમાં હૂગલી સુધી પહોંચી ત્યારે કલકત્તાના લોકોએ શહેરને ફરતી સાત માઈલની અર્ધચક્રાકાર ખાઈ ખોદવા માંડી. અંતે મરાઠાઓ અને બંગાળના નવાબ વચ્ચે સુલેહ થતાં ખાઈનું કામ અટકી ગયું અને એનો ગટર તરીકે ઉપયોગ થવા માંડ્યો. લગભગ ૬૦ વર્ષો પછી ૧૭૯૯માં આ ખાઈ પૂરવામાં આવી ને આજનો 'સર્ક્યુલર રોડ' અસ્તિત્વમાં આવ્યો.

૧૭૫૭ના પલાશીના વિજયે કલકત્તાના વિકાસમાં અગ્રિમ ભાગ ભજવ્યો છે. નવાબ પાસેથી મળેલી દોલતથી ગોવિંદપુરનું જંગલ સાફ કરવામાં આવ્યું. એક વર્ષ પછી આધુનિક ફૉર્ટ વિલિયમનો પાયો નંખાયો, જે ૧૭૮૧માં બંધાઈ રહ્યો. કિલ્લાની સામેનું જંગલ કપાઈ ગયું અને એ વિસ્તીર્ણ પ્રદેશ આજે 'મેદાન' નામે ઓળખાય છે. અંગ્રેજો નવાબોને લૂટતા ગયા અને કલકત્તા મહેલોની નગરી બનતી ગઈ.

૧૯૧૨ સુધી ભારતના પાટનગર તરીકે રહેવાનું સૌભાગ્ય કલકત્તાને પ્રાપ્ત થયું હતું. ફલતઃ કલકત્તાની સર્વતોમુખી પ્રગતિ થઈ શકી છે. શણ, ચા, કોલસા અને પોલાદના ઉદ્યોગોએ કલકત્તાને પૂર્વનું એક જબરદસ્ત મથક બનાવી દીધું છે. ૧૯૦૧ની ૮,૫૦,૦૦૦ની વસતિ આજે વધીને ૬૦,૦૦,૦૦૦ની સંખ્યા પસાર કરી ગઈ છે. મછવાઓમાં સુતાનુતીથી કલિકાતા જતા જૉબ ચાર્નોકનું નગર 'પૂર્વ સાગરોની સામ્રાજ્ઞી'નું બિરુદ પામી ચૂક્યું છે અને એની સડકો પર આજે ૭૫,૦૦૦ ઝડપી વાહનો દોડી રહ્યાં છે. કલકત્તાના મહત્ત્વનો ખયાલ માત્ર એક જ દૃષ્ટાંતથી આવી જશે. સ્વ. વલ્લભભાઈ પટેલે તેમના અવસાન પૂર્વે બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડની એક સભામાં જણાવ્યું હતું કે જ્યારે દેશના વિભાજનની ચર્ચાઓ ચાલતી હતી ત્યારે મુસ્લિમ લીગના નેતાઓએ કલકત્તાની માગણી કરેલી. (એ વખતે બંગાળમાં મુસ્લિમ લીગની સરકાર હતી.) કૉંગ્રેસ કોઈ પણ સંજોગોમાં કલકત્તા છોડવા તૈયાર ન હતી અને વાટાઘાટો તૂટવાની અણી સુધી આવી ગઈ હતી. અંતે કૉંગ્રેસે સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે જો કલકત્તા પાકિસ્તાનમાં જશે તો હિંદુસ્તાનનું વિભાજન અમને મંજૂર નથી.

કલકત્તાને જોવા માટે, સમજવા માટે એક સૌથી આવશ્યક વસ્તુ છે, જેને પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ કહે છે 'ઐતિહાસિક દૃષ્ટિકોણ.' જરા સતર્ક પ્રવાસી કે અભ્યાસીને માટે કલકત્તા એક પછી એક આશ્ચર્યો પર્દાફાશ કરતું રહે છે. 'ફ્રી સ્કૂલ સ્ટ્રીટ'ની એક સામાન્ય તકતી બતાવે છે કે આ મકાન અંગ્રેજ સાહિત્યિક વિલિયમ મેઈકપીસ થૅકરેનું જન્મસ્થાન છે! મ્યૂઝિયમની પાછળના માર્ગ પરની એક જૂની હૉટેલની વિઝિટ બુકમાં ૧૮૯૬માં હાસ્યલેખક માર્ક ટ્વેઈન અભિપ્રાય મૂકી ગયો છે! ચૌરંગી પરની બૅંગૉલ ક્લબ મૂળ મૅકોલેનું નિવાસસ્થાન હતું! રાજા રાજેન્દ્ર મલિકના પ્રાસાદમાં આજે પણ રીનાસાંના પ્રસિદ્ધ કલાકારો રૂબેન્સ, મ્યુરિલો અને અન્ય ઈટાલિયનોના ભભકભર્યા રંગો જોવા મળી જાય છે. કોઇકોઇ વખત ઇતિહાસ ખુશનુમા સ્વરૂપ લઈ લે છે અને સમાચારપત્રોમાં, મિશન રો પર હેસ્ટિંગ્સના ભૂતની સવારી દેખાયાના ખબરો પણ ચમકી ઊઠે છે...

...અને એ વખતે નિકટના સેંટ જ્હૉન્સમાંની નાની કબરમાંથી જૉબ ચાર્નોકનો આત્મા હેસ્ટિંગ્સની શાનદાર સવારી જોઈ રહેતો હશે!

# શિખામણ



પ્રબોધ જોષી

આ આપણી ચાર દિનની જિંદગીમાં આપણે શું કરી શકીએ તેમ છીએ? કાંઇ કરતાં કાંઇ નહિ. વેદો અને શાસ્ત્રો, ધર્મો અને નીતિગ્રંથો કહી જ ગયાં છે કે 'ખાલી હાથે આવિયા, ખાલી હાથ જનાર.' પૈસા માટે આવતો યુગ ફાંફાં મારે છે. આજનો યુગ માને છે કે 'સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે.' પૃથ્વીનું સર્જન થયું ત્યારથી ભૂગોળ બતાવે છે કે પૃથ્વી ધરી ઉપર ચાલે છે, પણ આજે તો સ્પષ્ટ દેખાઇ રહ્યું છે કે દુનિયા ધરી ઉપર નહિ પણ પૈસા ઉપર ચાલે છે! કહેવાય છે કે કોઇ ભગવાને કહ્યું છે કે 'હું તો ભાવનાનો ભૂખ્યો છું.' અસલનો જમાનો ભાવનાનો ભૂખ્યો હતો, પણ આજનો જમાનો તો રોકડા પૈસાનો ભૂખ્યો છે. 'પૈસાને તો કૂતરાં યે ચાટતાં નથી' એ વિષય ઉપર સુંદર મનનીય લેખ પણ લોકો પૈસા લીધા પછી જ લખે છે. હમણાં જ 'પૈસો દૂષણ છે' એમ બતાવતું એક નાટક એક નિર્માતાએ પૈસા બનાવવા માટે જ રજૂ કર્યું હતું.

પણ આ બધું છતાં એક વસ્તુ આપણે જોઇ છે કે માણસ પૈસા સાથે લઇ જતો નથી. એટલે પૈસા એ અગત્યની વસ્તુ નથી. હતો એક જમાનો, કે જ્યારે શારીરિક સ્વાસ્થ્યનાં મૂલ્ય અંકાતાં. ઇતિહાસ અને પ્રાચીન કથાઓમાં વર્ણવેલી કન્યાની પતિની પસંદગીની કક્ષા જો વિચારીએ તો લાગે કે આજે કેટલા યે યુવાનોએ કુંવારા જ રહેવું પડે! એ જમાનામાં માણસની મર્દાનગી મહત્ત્વનો ગુણ ગણાતી. આજે તો સ્વાસ્થ્ય બગાડવું એ કલાકાર થવા માટેનું પહેલું પગથિયું છે. રાત્રે ઉજાગરા કરવા, બીડીઓ ફૂંકવી, વાળ વધારવા, ઢીલાં ને મેલાં લઘરવઘર કપડાં પહેરવાં, શૂન્ય તરફ તાકી રહેવું એ બધી 'કલાકાર'ની નિશાનીઓ છે, એટલે આજે શરીર કે આરોગ્ય પર ભાર મુકાતો નથી. અલબત્ત, શરીરસ્વાસ્થ્ય પર લગભગ દરેક દૈનિક અઠવાડિયે એક પાનું આપે છે, અને તે વંચાય છે પણ ખરું; પણ એ તો વિશાળ વાચન બતાવવા, નહિ કે શરીર સુધારવા. અને આજનો યુગ તંદુરસ્તીમાં ન માને તેમાં કંઈ ખોટું પણ નથી.

માણસ તેના શરીરને સાથે નથી લઇ જતો. બલકે, માણસના પૈસા તો અહીં બીજાને પણ કામ આવે છે, પરંતુ શરીર તો તરત જ બાળીને પંચમહાભૂતમાં મેળવી દેવાય છે.

તો, આપણે જરા ફિલસૂફી કરીએ, યાને ટૂંકમાં ડહાપણ કરીએ, તો પૈસો કે શરીરસ્વાસ્થ્ય એ કંઇ જીવનના સંગ્રામો નથી. આ જિંદગી સુધારવા માટે એક જ વસ્તુ કામની છે. એ છે સત્કાર્ય, દુઃખી પ્રત્યે દયાભાવ, સુખી પ્રત્યે સમભાવ, વિમાર્ગે ગએલાને યોગ્ય બોધ કે માર્ગદર્શન વગરે વગેરે.

તમે આ લેખ ધાર્મિક માનીને વાંચતા હો તો કૃપા કરીને તરત પાનું ફેરવી નાખો. જો તમે આને અત્યારથી જ નિબંધ માનીને વાંચતા હો તો હું તમને કહી દઉં કે વાંચ્યા પછી તમે નિરાશ થાઓ તો તે માટે હું જવાબદાર નથી. આને હાસ્યલેખ તો માનતા જ નહિ. આ એક કરુણ કથા છે. હા; કરુણ. એ કરુણની જોડણી 'કરૂણ' થાય છે એમ શબ્દકોષ કહે છે. અમે ઘણી વાર ભૂલમાં 'કરુણ' કરી છે, અને તે સામે ખાસ વિરોધ થયો નથી. પણ એક વસ્તુ અહીં કહી દઉં કે આ વાર્તામાં કરુણ રસ લાગે નહિ તો ગભરાશો નહિ, અમે તમને 'કરુણ'ની જોડણી 'કરૂણ' કે 'કરુણ' કરવા અત્યારથી જ ના પાડી દઇએ છીએ.

રમેશ, પ્રકાશ અને હું બેઠા હતા. રમેશે વાતમાં ને વાતમાં કહેવા માંડ્યું કે 'અરે, છોડોને યાર, સુરેશ જેવો નાલાયક માણસ જ કોઈ નથી જોયો.' મેં પ્રકાશ સામે પછી જોયું; પહેલાં રમેશ સામે જોયું. રમેશે આગળ ચલાવ્યું: 'સુરેશ કેમ ભણ્યો છે તે મને પૂછો ને? મૅટ્રિકમાં તો ફૉર્મ જ ના મળત. લાગવગ લગાડી અપાવ્યું. અને કૉલેજની ફી તો ચીમનલાલે આપી! સુરેશ ભણ્યો પારકે પૈસે ને જાણે મોટો લાટસાહેબનો દીકરો હોય તેમ હવે ડહાપણ કરે છે!'

મને થયું કે રમેશની આંખો જો મારી દિશામાં આવે તો હું મારી આંખો દ્વારા તાર કરું કે 'બસ હવે; ચૂપ મર!' પણ પ્રકાશે તો પૂછી નાખ્યું: 'એમ કે? તે સુરેશ મૂળ ગરીબ કે?'

રમેશના હાથમાં પ્રકાશે શું મૂક્યું? નિસરણી. અને રમેશે તેના પહેલા પગથિયે ઊભા રહીને કહ્યું, 'તો તમને કશી ખબર જ નથી? અરે, સુરેશનો તો ઇતિહાસ છે. કૉલેજમાં કંઈક દેવાં કરેલાં; અને આ લીનાને પરણ્યો કેવી રીતે એ તો ખબર છે ને?'

પ્રકાશે તેનો હાથ ઝાલી ઉપરને પગથિયે લાવતો હોય તેમ પૂછ્યું, 'કેવી રીતે કેમ? લીના તેની પાછળ ગાંડી થઈ ગઇ હતી, વળી.'

રમેશે બીજા પગથિયે આવી કહ્યું, 'હોય? મૂળ વાત તો એમ હતી કે સુરેશને છોકરી જ ન મળે. એટલે એ તો જે મળે તેની સાથે પરણવા તૈયાર હતો. લીનાની કમનસીબી એ કે તે કાચા મનની અને ભોળી, તે એને બિચારીને માટે ખોટી અફવાઓ ઊડી, એટલે એને કોઈ લે નહિ. હવે સમજ્યાને?...'

પ્રકાશે ફરી રમેશને હાથ આપી પૂછ્યું, 'સમજ્યો; ભાઇને કોઈ દે નહિ, અને બહેનને કોઇ લે નહિ વાળો ઘાટ હતો એમ જ ને? પણ રમેશભાઈ, સુરેશને આજે હોદ્દો સારો મળ્યો; અને પગાર પણ...'

રમેશે જાતે જ ત્રીજા પગથિયે કૂદકો મારીને કહ્યું કે 'અરે છોડોને! બાંધી મૂઠી લાખની! એ તો કહેવડાવે છે પોતાની જાતને સેક્રેટરી, બાકી એની સાચી પાયરી હેડ ક્લાર્કની વળી! અને એ બહાર બધાને કહે છે કે એને કુલ સાડી સાતસો પગાર મળે છે; બાકી કોઇને કહેતા નહિ, પગાર માંડ ત્રણસો છે.'

પ્રકાશે વળી પાછી રમેશને ચાવી આપી: 'હા, એ ખરું; પણ ગમે તેવો તો યે તમારો ઉપરી, અને...'

ચાવી પૂરી અપાય તે પહેલાં પ્રકાશનો હાથ છટક્યો ને રમકડું ચાલવા માંડ્યું: 'ઉપરી?! શાનો ઉપરી, માથાનો? અમારાં ખાતાં જુદાં! એ વ્યવસ્થાના ખાતામાં ગણાય; હું તો વેચાણ ખાતામાં. હું વેચું નહિ તો એ શું કરે, ધૂળ?! મારી મહેનત ઉપર તો એનો પગાર મળે છે. તમે તો સમજુ છો, યાર, છાપાનો તંત્રી કંઈ જાહેરખબરના ખાતાવાળાનો ઉપરી ગણાય? બસ, તો એવો જ આ ઘાટ છે.'

પ્રકાશે આ વખતે બરાબર ચાવી આપ્યા પછી જ હાથ લીધો, અને તરત રમેશ બોલ્યો: 'કોણે કહ્યું? અરે, બનાવટ છે. બીજાના ચોપડા લખવાના એને મહિને ત્રણસો મળે છે? તદ્દન ખોટી વાત. મફત લખી આપે છે. એને એમ કે જરા વટ પડે. અરે, યાર તમે ક્યાં નથી જાણતા? લેખકો નથી કહેતા કે છૂટક લખવાના લેખ દીઠ પંદર મળે છે? કોઈ લેખકને પાંચ મળે છે? બિલકુલ એ વાળી જ વાત છે.'

પ્રકાશ છાપામાં નોકરી કરતો હતો, એટલે રમેશ વળી તેને એ જાતની ઉપમા આપ્યે જતો

હતો. મેં એને રોકવા બહુ સંજ્ઞાઓ કરી, પણ એ મૂર્ખ સમજે જ નહિ. એક વખત પ્રકાશ નહોતો જોતો ત્યારે રમેશે મારી તરફ જોયું અને મેં તેને આંખ મિચકારી, તો એ અક્કલના બારદાને મને પૂછ્યું, 'કેમ? તારી આંખ ફરકે છે અલ્યા?' અને આ મૂર્ખે પ્રકાશની આગળ સુરેશની પ્રતિષ્ઠાનું પોસ્ટ મૉર્ટમ કરી નાખ્યું. બધી જ વાત સાંભળીને પ્રકાશે કહ્યું, 'ચાલો, બહુ મઝા આવી આજે. પછી મળીશું; હું જાઉં.'

પ્રકાશ ગયો. તરત જ રમેશને ધમકાવ્યો: 'શું પાગલની પેઠે બધું બાફી માર્યું!'

'કેમ?'

'કેમ શું?' પ્રકાશને નથી ઓળખતો? એ સુરેશનો મિત્ર છે. ને પાછો 'જર્મ કૅરીઅર!''

'અંગ્રેજી શબ્દ ના બોલ.'

'અરે, સમજતો કેમ નથી? એ તારી બધી જ વાત સુરેશને કહી દેશે.'

'પણ શું કરવા કહે?'

'એને એવી ટેવ છે.'

'એવી એટલે કેવી?'

'કોઇની પાસેથી બધી વાત સાંભળી, જેને માટે થઈ હોય તેને પહોંચાડી દેવી. પ્રકાશ તો તદ્દન નાલાયક માણસ છે. તારે એને કોઇની પણ વાત ન કરવી જોઇએ.'

'લે, પણ સુરેશને એ શું કરવા કહે?'

'સુરેશને વહાલો થવા!'

'પણ એ વહાલો શું કરવા થાય?'

'એને એમાં મઝા આવે.'

'મઝા? આમાં મઝા શી આવે?'

'રમેશ, તું તો સાવ ભોળો છે. એ સુરેશને જઇને તારી કહેલી વાત કહે, એટલે તારે અને સુરેશને જામે; તમારાં મન ઊંચાં થાય, અને પ્રકાશ એમાં બંનેનો હિતેચ્છુ ગણાય.'

'પણ આમાં મને કંઈ ફાયદો નથી દેખાતો.'

'તને શાનો દેખાય? સુરેશને મોંએ તારી કહેલી વાત તારા નામે કહે; હવે એ તો સાચી જ હોય, એટલે સુરેશ કંઈ બોલે નહિ, પણ તેને લાગે કે પ્રકાશને પોતા માટે લાગણી છે. આમ, તારા નામે સુરેશને એ માપી લે, અને પાછો સુરેશ તારા માટે જવાબમાં જે કંઈ બોલે તે સાંભળે. તમારી બેની તકરારમાં, તું અને સુરેશ ભેગા મળો નહિ, અને તમારા બંનેની સાચી હકીકત પ્રકાશ જાણી જાય અને બંનેને વહાલો થઇને પોતાનો લાભ મેળવી જાય.'

'આવું તો આજે જ સાંભળ્યું.'

'તને ખબર નથી. આવી એકની વાત બીજાને પહોંચાડનારા તો બહુ જ સુખી હોય છે. એમને તારા જેવો મળવો જોઇએ.'

'મારા જેવો એટલે?'

'કોઈની કાપનારો. સાચી કાપે, એટલે એ પહોંચાડે જ; પછી એને મઝા આવવાની જ. આવા નારદિયાથી ચેતતા રહેવું.'

'પ્રકાશ એવો છે?'

'અરે પ્રકાશને તું ઓળખતો નથી. એના જેવા સલાડા કરાવનાર તો બેરાંય નહિ હોય.'

'ના, ના; પ્રકાશ તો સીધો લાગે છે.'

'સીધો શાનો? મીંઢો છે! કંઈકની કતલ આમ ને આમ જ કરી નાખી.'

'ગજબ કહેવાય! મનાતું નથી.'

'શાનું મનાય? ઉંદર જેવો છે. ફૂંકીફૂંકીને કરડનારો છે.

'જાઓ જાઓ હવે; પ્રકાશ આવો?'

'અરે પ્રકાશ તો સુંવાળો સાપ છે, સાપ!'

'મને તો ખબર જ નહિ કે પ્રકાશ...'

'રમેશ, તું ભલો છે. પ્રકાશ આવી રીતે બેને લડાવીને તો પૈસા બનાવી શક્યો છે. અને એમાં એનો વાંક નથી. જેને આવા બીજા માટે સત્ય કહેનારા બોકડા મળે તે જો જેના માટે કહેવાયું હોય તેને પહોંચાડે તો તેને તો સુખ જ મળવાનું ને?'

રમેશને ગળે આખરે મારી વાત ઊતરી. તેણે કહ્યું, 'ઠીક થયું તેં સમજાવ્યું તે; આભાર. ચાલ હું હવે જાઉં...'

અમે છૂટા પડયા. દુનિયામાં પ્રકાશ જેવા માણસો બહુ હોય છે, અને રમેશ જેવા ભોળા પણ. આવા ચાડિયાઓથી ચેતતા રહેવા માટે ભોળા અને ભલા લોકોને શિખામણ આપવી એ જીવનની મોટી સાર્થકતા છે.

તમે રમેશની કરુણતા જોઇને? પણ તમે એમ ના માનતા કે આટલું કહેવા જ મેં વાત કરી હતી. ખરી વાત તો હવે શરૂ થાય છે.

ત્રીજે જ દિવસે મને પ્રકાશ મળ્યો. મળતાંની સાથે જ તેણે મને કહ્યું 'કેમ, મિસ્ટર! તમે શું સમજો છો?'

મેં પૂછ્યું, 'શું થયું?'

પ્રકાશે કહ્યું, 'પાછું શું થયું પૂછે છે! હું 'જર્મ કૅરીઅર' છું, એમ? હું કોઈની વાત સાંભળી તેને પહોંચાડી દેનારો છું, એમ? હું લોકોને વહાલો થઈ મઝા મેળવું છું, કેમ? હું નારદિયો છું, સલાડા કરાવનાર છું, મીંઢો છું, અને ઉંદર છું એમ ને? હું તો સુંવાળો સાપ છું, કેમ?'

હું શું કહું? મેં રમેશને જે કંઈ કહ્યું હતું તે રમેશે પ્રકાશને આરામથી પહોંચાડી દીધું હતું! હું રમેશ ઉપર ખિજાયો અને તેને મળવા ગયો. તે વખતે સુરેશ તેને, પ્રકાશને તેણે કહેલી વાત માટે, ધમકાવતો હતો. પછી રમેશે સુરેશને, પોતે પ્રકાશને મારી વાત કહેવા ગયો ત્યારે, ખુશ થઈ પ્રકાશે તેને માટે વાપરેલા શબ્દો કહ્યા, એટલે સુરેશ ચૂપ થઇને જતો રહ્યો. પ્રકાશ જોડે લડવા જ ગયો હશે ને?' મેં રમેશ સામે જોયું. મેં તેને પૂછ્યું 'તેં પ્રકાશને શું કહ્યું હતું?'

રમેશે હસતાં હસતાં કહ્યું, 'દોસ્ત, તેં ઠીક સમજાવ્યું. એકની વાત બીજાને પહોંચાડવામાં ખૂબ મઝા આવે છે. તારી શિખામણ સરસ છે!'

મૂર્ખ રમેશ! એણે મારી શિખામણમાંથી પ્રકાશને મોંએ વાત નહિ કરવાનો સાર ન લેતાં પ્રકાશ જેવા બંનેને વહાલા થઈ સુખી થાય છે એ સાર લીધો. અસલના કાળથી બનતું આવ્યું છે કે તમારી શિખામણ તમારી વિરુદ્ધ જ જાય છે!

મારા રમેશ પ્રત્યેના લાગણીભર્યા ઋણનો રમેશ આવો બદલો વાળશે તેની મને ખબર નહિ. મેં તમને કહ્યું હતું ને, કે આ વાર્તા કરૂણ છે? પણ સાથે મેં તમને એ પણ કહ્યું હતું ને, કે જોડણીની બાબતમાં આ વાર્તા 'કરૂણ' કે 'કરુણ' નથી, વસ્તુતઃ આ 'ક-ઋણ'ની કથા છે?

## ગુજરાતી નાટ્યમંડળે યોજેલી બીજી નાટ્યલેખન હરીફાઇનાં પરિણામો

ગુજરાતી નાટ્યમંડળે યોજેલી આ વર્ષની નાટ્યલેખન હરીફાઈમાં શ્રી પ્રાણલાલ દેવકરણ નાનજી તરફથી જાહેર થએલું રૂપિયા ૫૦૦)નું પ્રથમ પારિતોષક શ્રી બચુભાઈ શુક્લને એમના નાટક 'હરિરથ ચાલે' માટે મળ્યું છે, તથા શ્રી મૂળરાજ કરસનદાસ તરફથી જાહેર થએલું રૂ. ૪૦૦)નું બીજું પારિતોષિક શ્રી શિવકુમાર જોષી તથા શ્રી પ્રાગજી ડોસા વચ્ચે અનુક્રમે તેમનાં નાટક 'મહાનલ' અને 'મંગલ મંદિર' માટે, તથા શ્રી પ્રેરમદાસ હરગોવનદાસ તરફથી જાહેર થએલું રૂ. ૩૦૦)નું ત્રીજું પારિતોષક શ્રી પ્રબોધ જોષી તથા પ્રા. મધુકર રાંદેરિયા વચ્ચે અનુક્રમે તેમનાં નાટક 'રૂપાં' તથા 'અન્તે તો તમારી જ' માટે વહેંચી આપવામાં આવ્યું છે. ઉત્તેજનાર્થે ચોથું પારિતોષક શ્રી અનન્ત આચાર્યને તેમના નાટક 'કરિયાવર' માટે શ્રી જયંતિલાલ આર. ત્રિવેદી તરફથી આપવામાં આવ્યું છે.

# પચ્ચીસ વર્ષ પહેલાં




જેઠ '૮૭
અંક ૭૮

સ્વામી આનંદ અને શ્રી રામનારાયણ પાઠકના, આજના જુવાનોને અજાણ્યા એવા શરૂના જીવનના પરિચયો, 'રસોડાનો વૈદ્ય' એવા મથાળા નીચે ઘરગથ્થુ ઉપચારોના નુસખા, સ્વ. ગિજુભાઈના 'દાદાની તલવાર' વિશેનાં બાળપણનાં રોમાંચક સ્મરણો વગેરેમાંથી ટૂંકાટૂંકા ઉતારા આપવાને બદલે આ અંકમાં આવેલી વાર્તા 'જંગલનો ભેદ' જ અમે અન્યત્ર ઉતારીએ છીએ,–એટલા માટે કે, જગવિખ્યાત અમેરિકન સાહસસફરી માર્ટિન-જૉન્સનની ડાયરીમાં વર્ણવેલા, આફ્રિકાના ભીષણ પ્રદેશમાં હિંસક જંગલી હાથીના શિકારના એમાંના અદ્ભુત વસ્તુને સંપૂર્ણ ન્યાય કરે એવી ચોટદાર બરછટ સમુચિત ને દિલચસ્પ બાનીમાં શ્રી હરિનારાયણ આચાર્યે એને વર્ણવી છે. અગાઉ એકવાર અમે કરેલો આવો (પચ્ચીસ વર્ષ પહેલાંની આખી વાર્તા ઉતારવાનો) પ્રયોગ એકાદ વાચકને નહોતો ગમ્યો; પણ આ પચ્ચીસ વર્ષમાં ફરી ક્યાંય પ્રકટ ન થએલી એવી એ રસભરી વાર્તા, શ્રી આચાર્યની કલમની તાકાતનો જેમને પરિચય છે તેમનો તો જરૂર સત્કાર પામશે એવી અમને ખાતરી છે.

એટલે આ પાના પર તો, હવે, આ અંકમાં આવેલો ડુપ્લીકેટર બનાવવાનો એક ઉપયોગી નુસખો ઉતારીએ છીએ. એ અનુભવસિદ્ધ છે.

"હસ્તલિખિત માસિકો કે નાનાં હસ્તપત્રો વગેરેની નકલો ઘેરબેઠાં કાઢવા માટે આજે સામાન્ય રીતે બજારનાં મોંઘાં વિલાયતી ડુપ્લિકેટરો વપરાય છે. તેને બદલે નીચેની રીતે કાળજીથી કામ કરશો તો ઘેર બનાવી શકાશે.

ડુપ્લિકેટરનું ખાસ અગત્યનું અંગ તે છાપ ઉતારવાનું પડ અથવા ગાદી છે. તે જેટલી સારી તૈયાર થઈ હોય તેટલી ચોખ્ખી અને વધારે નકલો તે પરથી ઉતારી શકાય. એટલે તેની બનાવટમાં ખાસ કાળજીની જરૂર છે.




ઉપરના ચિત્રમાં એ ગાદીના મિશ્રણ માટે માપ આપ્યાં છે. તે મુજબ એક ઔંસ જિલેટીન (અથવા તેને બદલે સારો વિલાયતી સરેસ) રાત્રે ત્રણ ઔંસ પાણીમાં પલાળી રાખવું. બીજે દિવસે તેને નીચેની રીતે ગરમ કરવું. સરેસ પલાળેલા વાસણ કરતાં ઠીકઠીક મોટા એક બીજા વાસણમાં પાણી ગરમ કરવા મૂકવું અને પાણી સારી પેઠે ઊકળે એટલે તે પાણીમાં સરેસવાળું વાસણ મૂકી દેવું. એ ગરમ પાણીની એકસરખી ગરમીથી સરેસ ઊકળવા માંડશે. તે સરેસવાળા વાસણમાં ગરમ પાણી ન પડે તે ધ્યાન રાખવું. તે સારી રીતે ખદખદે એટલે વધારાનું પાણી નીતારી નાખવું. પછી એ જ રીતે એક બીજા વાસણમાં ઉપર બતાવેલા માપ મુજબ ગ્લિસરીનને ખૂબ ગરમ કરવું અને પછી તે બંનેને મેળવવાં. તે સાથે જ, તેમાં ઉપલા ચિત્રમાં બતાવેલા માપ પ્રમાણે બેરિયમ સલ્ફેટ તથા સાકરનો ભૂકો નાખવાં અને સારી પેઠે હલાવીને મેળવવાં. ઠંડું પડે અને જાડો રસ થાય એટલે પતરાની એક ચોખંડી છીછરી રકાબીમાં તે ઠારવું. એ ગાદી તૈયાર થઈ.

એ ગાદી પર જે પહેલી નકલ છાપવાની તેને માટે શાહી પણ ખાસ પ્રકારની જોઈએ. બજારમાં જાંબલી રંગના ગાંગડા મળે છે. એવા બે ભાગ ગાંગડા, બે ભાગ મેથિલેટેડ સ્પિરિટ, ૧ ભાગ સાકર, ૪ ભાગ ગ્લિસરીન અને ૨૪ ભાગ પાણી એ તેનું માપ. પહેલાં ગ્લિસરીન તથા સ્પિરિટ મિલાવી તેમાં રંગ પીગાળવો ને સાકરને પાણીમાં ઓગાળવી. પછી બંને મિશ્રણને એકઠાં કરી દેવાં; એ શાહી તૈયાર થઈ.

આ શાહી વડે સારા લખવાના કાગળ પર લખવું. માત્ર તેની ટાંક જુદી રાખવી, ને ડબકો પાડ્યા વિના કે જાડાપાતળા અક્ષરો થવા દીધા વિના એકસરખું સ્વચ્છ લખાણ લખવું. પછી પાંચેક મિનિટ સુકાવા દઈને તેને પેલી ગાદી ઉપર ઉતારવા, કાગળને કરચલી ન રહે તેમ બરોબર સપાટ ગાદી પર ચોંટાડી દેવો. ધીમે હાથે થોડું પસરાવવાથી છાપ અંદર જામવા માંડશે. એ સ્થિતિમાં પણ તેને પાંચેક મિનિટ રહેવા દેવો. પછી કાળજીથી કાગળ ઊખેડી લેવાથી ઊલટી છાપ ત્યાં ઊતરી ગએલી જણાશે. બસ, તે પર કોરા કાગળ મૂકતા જઈ, ઉપર બ્લૉટિંગ મૂકીને હાથ પસારવાથી, અગર સપાટ વેલણ જેવા સાધન વડે ધીમું દબાણ આપવાથી એક પછી એક નકલો ઉતારી શકાશે.

આ ને 'રાખ' જેવી વસ્તુ પણ કેવી ઉપયોગી છે તે વિષેનો એક ફકરો શ્રી નટવરલાલ વીમાવાળા (હવે માળવી)ના લેખમાંથી એ અંકની 'માધુકરી'માંથી ફરી ઉતારવા જેવો છે:'

'"રાખ જેવું છે" કહીને વખોડવા માટે જે વસ્તુને આપણે આમ હલકામાં હલકી ગણી વગોવીએ છીએ એ નાચીઝ રાખ જીવનમાં કેટલી ઉપયોગી છે એનો વિચાર કર્યો છે? વાસણ માંજવાથી માંડીને દવા સુધી તેના ઉપયોગ છે. અને અનાજ સંઘરી રાખવામાં એના જેવું બેમૂલ ને સફળ સાધન કયું છે? વાસણને જરા પણ ઘસારો આપ્યા વિના તે ચિકાશ અને મેલ સાફ કરે છે અને ઓપ લાવે છે. કુલડી કે મેલાંની દુર્ગંધ અટકાવવા માટે ફિનાઈલ જેવો ગુણ તેનામાં છે. માકડ, મંકોડા, કીડી જેવાં જંતુઓના ઉપદ્રવ વખતે વેરવાથી તે સપાટાબંધ તેમને નસાડે છે; અગર તમારી પથારીની આસપાસ તેની પાળ બાંધવાથી સુરક્ષિત બનાવે છે. સૂકા મગના અડાયાની રાખના ચોખ્ખા પોડાને મીઠાના પાણીમાં ભીંજવી સુકાવા દઈને દંતમંજન તરીકે વાપરવાનો નુસખો તો બહુ ઓછા જાણતા હશે. વળી શીતળા ટંકાવ્યા પછી દાણા ઉપર બોરિક ઍસિડને બદલે આપણા જૂનવાણી લોકો તો હજી યે અડાયાની સ્વચ્છ રાખ વાપરીને રૂઝ આણે છે. અસલથી એ ઘરગથ્થુ, મફતનો અને સાર્વત્રિક નુસખો ચાલ્યો આવ્યો છે. બીજું તો બધું ઠીક, પણ આપણા ફેઈસ પાઉડરને બદલે પણ રાખ વાપરવાની સૂચના કોઈ કરે તો હસવું જ આવે ને? કહે છે કે ૪૦–૫૦ વરસ પર એ જ વપરાતી. ગુલાબજળમાં કાલવીને આજે પણ વાપરી જોજો. (ન. વી.)'

### દોઢાંના ગુણાકારની નવી રીત

કોઈ રકમને દોઢે ગુણવી હોય ત્યારે આપણે ત્રણ વડે ગુણીને બે વડે ભાગીએ છીએ; પણ એ કરતાં સરળ રીત નીચે આપી છે.

દા. ત. ૫૬૯૮×૧॥. દોઢાં શીખ્યા હો તો તેનો ઉપયોગ કરીને સીધેસીધો દાખલો આમ થાય: આઠ દોઢે બારનો બગડો, વિદ્યા એક. પણ આઠની પહેલાં નવડો છે, માટે તેને દોઢે ગુણતાં સાડા તેર થશે. આ દશકની જગ્યાએ ½ તે એકમની જગ્યાએ પાંચ બરોબર થાય. એટલે શરૂઆતમાં જ આઠ દોઢે બાર સાથે આગલી એકી રકમનાં પાંચ મેળવી સત્તરનો સાતડો વિદ્યા આવી એક. આમ, જ્યારે જ્યારે આગળનો આંકડો એકી હોય ત્યારે તે પછીના આંકડાને ગુણકથી ગુણતી વખતે જ પાંચ ઉમેરી દેવા. આમ છેલ્લે જવાબ આવશે ૮૫૪૭. મેળવી જુઓ.



# કલા વાર્તા



ટ્યૂનીશિયાની મૂરિશ કલાના ←અલંકારો→

## મિત્તલ દંપતી

આગાઉ ૩૬૬મા અંકની 'કલાવાર્તા'માં આવેલો, 'ભારતીય કસીદા' નામના ભરતગૂંથણના પુસ્તકનો પરિચય જેને યાદ હશે તેઓ, એ મૂલ્યવાન પુસ્તકનાં સંપાદક દંપતી શ્રી જગદીશ મિત્તલ તથા શ્રીમતી કમલા મિત્તલનાં નામથી પરિચિત હશે. નવોદિત ભારતીય કલાકારોમાં એમનાં નામ ઠીક ગણનાપાત્ર થયાં છે, અને હૈદરાબાદમાં (જ્યાં એ દંપતી હાલ વસે છે ત્યાં) તેમજ ભારતમાં અન્ય સ્થળે એમની કૃતિઓનાં પ્રદર્શનો ધ્યાનપાત્ર બન્યાં છે. શ્રી મિત્તલની કેટલીક કૃતિઓ જાપાનના રાષ્ટ્રીય કલાસંગ્રહાલયમાં, ઇરાનના એલચીખાતામાં, અને આપણે ત્યાં ભારત કલાભવન વગેરેના ખાનગી સંગ્રહોમાં છે.

માત્ર ત્રીસ જ વર્ષની વયના શ્રી જગદીશ મિત્તલનો જન્મ ઈ. ૧૯૨૫માં મસૂરીમાં થએલો. ત્યાંનાં બેનમૂન કુદરતી દશ્યોએ તેના બાળમાનસ ઉપર એવી અસર કરેલી કે કુમાર વયથી જ તેને ચિત્રકળાની લગની લાગી અને શાળા તથા ઘરની બધી જ ફુરસદનો સમય તે ચિત્રો કરવામાં જ ગાળતા. ઈ. ૧૯૪૨માં હાઇસ્કૂલની પરીક્ષા પહેલા વર્ગમાં અને ચિત્રકળામાં સવિશેષ ગુણાતિશયતા સાથે પસાર કરીને એ કૉલેજમાં ગયા ત્યાં ચિત્રકળાના તેમના શોખને છુટ્ટો દોર મળ્યો અને દહેરાદૂનમાં ભરાએલા જિલ્લા પ્રદર્શનમાં પોતાની ૪૫ કૃતિઓનું એમણે પ્રદર્શન ભર્યું. રીતસરની લેશપણ શાળાકીય તાલીમ વિના કરેલી તેમની એ કૃતિઓની ઉત્કૃષ્ટતાએ શ્રી સુધીર ખાસ્તગીર (ત્યાંના સિદ્ધહસ્ત કલાકાર ને કલાશિક્ષક)નું ધ્યાન ખેંચ્યું, અને પછી તો એમની કલાની લગની એટલી બધી તીવ્ર બની કે એકધારા કૉલેજ-જીવનનો એમને કંટાળો આવવા લાગ્યો. ફલતઃ બીજે વર્ષે ઈન્ટરમીજિયેટ પરીક્ષા પસાર કરતાં જ તેમણે સાથીઓને સલામ ફરમાવી નિર્ભેળ કલાભ્યાસ માટે શાન્તિનિકેતનનો રસ્તો લીધો. ત્યાં ભારતના વિખ્યાત કલાગુરુ શ્રી નંદલાલ વસુના હાથતળે એમણે ભારતીય કલાનાં નાનાવિધ સ્વરૂપોનું આકંઠ પાન કર્યું અને ચિત્રકળા, ભીત્તિચિત્ર, વૂડકટ એચિંગ તથા બાટિકની વિશિષ્ટ કાપડ-છાપકલામાં તાલીમ લઈ ઈ. ૧૯૪૯માં શાન્તિનિકેતન કલાભવનની અંતિમ ડિપ્લોમા મેળવી.



'નવોઢા'–વૂડકટ : શ્રીમતી કમલા મિત્તલ


અભ્યાસ પૂરો થતાં માસ્ટર મૉશાય (નંદબાબુ)ની ભલામણથી એમના વતન હિમાચલ પ્રદેશની સરકારમાં કલાશિક્ષકો માટેની તાલીમી શાળામાં એમની નિમણૂક થઈ. સહૃદય પરિશ્રમથી એમણે એ કાર્ય તો યશસ્વીરીતે પાર પાડ્યું જ, પણ એ પ્રદેશમાં ચંબા રાજ્યમાં રહેવાની એમને મળેલી આ તકમાં એમને એક વિરલ યોગ મળી ગયો, અને તે ત્યાંની પહાડી કલાશૈલીનાં રહસ્યો શીખવાનો. ત્યાંની કેટલીક ઉત્કૃષ્ટ કૃતિઓની નકલો કરવા ઉપરાંત એમણે ત્યાં જે સંશોધનકાર્ય કર્યું તેમાંથી પહાડી ચિત્રણ તથા રંગવિજ્ઞાનની મોંઘી માહિતી એમને મળી. 'ભારતીય કસીદા'ના ભરતગૂંથણની જેમ આજે તે તળપદા ભારતીય રંગોનાં મૂળ સાધનો, તેની બનાવટ, તેનાં સ્થાનિક નામો વગેરેના સંશોધકની ખ્યાતિ પામ્યા છે, અને તેને અંગેની એમની પાસેની માહિતી તથા જ્ઞાનનો ભંડાર આશ્ચર્યજનક છે.

આથી જ, એમનાં ચિત્રોમાં એમનાં શાસ્ત્રીય સંશોધનની છાપ સ્પષ્ટ તરી આવે છે, અને એમનાં કેટલાંક ચિત્રોનાં મૂળ તથા માંડણી કોઈ તળપદા રંગોની અજબ પ્રેરણાશક્તિ પાછળ રહેલાં હોય છે. એમનાં કોઈપણ રંગચિત્રો પ્રકટ કરવાની અનુકૂળતા અમને નથી મળી પણ આ સાથે એમની તથા એમનાં પત્ની શ્રીમતી કમલા મિત્તલની થોડી કૃતિઓના ફોટોગ્રાફ પ્રકટ કરીએ છીએ. એમના ચિત્ર 'કેશસમાર્જન'માં તળપદી પહાડી શૈલીના લાલિત્ય ઉપરાંત સ્ત્રીની તત્સમયની સાહજિક છટા અને મધુર માર્દવનો આસ્વાદ મળે છે.

શ્રીમતી કમલા મિત્તલ પણ શાન્તિનિકેતનનાં જ વિદ્યાર્થી છે. ૧૯૫૦માં ત્યાંનો ડિપ્લોમા લઇ તે ૧૯૫૧માં શ્રી જગદીશ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં ને આજે ભારતીય સ્ત્રીકલાકારોમાં ધ્યાનપાત્ર હરોળમાં ઊભાં છે. આ સાથેની એમની ચૂંટેલી કૃતિઓ દર્શાવે છે તેમ ચોટદાર ચિત્રસંયોજન અને તાલબદ્ધ રેખાઓ ઉપર એમનો સારો કાબૂ છે, અને ગૃહકાર્યમાં એકાગ્ર પાત્રોનાં ઝીણવટભર્યાં આલેખન પર એમને પક્ષપાત છે. જોકે છેલ્લે છેલ્લે એમણે એ પદ્ધતિ છોડી દઇને તદ્દન સાદી પણ ઉઠાવદાર શૈલીમાં કોઈ નિશ્ચિત ભાવને ઘનીભૂત કરવાના હિંમતભર્યા પ્રયોગો કરવા માંડ્યા છે. આ સાથેના 'રજાઈ શીવનારીઓ' ને 'સાદડી ગૂંથનારીઓ'નાં એમનાં ચિત્રોમાં વ્યાપી રહેલો છંદ (rhythm) ખાસ નોંધપાત્ર છે. ચિત્રકારી, ભીંતચિત્રો અને વૂડકટ ઉપરાંત તેમનો ખાસ રસ તો, ભારતની લાંબાકાળથી વિસરાઈ ગએલી 'બાટીક'ની કાપડછાપની કલામાં છે, જે આજે પણ જાવાનો રાષ્ટ્રીય કસબ છે. મણિપૂરી શાળ ઉપર વણેલાં શ્રીમતી કમળાનાં કેટલાંક ઉત્કૃષ્ટ ભાતીગળ વસ્ત્રો પણ આપણી નૂતન વસ્ત્રકળામાં નોંધપાત્ર ઉમેરો કરે એવાં છે.

## 'યાળી' વિષે વધુ

ગયા અંકમાં વર્ણવેલા, આપણાં શિલ્પોમાંના એક કાલ્પનિક પ્રાણી 'યાળી' અથવા કેસરી-

સાદડી ગૂંથનારીઓ   શ્રીમતી કમલા મિત્તલનાં બે ચિત્રો   રજાઈ સીવનારીઓ


સિંહ વિષે એક વિસ્તૃત લેખ મદ્રાસના અંગ્રેજી દૈનિક 'હિંદુ'ની રવિવારી આવૃત્તિમાં આવેલો તે સાથેનું એક ચિત્ર અહીં આપ્યું છે. એના લેખક શ્રી એમ. કૃષ્ણન આપણાં પક્ષી-પ્રાણી-જીવજંતુ વિષે જુદાંજુદાં સામયિકોમાં સતત લેખો લખનાર તરીકે ખ્યાત છે. એ લેખમાં, અમે અગાઉ આપેલી માહિતી કરતાં વિશેષ ખાસ માહિતી નથી આપી, પરંતુ આજ સુધી મળી આવતાં યાળીનાં સંપૂર્ણ શિલ્પને મુકાબલે અહીં આપેલું બા-રીલીફ (bas-relief=સપાટ તકતી-માં અરધું ઉપસાવેલું શિલ્પ) એની છટાનો સારો પરિચય આપતું હોઈ અહીં તે પ્રકટ કર્યું છે. હમ્પી ખાતેનાં ખંડેરોમાં એક સિંહાસનની તકતીમાં કોતરેલા આ યાળીની બધી વિગતો તો આજે વરસાદ અને હવાના આક્રમણથી ઘસાઈ ગઈ છે, પણ 'યાળી'ના નિદર્શનમાં શિલ્પકારોએ ઉત્તરોત્તર જે ફેરફારો કીધા કર્યાં છે તે આમાં જણાય છે. સૂંઢ ટૂંકી અને રૂપાળી બની છે, કાનમાંથી હાથીની વિપુલતા નીકળી જઈને કૂતરા જેવા ખૂચા થયા છે ને તેની પગથીદાર કેશવાળી, પાતળી કમર, મજબૂત પૂંઠ તથા સપાટો લેતી પૂંછડી-સર્વમાં કેસરી સિંહની બલવાન છટા-નું અચ્છું નિરૂપણ છે. અન્ય શિલ્પોમાં સૂંઢનું આ ટૂંકાપણું ધીમેધીમે અદૃશ્ય થઈને માત્ર કૂતરા જેવું લાંબું મોં ક્યાંક બની રહે છે અને તેને બે પડખેથી બે મોટા દાંત બહાર નીકળતા દર્શાવેલા હોય છે. અને ત્યારે એ યાળી ઉત્તર ભારતનાં શિ-લ્પોમાં જોવામાં આવતાં 'શાર્દૂલ'નાં શિલ્પ જેવો લાગે છે.



પણ એ નોંધપાત્ર છે કે 'યાળી' માત્ર દક્ષિ-ણભારતનાં શિલ્પો-માં જ મળી આવે છે, ઉત્તર ભારતનાં શિલ્પોમાં નહિ.

**'ડિઝાઇન'ની લીલા**

દેશદેશનાં શિલ્પો, ચિત્રણો તથા અન્ય કારક કલાઓ(applied arts)માં ડિઝાઈન(ભાત)ની એટલી તો નાનાવિધ લીલાઓ મળી આવે છે કે ઘણી વાર તો એમ લાગે કે દુનિયાભરની એવી ડિઝાઇનો ભેગી કરી હોય તો આકાશના તારા જેટલી અ-ગણિત થાય! એમાં સવિશેષ લીલા મુસ્લિમ કલાકારોએ વહાવી છે, કેમકે ઈસ્લામમાં માનવ અથવા કોઈ સજીવ પ્રાણીનું આલેખન નિષિદ્ધ છે. આથી ભૌમિતિકતરાહોની વિપુલતા મુસ્લિમ કળામાં જેટલી મળે છે તેટલી બીજે નથી મળતી; અને એ કલાનો વિસ્તાર જ્યાં જ્યાં એ સંસ્કૃતિ વિસ્તરી ત્યાં સર્વત્ર એટલો જ મબલખ થયો છે. આ અંકના છેલ્લા પાને જે રકાબી રજૂ કરી છે તે જ પ્રકારના જડતર-કામની આ નીચે આપેલી તરાહો ટ્યૂની-શિયાની મૂર સંસ્કૃતિની કલાના ઉત્કૃષ્ટ નમૂના છે. એકમેકથી તદ્દન ભિન્ન એ તરાહોનું વૈવિધ્ય અને વિપુલતા આશ્ચર્યજનક છે.



ફોટોગ્રાફીનું વ્યવહારુ અને વૈજ્ઞાનિક જ્ઞાન આપતી લેખમાળાનો આગળ ૧૪મો હપતો

## કાળી છબિઓને રંગીન બનાવવાની ક્રિયા

# ટોનિંગ

લેખક
**ગોવિન્દ એસ. મેવાડા**



**ફોટોગ્રાફિક** ફિલ્મથી માંડી નેગેટિવ, પ્રિન્ટ તથા એન્લાર્જમેન્ટ વિષે જોઈ ગયા. ડેવેલપર વિષે પણ ચર્ચાત્મક મુદ્દાઓ વિચારી તેમાં વપરાતાં રસાયણોનું મુખ્ય કાર્ય આપણે જાણી લીધું.

ડેવેલપ કરીને તૈયાર થએલી છબિ મુખ્યત્વે 'સિલ્વર'ની હોવાથી તે કાળી-ધોળી છાયામાં આલેખાએલી હોય છે. તેને રાસાયણિક ક્રિયાથી રંગીન બનાવવાની કેટલીક રીતો (toning processes) વિષે હવે આ હપતામાં સામાન્ય જ્ઞાન મેળવીએ.

છબિને 'સેપિયા' (તપખીરિયા) રંગની બનાવવાની રીત તો બહુ પ્રચલિત છે. ખાસ કરીને માનવ-તસવીરો (portraits) સેપિયા રંગની હોય તો આકર્ષક લાગે છે, તો છબિમાં મુખ્ય વસ્તુના પાછલા ભાગમાં વાદળાંવાળા કે હિમાચ્છાદિત પ્રદેશોવાળા ફોટોગ્રાફ આસમાની રંગના સારા લાગે છે. ગીચ જંગલો સાથે જળાશય કે સરિતાની સેર હોય તેવા ફોટો લીલાશપડતા રંગના હોય તો ઓપિહૂબ લાગે છે.

રાસાયણિક રીતે છબિને ત્રણ પ્રકારે રંગીન બનાવી શકાય: (૧) ખનિજ ક્ષારો(inorganic salts)થી, (૨) છબિમાંના સિલ્વરને મૉર્ડન્ટ (mordant) કરીને રંગ(dyes)ના દ્રાવણમાં ધોવાથી, અથવા (૩) છબિ ડેવેલપ કરતી વખતે જ તેમાં કાર્બનિક રસાયણો (organic substances) ઉમેરી 'ક્રોમોજેનિક' રીતે.

આ દરેક રીતનો હવે વિગતવાર પરિચય કરીએ:

### (૧) ખનિજ ક્ષારો વાપરી છબિને રંગીન બનાવવાની રીત

**'સેપિયા' ટોન:** છબિમાં રહેલા સિલ્વરને તેના સલ્ફાઈડમાં ફેરવી નાખવાથી છબિ તપખીરિયા–સેપિયા–રંગની થાય છે. આ સેપિયા, ઘેરા બ્રાઉનથી માંડી પીળા રંગ સુધીની વિવિધ રંગછાયામાં છબિ પર ચડે છે. તેનો આધાર પેપરની જાત, ડેવેલપરના પ્રકાર અને સેપિયા માટે વાપરેલા દ્રાવણના પ્રકાર પર રહે છે.

સિલ્વરના ગ્રેઈન મોટા હોય તો જાંબુડી રંગની છાયાવાળો સેપિયા રંગ ચડે છે, અને તે નાના હોય તો પીળાશપડતો સેપિયા રંગ ચડે છે. બ્રોમાઈડ પેપરના ગ્રેઈન ક્લોરો-બ્રોમાઈડ અથવા ક્લોરાઈડ પેપર કરતાં મોટા હોવાથી તેના પર સેપિયા કામ સારું થાય છે. મેમીટૉલના ડેવેલપરમાં અથવા જલદ આલ્કલીવાળા ડેવેલપરમાં ધોએલા પ્રિન્ટના ગ્રેઈન મોટા હોવાથી તેના પર જાંબુડી રંગના શેઈડવાળો આકર્ષક સેપિયા રંગ ચડે છે. સપ્રમાણ એક્સપોઝર આપી નૉર્મલ ડેવેલપ કરેલા પ્રિન્ટ પર સેપિયા ટોન સારો થશે.

સેપિયા કરવાની મુખ્ય બે રીતો છે:

(अ) હાઇપો અને ફટકડીની રીત: હાઇપો અને ફટકડીના દ્રાવણને ગરમ કરવાથી ગંધક(સલ્ફર)ના અતિ બારીક કણો છૂટા પડે છે. આ ગંધક છબિમાંના સિલ્વર સાથે સંયોજાઈ, તેને સિલ્વર-સલ્ફાઈડ બનાવી, છબિને સેપિયા કરે છે. આ દ્રાવણમાં સિલ્વર દ્રાવ્ય હોવાથી છબિમાંનું કેટલુંક સિલ્વર ઓગળી જઈ છબિ ઝાંખી ન પડે તે માટે તેમાં સિલ્વર ક્લોરાઈડ (સિલ્વર નાઇટ્રેટ+મીઠું) ઉમેરવામાં આવે છે. આ પ્રમાણે સેપિયા કરેલા પ્રિન્ટમાં છૂટું પડેલું સિલ્વર વખત જતાં છબિ પર ડાઘ ન પાડે તે માટે તેને હાઇપોના દ્રાવણમાં ફિક્સ કરી લેવો.

સેપિયા કરવાની આ રીત બહુ જૂની છે. તે સસ્તી પડતી હોવા છતાં ઊંચા ઉષ્ણતામાને કામ આપતી હોવાથી સામાન્ય રીતે બહુ વપરાતી નથી. ઈમલ્શનના જિલેટીન પર ઊંચા ઉષ્ણતામાનની વિપરીત અસર ન થાય તે માટે છબિને પહેલાં ફૉર્મેલીનના પાંચ ટકાવાળા દ્રાવણમાં એકાદ મિનિટ સુધી મૂકી રાખવી, અને ત્યાર બાદ તેને નીચેના દ્રાવણમાં ધોવી:

૨૮૦ ભાગ પાણીમાં ૪૮ ભાગ હાઇપો ઓગાળો. પછી ૬૪ ભાગ ગરમ પાણીમાં ૧૨ ભાગ ફટકડી (પો૦ ઍલમ) ઓગાળીને બનાવેલું દ્રાવણ, ઉપલા હાઇપોના દ્રાવણમાં રેડો. પછી ૧૦ ભાગ પાણીમાં અરધો ભાગ સિલ્વર નાઇટ્રેટ અને તેટલું જ મીઠું (સોડિયમ ક્લોરાઈડ) ઉમેરો એટલે એક દૂધિયા રંગનું દ્રાવણ બનશે. તે હાઇપો-ઍલમના દ્રાવણને હલાવતાં હલાવતાં ધીમેધીમે તેમાં રેડી દો. આ પ્રમાણે તૈયાર કરેલા દ્રાવણમાં કેટલીક વખત કાળાશ પડતા રજકણો છૂટા પડે છે, પણ તેથી ટોનિંગમાં કંઈ વાંધો આવતો નથી. આ દ્રાવણને ૧૨૦° ફેરનહાઈટ (૪૯° સેન્ટીગ્રેડ) ડિગ્રી જેટલું ગરમ કરી તેમાં, પ્રથમથી થોડો સમય પાણીમાં ભીંજાવેલા પ્રિન્ટને મૂકો. ૧૨–૧૫ મિનિટમાં છબિ સેપિયા રંગની થઈ જશે. ત્યાર બાદ તેને બહાર કાઢી સ્વચ્છ પાણીથી બરાબર ધોઈ લેવી. આ રીત બ્રોમાઈડ પેપર માટે ઉત્તમ, ક્લોરો-બ્રોમાઈડ પેપર માટે મધ્યમ ને ક્લોરાઈડ પેપર માટે અયોગ્ય છે.

(ब) છબિને બ્લીચ (bleach–અદૃશ્ય) કરી સેપિયા કરવાની રીત: આ રીત ખૂબ અસરકારક હોવાથી પ્રચલિત પણ એટલી જ છે. તેમાં છબિને પોટાશ ફેરીસાયેનાઈડ (potash ferricyanide) તથા બ્રોમાઈડના દ્રાવણમાં ધોઇને અદૃશ્ય કરી, કોઈ પણ દ્રાવ્ય સલ્ફાઈડના દ્રાવણમાં ધોવાથી સિલ્વર સલ્ફાઈડમાં ફેરવાઈ જઈ સેપિયા રંગ ધારણ કરે છે;—જાણે, કોઈ વ્યક્તિ પડદા પાછળ સંતાઈ ભિન્ન રંગનાં વસ્ત્રો પરિધાન કરી ફરી દેખા દે એવું લાગે છે!

આ પદ્ધતિમાં બનતા સેપિયા રંગના શેઈડનો આધાર પો૦ ફેરીસાયેનાઈડ અને બ્રોમાઈડના પ્રમાણ ઉપર રહે છે. જેમ બ્રોમાઈડનું પ્રમાણ વધારે, તેમ સેપિયા રંગ ઘેરાશ પકડતો જાય છે. ઘેરાશ વધારવા ઘણી વખત તે સાથે સો૦ કાર્બોનેટ અથવા લાઈકર ઍમોનિયા પણ વપરાય છે. વળી પારો, ત્રાંબું અથવા સીસાના કેટલાક ક્ષારો પણ ઉમેરવામાં આવે છે. પણ આ રીતે રંગ પકડતી છબિ કેટલો વખત ટકશે તે પણ સવાલ રહે છે. ફેરીસાયેનાઈડ વપરાતું હોઈ એ યાદ રહે, કે છબિને ફિક્સ કર્યા બાદ બરાબર ધોઈ નહિ હોય તો તેમાં રહેલા હાઇપો સાથે ફેરીસાયેનાઈડ રિડ્યુસર(જુઓ: અંક ૩૭૩, પૃ.૨૪)બની જઇ તે છબિના પ્રકાશવાળા ભાગની બારીક વિગતો અદૃશ્ય કરશે.

સેપિયાના ત્રણ શેઈડ માટે ત્રણ પ્રકારનાં દ્રાવણોનાં માપ નીચે આપ્યાં છે. તે પૈકી કોઈ એક અનુકૂળ દ્રાવણ વાપરી બ્લીચ કરો:

| દ્રાવણનો પ્રકાર | વૉર્મ-બ્રાઉન | સેપિયાબ્રાઉન | વાયોલેટબ્રાઉન |
|---|---|---|---|
| પો.ફેરીસાયેનાઇડનું દસ ટકાવાળુ દ્રાવણ | ૬૦ ભાગ | ૫૦ ભાગ | ૩૦ ભાગ |
| પો. બ્રોમાઇડનું દસ ટકાવાળું દ્રાવણ | ૪ ,, | ૧૦ ,, | ૫૦ ,, |
| લાયકર ઍમોનિયા | — | — | ૧ ,, |
| પાણી | ૩૬ ,, | ૪૦ ,, | ૧૯ ,, |

આ દ્રાવણમાં પ્રિન્ટને મૂકી હલાવતા જવું અને ખૂબ છાયાવાળા કાળા ભાગ પીળાશ પડતા થઈ જાય એટલે પ્રિન્ટને કાઢી લેવો. ને પાણી પીળાશ પડતા રંગનું ન થાય ત્યાંસુધી તેમાં ધોઈ, એક ટકાવાળા સોડિયમ સલ્ફાઈડના દ્રાવણમાં ધોવાથી એક-દોઢ મિનિટમાં સેપિયા રંગ આવી જશે. ત્યાર બાદ પ્રિન્ટને પાણીમાં બરાબર ધોઈ નાખવો.

સલ્ફાઈડના દ્રાવણથી સેપિયા કરતી વખતે સડેલાં ઇંડાં જેવી (હાઇડ્રોજન સલ્ફાઈડ વાયુની) તીવ્ર અને અપ્રિય વાસ આવે છે. આ વાયુ ફોટોગ્રાફિક પ્લેટ, ફિલ્મ અને પેપર પર વિકૃત અસર ઉપજાવતો હોવાથી જ્યાં આવો સામાન રાખવામાં આવતો હોય ત્યાં તેનો ઉપયોગ કરવો નહિ.

બ્લીચ કરેલા પ્રિન્ટને નીચેના દ્રાવણમાં એકથી દોઢ મિનિટ ધોવાથી પણ છબિ સેપિયા રંગની બનાવી શકાશે: પાણી ૫ ભાગ, પાંચ ટકાવાળું થાયોકાર્બઅમાઈડ(thiocarbamide)નું દ્રાવણ ૧ ભાગ, દસ ટકાવાળું પો૦ બ્રોમાઈડનું દ્રાવણ ૪ ભાગ, અને દસ ટકાવાળું કૉસ્ટિક સોડાનું દ્રાવણ ૩ ભાગ.

**વાદળી ટોન:** બ્રોમાઈડ અને ક્લોરાઇડ પેપરને વાદળી રંગના બનાવવા માટે નીચે પ્રમાણે બનાવેલા દ્રાવણમાં ધોવા:

| | |
|---|---|
| ફેરિક ઍમોનિયમ સાઇટ્રેટ (લીલી પતરીઓ) | ૧ ભાગ |
| ઑક્ઝૅલિક ઍસિડ | ૧ ,, |
| પોટાશ્યમ ફેરીસાયેનાઈડ | ૧ ,, |
| પાણી | ૨૫૦ ,, |

આમાંના દરેક પદાર્થને થોડા થોડા પાણીમાં અલગ અલગ ઓગાળી, પછી ઉપલા ક્રમવાર ભેગા કરી, બાકીનું પાણી ઉમેરી તૈયાર કરેલા દ્રાવણને 'બ્રાઉન' (અંબર) રંગની બાટલીમાં ભરી દેવું. પાણીમાં બરાબર ધોએલા પ્રિન્ટને ઉપર મુજબ બનાવેલા દ્રાવણમાં યોગ્ય અસર જણાય ત્યાં સુધી (૧૦-૧૫ મિનિટ સુધી) રાખવા; પછી સ્વચ્છ પાણીથી બરાબર ધોઈ નાખવા. (ચાલુ)

## એક પત્રમિત્રની ફરિયાદ

'પત્રમિત્ર વિભાગમાંથી જરૂરી લાગતાં બેત્રણ ભાઇ બહેનોને મેં પત્રો લખી જોયા. અને બબ્બે વખત પત્રો લખવા છતાં યે કોઈનો કશો જ જવાબ ન આવ્યો. સંસ્કારી ગણાતાં આવાં ભાઈબહેનોએ કંઇ નહિ તો યે હા-નાનો જવાબ તો આપવો જ ઘટે. ફક્ત 'કુમાર'માં છપાવવા ખાતર જ નામ છપાવીએ એ યોગ્ય ન કહેવાય.'

ભાઈ મધુસૂદન પાઠક (સુરત)ની આ ફરિયાદના જેવી જ ફરિયાદો બીજા ઘણા પત્રમિત્રો તરફથી પણ અમને મળી છે. આ વિભાગ પત્રમિત્રો માટે છે અને તેને ખપાવવા તેમજ વિકસાવવાનું પણ સીધી ને આડકતરી રીતે પત્રમિત્રોને જ હાથ છે.


## OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

### અણુબૉમ્બનું સ્મારક

પ્રિય મિત્ર ઈશ્વરલાલ,

લાંબા સમય સુધી તમને જવાબ નહિ વાળવા બદલ તમારી ઘણીઘણી ક્ષમા ચાહું છું. તમારો પત્ર મળ્યો ત્યાં લગી એવું ખાસ નવીન કશું બન્યું નથી. પણ વસંત આવી છે. બહુ જ મનોહર ઋતુ છે એ. પંખીઓએ ગાવું શરૂ કરી દીધું છે, અને વૃક્ષોએ પાંગરવું.



થોડા દહાડા પહેલાં હીરોશિમા નગરની મુલાકાત લઈ આવેલો. ગાડીની એક કલાકની મુસાફરી પછી તેની સીમાભૂમિ નીરખી. હીરોશિમાની વસતિ ૩,૪૦,૦૦૦ની છે. મારી તે નગરની મુલાકાત દરમ્યાન મારા એક મિત્રે લીધેલો મારો ફોટોગ્રાફ આ સાથે છે. મારી પછવાડે જે ઘૂમટ દેખાય છે તે એ નગર પર અણુબૉમ્બ ફેંકાએલો તેનું સ્મારક છે. બરાબર એ જ જગ્યાએ આજથી ૯ વર્ષ પહેલાં અણુ બૉમ્બ પડેલો. આ નગરના રસ્તાઓ હજુ સમારાયા ન હોઈ શહેર એકંદરે ધૂળિયું છે. કેટલાક વખત પર દક્ષિણ પાસિફિક મહાસાગરમાં હાઇડ્રોજન બૉમ્બનો અખતરો કરવામાં આવેલો, અને અમારા ખલાસીઓને તેથી જફા પહોંચેલી. અણુ બૉમ્બની આ શક્તિ તે આસુરી શક્તિ છે. તે આપણે માટે શાંતિ કદી નહિ લાવે. અણુબૉમ્બ પર આપણો આંતરરાષ્ટ્રીય અંકુશ હોવો જ જોઇશે. તેને આપણે અંકુશમાં નહિ રાખી શકીએ તો પ્રામાણિક વિશ્વશાંતિની આશા મિથ્યા છે.

આ સાથે થોડી જાપાની ટિકિટો મોકલું છું. તમારાં સર્વ કુટુંબીજનોને મારા પ્રણામ પાઠવશો. ફરી પત્ર લખીશ.

હૃદયથી તમારો, એઈજી વાતાન.બે

પત્ર મોકલનાર: ઈશ્વરલાલ આર. દેસાઈ, બૉક્સ ૭૭, લીરા (યુગાન્ડા)

### પરદેશોની કેટલીક પત્રમિત્ર સંસ્થાઓ

(મોકલનાર શ્રી નરેન્દ્ર પટેલ, એમ. એસ. પટેલ ઍન્ડ કં., કરમસદ)

(1) Victoria League, 58, Cheshan Place, Belgrave Square, London SWI, England; (2) International Friendship League, 33, Gorden Square, London W. C. I., England; (3) Letters Abroad, 695 Park Avenue, New York 21, N. Y., United States; (4) International Friendship League, 40, Mt. Vernon St. Beacon Hill, Boston, Massachusetts, United States; (5) Foreign Correspondence Bureau, A. R. Self, Mgr. P. O. Box 150, Newton, Kansas, United States; (6) "Around The World Friends", 550 Fifth Avenue, New York 36, N. Y., United States. (Ages 8–18); (7) Youth of All Nations (YOAN) Inc., 16, Saint Luke's Place, New York City, N. Y., United States.

## પરદેશી પત્રમિત્રો

(1) Bhgwan P. Laad—18, P.O. Box 71, Dodoma (T. T.), Stamps, Sports, View Cards; (2) Mr. Fred Jungmann—18, Room No. 220, Chittenden Hall, University of Vermont (U. S. A.), Novel-writing, Classical Music. Pre. Female; (ઉલ્લેખ: Narendra Patel, M. S. Patel & Co., Karamsad) (3) Miss Betty Rule—14, 127, Pomona Street, Invercargill, Southland (New Zealand), Music, Art, Stamps; (4) Miss Leaore Margaret Hutchins—14, France Road, Hastings, Hawke's Bay (New Zealand), Stamps, Coins; (5) Miss Linda Drain—15, 17 Percival Street, Beckanham, Christ-Church, South Island (New Zealand), Stamps, Correspondence (નં. ૩ થી ૫, ઉલ્લેખ : Arvind L. Thakkar, Ayurved Niketan, Hanuman Rd., Vile Parle, Bombay-24) (6) Ranchhod V. Patel-25, C/o Cristal Trading Co., P. O. Box 99, Luanshya (North Rhodesia), Photography, Reading, Penpals; (7) Manilal R. Patel—19, P. O. Box No. 1760, Dar-es-Salaam (T. T.), View Cards, Picnics, Correspondence; (8) A. R. Slote—20, 1503 Mowji Street, Runchore Lines, Karachi-1, Stamps, Photography, Magazines, Cinema, Drawing; (9) Amir A. Sam, Rue Jules Ferry, B. P. 33, Majunga (Madagascar), Correspondence; જર્મન પત્રમિત્રો—દરેક સરનામાને છેડે Germany ઉમેરવું : (10) Ingeror Worpp, Girl—15, Nimlerng Bayem, Wendresthaber, Reading, Photography; (11) Berndbety Newwire, Girl—11, Shans Posaermnden, 1 Main Mhterbantew, Den Juhand, Stamps, Dogs; (12) Betty muller, Girl—15, Madchemittels Chule, Kreis Wasserbural Obb, U.S. Zone, Stamps, Cricket; (13) Doris Kemmel, Girl-15, Stottgallt-Bger/och Meister Singers T. N. G, To Know about Germany; (14) Rehate Lemming, Boy—15, 139 Tomwang Roscemheim, Ole Bayem, Photography, Swimming; (15) Heidillis Hamburazo, Girl—14, Abendrot Hswer No. 36, Deustschiaub, View Cards, Swimming; (16) In Ehiwode, Girl—15, Wamn reiw, Reihaus Sk Ag., Music, Stamps; (17) Rehate Konig, Boy—15, Allesadolfilh, Butkamnweg, Photography, Stamps; (જર્મન પત્રમિત્રોનો ઉલ્લેખ: Girish D. Trivedi, C/o D. B. T. Senior Judge, Hariala Plot, 24 A, Dawe Road, Bhavnagar.)


## હિંદી પત્રમિત્રો

(233) Chandravadan Pitambardas Vora—16, 490 Bhagawan Bhavan, Adenwala Rd, Matunga, Bombay—19, Stamps, Coins, Autographs, General Knowledge; (234) Mahipatlal P. Laiya—21, 582 Khadkhad Lane No. 2, Veraval (Saur.), Stamps, Reading, Photography; (235) Shashikant Harilal Goda—18, Station Plot, Opp. to College, Gondal (Saur.), Stamps; (236) Rajnikant C. Mehta—21, 153 Jain Society, 2nd Floor, Sion, Bombay-22, Touring, Film Songs; (237) Ramesh P. Bhatt—21, C/o V. K. Bhatt, Near Kailas Bagh, Gondal (Saur.), Stamps, Photography, Gujarati & Hindi Literature. (ચાલુ)

આ અંકમાં ફોટોગ્રાફીની પ્લેટમાં 'નારાયણ પટેલ'નું નામ ભૂલથી 'ગોવિંદ પટેલ' મુકાયું છે.

# સંગીતાંજલિ

**આ** માસની વ્યક્તિવિશેષ તરીકે જેમની ચરિત્રરેખા અન્યત્ર આપી છે તે, ગુજરાતના ગૌરવશાળી સંગીતજ્ઞ પંડિત ઓમકારનાથ ઠાકુર રચિત ઉપર્યુક્ત પુસ્તક સંગીત-શિક્ષણ માટેનો ઘણો ઉપયોગી ગ્રંથ છે. 'કુમાર'ના કદનાં લગભગ સવા બસ્સો પાનાંમાં, ક્લાસિકલ–શાસ્ત્રીય સંગીતના વિદ્યાર્થીઓના ક્રમવિકાસની દૃષ્ટિથી લખાએલા આ પુસ્તકમાં મનોવૈજ્ઞાનિક રૂપથી વિદ્યાર્થીઓનો વિકાસ થાય એવી પદ્ધતિ અખત્યાર કરવામાં આવી છે, જેથી વિદ્યાર્થી લગભગ અરધા જ સમયમાં પોતાનો જ્ઞાનવિકાસ કરી શકે. પંડિતજી આજે બનારસના કાશી વિશ્વવિદ્યાલય (હિંદુ યુનિવર્સિટી)ની સંગીતભારતીના કુલગુરુ છે, ને ત્યાંના અભ્યાસક્રમ માટે એમણે પોતાના લગભગ ચાળીસ વર્ષના અનુભવના નિચોડરૂપ જે પાઠ્યપુસ્તક લખ્યાં છે તેના 'દ્વિતીય પુષ્પ'ની આ 'પ્રથમ કલિ' છે, જેમાં મધ્યમા અથવા ઈન્ટરના પ્રથમ વર્ષ અથવા જુનિયર ડિપ્લોમાનો પાઠ્યક્રમ આપવામાં આવ્યો છે. એમાં શરૂઆતમાં પ્રસ્તાવાત્મક આપેલી માહિતીથી તેનો કાંઈક ખયાલ આવશે: ધ્રુવપદ અંગ; ખયાલ ગાયકીની પૂર્વપીઠિકા; ખયાલ તથા મુક્ત ને બદ્ધ આલાપ-તાન; ખયાલ ગાયકીની ક્રમપ્રણાલી; સ્પર્શ-સ્વરો તથા કણોનું મહત્ત્વ; વિરામચિહ્નોનું મહત્ત્વ; મુક્ત આલાપ-તાનોમાં સ્થાનપરિવર્તથી નવીનતા; ભાવાનુરૂપ સ્વરોચ્ચાર; સ્વર-સાધના; કેટલીક બીજી શારીરિક પ્રક્રિયાઓ; પારિભાષિક શબ્દોની વ્યાખ્યામાં વાદી, સંવાદી, અનુવાદી અને વિવાદી સ્વર; ગ્રહ-અંશ; ન્યાસ-સંન્યાસ-વિન્યાસ-અપન્યાસ; બલ-અબલ; નિબદ્ધ-અનિબદ્ધ ગાન, રાગાંગ પરિભાષા; પછી રાગ-પ્રકૃતિ, રસ-ભાવ, રાગોનો સમયનિર્ધાર, ગાયકોના ગુણદોષ, કેટલાક તાલ તથા ઠેકા, માત્રાવિભાગ, વિવરણ અને છેલ્લે સ્વરલિપિનાં ચિહ્નોનો પરિચય આપ્યો છે. ત્યાર બાદ નીચેના તેર રાગમાં ૪૧ ગીતો તેની સ્વરલિપિ સાથે આપ્યાં છે: તિલક કામોદ, અલ્હૈયા-બિલાવલ, જયજયવંતી, કેદાર, અડાણા, આસાવરી, બહાર, માલવકૌશિક(માલકૌંસ), ભૈરવ, ભૂપાલી, જૈમિની-કલ્યાણ, બિહાગ અને સારંગ. સ્વરલિપિની બાબતમાં તેઓ પ્રસ્તાવનામાં લખે છે કે 'ભારતીય સંગીતની સૂક્ષ્મતા જોતાં તેને સંપૂર્ણપણે સ્વરલિપિમાં ઉતારવું લગભગ અશક્ય છે. જે સંગીતમાં પળેપળે સ્પર્શ-સ્વરો યા કણો (grace notes)નો ઉપયોગ થતો હોય એવા કોઈ પણ સંગીતને પૂર્ણતયા લેખબદ્ધ કરવું અસંભવિત છે. એને શક્ય તેટલું લેખબદ્ધ કરવાનો પ્રયત્ન પંડિત વિષ્ણુ દિગંબરજીએ કર્યો છે. અમુક હદ સુધી તો staff notationવાળા પણ તેમાં સફળ થયા છે; પણ સીધું કે સ્થૂલ નોટેશન થઈ શકતું હોય તો સૂક્ષ્મ અને કષ્ટસાધ્ય લેખનશૈલી કોણ અપનાવે? આથી, સ્થૂલ અને સૂક્ષ્મ દૃષ્ટિ નજર સંમુખ રાખીને લીધેલો માર્ગ આ પુસ્તકમાં યોજવામાં આવ્યો છે.' લેખક પાસેથી (સંગીત ભારતી, કાશી વિશ્વવિદ્યાલય, બનારસ) પાંચ રૂપિયાની કિંમતે આ પુસ્તક મળી શકશે.



વરસ વારિદ, વારિ દવાતુરે
ચિર પિપાસિત ચાતકબાળ પે.
વીફરશે પલમાં પવનો પછી
કયહીં તમે, જળ, ચાતક ક્યાં વળી.

(દક્ષિણા) —સંસ્કૃત પરથી અનુ. મુકુન્દ પારાશર્ય


## મહાન ને આદર્શ શિકારી: જિમ કૉર્બેટ

જેની ખોટ વિશ્વને સદા માટે સાલશે એવો એક મહાન આદર્શ શિકારી ગયા માર્ચ માસના છેલ્લા અઠવાડિયામાં આપણી સૌની વચ્ચેથી અદૃશ્ય થઈ ગયો. મહાન શિકારીઓની ખોટ જગતમાં પડે છે, પરંતુ આદર્શ શિકારીઓની તો ખોટ જગતને સાલે છે. જિમ કૉર્બેટ મહાન શિકારી હતા, અને તેથી યે વધુ એક આદર્શ શિકારી હતા.

પ્રકૃતિના તો તેઓ આજીવન ચાહક હતા. પક્ષિ-પ્રાણી પ્રત્યે તેમના ઉરમાં નિરંતર કરુણાભાવ વહ્યા કરતો. ન માની શકાય એવી આ વાત મહાન શિકારી કૉર્બેટને આદર્શ શિકારી બનાવી દે છે. કોઇ પણ પ્રાણીને નિરર્થક મારવું તેમને ગમતું નહીં. આનંદ-કિલ્લોલ કરતાં પશુ-પંખીઓ સાથે તેમનું હમદર્દ હૃદય આનંદ-કિલ્લોલ કરવા લાગતું. વાઘ-ચિત્તા પણ તેમણે એવા જ માર્યા છે જે લોકોને અને પાળતુ પશુઓને માટે ત્રાસરૂપ હોય.

કૉર્બેટનું સાધનાક્ષેત્ર ભારત રહ્યુ છે. તેમનો જન્મ, તેમનું શિક્ષણ અને તેમની સાધના–તેમના જીવનનાં અગત્યનાં સર્વ સોપાનો ભારતની ધરતી પર મંડાયાં છે. ભારત જેને માટે ગર્વ લઇ શકે તેવી આ હકીકત છે. કૉર્બેટને હૈયે તો ભારતનું ગૌરવ પહેલેથી જ વસેલું હતું, ને એ ભારતને 'માય ઇન્ડિયા' ('મારું ભારત') કહેતાં તો તેમની છાતી ગર્વથી ફૂલી ઊઠતી. ભારત પ્રત્યેની તેમની મમતાનાં દર્શન તેમના પુસ્તક 'માય ઇન્ડિયા'માંથી મળી રહે છે.

મેદાનની સપાટીથી ૬,૦૦૦ ફૂટ ઊંચે આવેલો નૈનિતાલ સરોવર-પ્રદેશ તે તેમની ઉજ્જ્વળ સાહસિક અને સાથેસાથે સમાન રીતે વ્યાવસાયિક કારકિર્દી દરમિયાનનું તેમનું નિવાસ-સ્થાન. તેમનો જન્મ ઈ. ૧૮૭૫માં ભારતમાં ઉત્તરપ્રદેશમાં થયો હતો. ત્યાંની અંગ્રેજી શાળામાં કેળવણી મેળવી વીશ વર્ષની વયે તેઓ રેલવે-ખાતામાં જોડાયા. પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન કુમાઉં પ્રદેશની ટેકરીઓમાંથી ૫,૦૦૦થી યે વધુ માણસો તેમણે યુદ્ધમાં ભરતી કરાવ્યા,



અને ૭૦મી કુમાઉં લશ્કરી ટુકડીની નેતાગીરી લઈને તેઓ ફ્રાન્સ ગયા. બીજા વિશ્વયુદ્ધ વખતે તેમણે કુમાઉં પ્રદેશના રહેવાસીઓની એક બીજી ટુકડી એકઠી કરી હતી. દરમ્યાન ઓચિંતા માંદગીના હુમલામાંથી ઊગરી જઈ મધ્ય અને યુક્ત પ્રાંતની બ્રિટિશ ટુકડીઓને જંગલ-યુદ્ધ-વિદ્યાની તાલીમ તેમણે આપી. તેમની ઉજ્જ્વળ લશ્કરી કારકિર્દીની કદરરૂપે હવે તેમને લેફ્ટનન્ટ કર્નલ નીમવામાં આવ્યા. છેલ્લે તેઓ પૂર્વ આફ્રિકામાં નાઇરોબી ખાતે જઇ વસ્યા હતા. લે. ક. કૉર્બેટનું પ્રાણિવિદ્યાનું એટલું તો ઊંડુ જ્ઞાન હતું અને તે વિષયમાં તેમની સમજ એટલી મૂલગ્રાહી હતી કે કોઇ પણ પશુ કે પંખીનો ઝીણામાં ઝીણો અવાજ તેઓ સમજી શકતા, અને તે અવાજ ઉપરથી તે તે પશુ-પંખી ક્યાં અને કેવી હાલતમાં હશે તે કહી શકતા. વળી પશુપંખીના

## આપણાં જંતુઓ-૩ : પતંગિયાં



આ સુંદરતમ ચપળ ને કોમળ જંતુવિશેષની કુલ બાર હજાર જાતોમાંથી ૧૪૦૦ જાતો આપણા દેશમાં થાય છે.

વિવિધરંગી, બારીક રજકણથી છવાએલી ચાર પાંખો, મોમાંથી લટકતી, મોટી, વાળી શકાય એવી, લાંબી જીભ, તેર સાંધાવાળું, ખારેકના ઠળિયા જેવું શરીર–પતંગિયાના દેહની આ સામાન્ય રચના. અને પાંખની રચના તો ઘણી જ ચમત્કારી: આડીઅવળી ગૂંથેલી. તે ગૂંથણી પર પારદર્શક પાતળું પડ, અને એ પર બારીક રજકણ જેવાં 'સ્કેલ' (બારીક પીછાં કે વાળ). આ સ્કેલ છાપરા પરનાં નળિયાં પેઠે ચડઊતર ગોઠવાએલાં હોય છે. એના રંગ જુદાજુદા. પાંખ પર આંગળી ફેરવીએ તો રંગ ચોંટી આવે. છ પગ. કોઇના આગલા તો કોઈના પાછલા પગ અધૂરા વિકાસવાળા અશક્ત હોય છે. માથું ગોળ. આંખો મોટી. મૂછો આંખ આગળથી ઊગે. એ વડે એને સ્પર્શ, શ્રવણ અને ગંધનું જ્ઞાન થાય છે.

તેનો મુખ્ય આહાર ફૂલનું મધ. સ્વભાવે જ પ્રકાશનાં ઉપભોગી, તે ગરમ પ્રદેશની ગીચ વનસ્પતિમાં વિવિધ ને વ્યાપક રૂપે દેખાય છે.

પતંગિયાને ચાર અવતાર છે. પહેલો ઈંડા રૂપે. ખસખસથી યે નાના ને રૂપમાં બહુરંગી આ ઈંડામાંથી કીડો બહાર આવ્યો કે તરત જે આવ્યું તે ખાવા લાગી જાય છે. ખાઈપી હૃષ્ટપુષ્ટ બનેલું શરીર ફાટે એટલે કીડો નવી ચામડી ધારણ કરે. ને પોતાના મોં પરની વિશિષ્ટ ગ્રંથિઓમાંથી રસ કાઢી તેનો રેશમી તાર બનાવી 'કોશેટો' તૈયાર કરી તેમાં કેટલા યે મહિના ગાઢ સુષુપ્તિમાં ગાળે છે. ઊંઘ પૂરી થતાં કોશેટામાંથી અવર્ણનીય શોભાવાળું રંગમંડિત પતંગિયું બહાર આવે છે.

(શ્રી 'વનેચર'ના લેખ પરથી તારવીને)

અવાંજની તેઓ આબાદ નકલ કરી જાણતા, તે એટલે સુધી કે તેમણે કાઢેલો પશુનો અવાજ સાંભળી સૂક્ષ્મતમ ઇન્દ્રિયશક્તિ ધરાવનાર વાઘ સુધ્ધાં તેમની સામે આવીને ઊભો રહી જતો!

અંગ્રેજી શિકારકથા-સાહિત્યમાં તેમનાં પુસ્તકો ખૂબ લોકાદર પામ્યાં છે. રડિયાર્ડ કિપ્લિંગની જંગલકથાઓ કરતાં પણ તેમનાં વર્ણનો ચડિયાતાં ને સચોટ છે. તેમનાં પુસ્તકો તે કાલ્પનિક સર્જનો નથી. તેમણે જીવનભર ખેડેલાં અજોડ સાહસો ને જોખમોએ તેમને તેમની કલમ માટે કલ્પનાક્ષેત્ર જેવું એકે ક્ષેત્ર જ નહોતું રહેવા દીધું. સાહસ-જોખમ માટે જે પરાકાષ્ઠા સુધી કલ્પના પહોંચી શકે તે પરાકાષ્ઠા તો તેમણે જીવનમાં ડગલે ને પગલે અનુભવી હતી. 'મૅન-ઇટિંગ લેપર્ડ ઑવ રુદ્રપ્રયાગ', 'મૅન–ઈટર્સ ઑવ કુમાઉં', 'જંગલ લોઅર' આદિ તેમનાં પુસ્તકોને પાનેપાને આવાં સાહસો-જોખમો તરવરે છે. 'મૅન-ઈટર્સ ઑવ કુમાઉં' પરથી તો ફિલ્મ પણ ઉતારવામાં આવી છે.

પવન વાતાં પાંદડું ધ્રૂજે એવા, વાઘના ભયે ધ્રૂજતા જંગલવાસીઓને જોખમો પર જોખમો ખેડીને તેમણે ભયમુક્ત કર્યા છે. કુમાઉં પ્રદેશના સામાન્યમાં સામાન્ય રહેવાસી, અરે બાવા વેરાગીઓને મુખે પણ કૉર્બેટસાહેબનું નામ એક 'મહાન ઉપકારક' તરીકેનું જ સંભળાશે. બીજા ગોરા શિકારીઓની માફક લોકોથી અતડા રહેનાર કૉર્બેટસાહેબ ન હતા. એમ કહેવું એ યે અસ્થાને છે; કેમકે તેમના હૈયામાં જ ભારત માટે એક હમેશની શુભ ભાવના અને પ્રેમે સ્થાન મેળવી લીધું હતું. વાઘ વિશેના તેમના આ શબ્દો તેમનો પ્રાણિપ્રેમ તો વ્યક્ત કરે જ છે, ઉપરાંત તેમના ભારત-પ્રેમને પણ તે મમતાભર્યા શબ્દોમાં પ્રકટ કરી દે છે: 'વાઘનું હૈયું ખૂબ જ વિશાળ છે, અને તેનું ધૈર્ય નિ:સીમ છે. જો તેનો સમૂળગો નાશ હિંદમાંથી કરવામાં આવશે અને તે સામે લોકો પોતાનો લગીરે વિરોધી સૂર પુરાવશે નહીં તો ભારત પોતાના એક સુંદરતમ પ્રાણીને ખોઇને વધુ ગરીબ બનશે.'

## ફટકડી

આ દ્રવ્યનો ઉપયોગ ઔષધ તરીકે બહુ જ ઓછો દેખાય છે. હાલ તેનો ઉપયોગ કપડાં રંગવાના પાકા રંગ બનાવવા પૂરતો થાય છે. ડાસીવૈદું જોયું હશે તો એક ચીંથરામાં અફીણ, ફટકડી, બાંધેલાં દેખ્યાં હશે. ડાસીવૈદું તેને આંખોના વિકારોમાં વરસોથી વાપરી જાણે છે. આ ઔષધ યુક્તિપૂર્વક લેવાય તો કેટલાક રોગોમાં સરસ કામ આપે છે. અને ખૂબ સોંઘું ચાર આને રતલ! સડવાનો, બગડવાનો કે ગુણહીણ થવાનો ભય નથી, ફટકડીને ઠીબમાં મૂકી, નીચે અગ્નિ આપી તેને ફુલાવી વાપરવી. ફટકડી શ્વિત્ર, વીસર્પ મટાડે છે, યોનિનો સંકોચ કરે છે ને ખાજ મટાડે છે. તે ગ્રાહી હોવાથી અતિસાર, સંગ્રહણી, પ્રદર, અત્યાર્તવ, પેશાબ, નાક ને મોંમાંથી લોહી આવતું હોય તો તે બંધ કરવામાં વપરાય છે. વ્રણ, નેત્રરોગ, વિષમ જવર ને લોહીના સ્રાવને તે મટાડે છે. ફટકડી મુખરોગહર ને દાંતને મજબૂત કરનાર છે. ગળું આવ્યું હોય, ચોળિયાં ફૂલ્યાં હોય, મોંમાં ચાંદા પડયાં હોય તો તેનાં કોગળા કરાય છે.

આજ્ઞાકર રસ: ફટકડી ફુલાવેલી ૩ભાગ, ને સોનાગેરુ ઘીમાં તળેલ ૧ ભાગ એક શીશામાં ભરવું. આ 'આજ્ઞાકર રસ,' આંબળાં, તથા જેઠીમધના ચૂર્ણને મધમાં કાલવી મોંમા લગાડવાથી મોંમાં ચાંદાં પડયાં હોય તો તત્કાળ મટે છે.

દાદર તથા ખરજવા ઉપર: ગોવા પાઉડર, સોડા સેલીસિલસ, ટંકણ, ફટકડી, બોરિક ઍસિડ, દરેક એક ઔંસ, કાર્બોલિક ઍસિડ પાંચ ટીપાં, વૅસેલાઈન બે ઔંસ. આ મલમ વાપરવો. ખસ માટે ઉપરના મલમમાં ૧ ઔંસ ગંધક નાખી વાપરવો.

ખરજવાની સોગટી: બોદારશૃંગ, રાળ, હળદર, નવસાર દરેક તો. ૨, મોરથૂથુ ફટકડી દરેક તો. ૧, આકડાના દૂધ તો. ૫માં સોગટી બનાવી દાદર ખરજવા પર આકડાના દૂધમાં (તેના અભાવે પાણીમાં) ઘસી લગાડવી. આ દવા અનુભૂત છે. અફીણ ને ફટકડી પાણીમાં મેળવી ખરજવા પર લેપ કરવાથી પણ તે મટે છે.

ઘા પર ફટકડીનું ઘીસાથે મેળવેલું ચૂર્ણ મૂકી, રૂ લગાડી પાટો બાંધવો. ઘા પાકયા સિવાય મટી જાય છે. ઘા પર ફટકડીનું ચૂર્ણ ભભરાવવાથી નીકળતું લોહી બંધ થાય છે. નસકોરી ફૂટવામાં ફટકડીનું ગાયના દૂધ સાથે નસ્ય લેવું.

૧ વાલ ફટકડી પાંચ તોલા પાણીમાં મેળવી તેની ઉત્તરબસ્તિ આપવાથી પ્રજનનઅવયવોના

વ્રણ મટે છે અને પરૂ બંધ થાય છે. સ્થાનભ્રષ્ટ થએલ ગર્ભાશયને સ્વસ્થાને લાવવા, યોનિનું સંકોચન કરાવવા, રક્ત બંધ કરવા ને શ્વેત પ્રદર મટાડવા એક તોલા ફટકડીને પાણીમાં મેળવી ઉત્તરબસ્તિ આપવી. મુખ રોગો માટે લવિંગ, એલચી, સાકર ને ફટકડીનું ચૂર્ણ દાંતે ઘસવું. દાંતની ચિકાસ માટે સિંધવ ને ફટકડી સમ ભાગે દાંતે ઘસવાં. દાંતને મજબૂત કરવા ફટકડી તથા બાવળની છાલનું ચૂર્ણ દાંતે ઘસવાં.

કમળા પર ગેરૂ, ફટકડી, આંબળાં, હળદરને ટાઢા પાણીમાં ઘસી આંખમાં આંજવાં. ફટકડીની ભૂકી કાનમાં (કાનને સાફ કરી) ભભરાવતા રહેવાથી કર્ણસ્રાવ બંધ થાય છે. બ્લેડ કે અસ્ત્રો લાગે તે પર ફટકડી આખી ફેરવવાથી લોહી તરત બંધ થશે.

(આયુર્વેદવિજ્ઞાન) —કાંતિલાલ ભી. મહેતા




### હજાર સરોવરની ભૂમિ


ઉત્તર રશિયાના, ફિનલૅન્ડના કિનારા પાસે આવેલા સોવિયેટ કારેલિયા નામે પ્રદેશમાં મીઠા પાણીનાં એટલાં બધાં તળાવ-સરોવરો છે કે 'હજાર સરોવરની ભૂમિ'ને નામે જ એ પ્રદેશ ઓળખાય છે. ઠેઠ હમણાં સુધી આ બધાં તળાવોની ચોક્કસ સંખ્યાની માહિતી નહોતી; પણ હમણાં સોવિયેટ જળશાસ્ત્રીઓએ ત્યાંના અઢી એકરથી મોટા પ્રત્યેક તળાવ-સરોવરની યાદી કરી છે. એ યાદી પ્રમાણે એની સંખ્યા ૪૩,૬૪૩ની છે, જેમાંનાં ૮૧ સરોવરો તો ચાર ચોરસ માઈલથી વધુ ક્ષેત્રફળવાળાં છે. આ ઉપરાંત આ યાદીમાં નહિ સમાવાએલાં નાનકડાં ને કેટલાંક હોજ જેવડાં તળાવો તો અસંખ્ય છે.

### 'હિમમાનવ'

હિમમાનવ વિષે જાતજાતની વહેતી મુકાએલી બાબતોમાં ગૂંચવાડો ઊભો થવાનું કારણ એ છે કે જુદીજુદી વ્યક્તિઓએ તેને જુદીજુદી રીતે વર્ણવેલ છે. દા. ત. હિમાલયની મોજણી-ખાતાના અધિકારી લેફ્. કર્નલ હૉવર્ડ બર્ગે હિમમાનવ માટેના મૂળ શબ્દ 'માઇ-તે'(Mi-te)-નો અર્થ 'તિરસ્કારયોગ્ય અસ્વચ્છ' એવો કર્યો છે, હકીકતે એનો અર્થ છે 'માનવ-રીંછ'. ૧૯૩૫ના ઑગસ્ટમાં મેં હિમમાનવ વિષે પ્રથમ સાંભળ્યું. ત્યારે તિબેટના એક પૂર્વ પ્રાંત મારખમના ભરવાડ યાત્રાળુ–ડોકપાઓએ મને તે વિષે વાત કરેલી. વાત આમ હતી: સાયંકાળે વરુ જેવું કોઈ પ્રાણી ઘેટાંને ઉપાડી જતું જોઇ ડોકપાઓએ તેના તરફ બંદૂકના બે બાર કર્યા, પણ બંને ચુકાઈ ગયા. ઘેટાંને મરેલું છોડી પેલું પ્રાણી નાઠું. પ્રથમ તો તે ચાર પગે દોડ્યું. પણ પછી બંદૂકના બાર થએલા એ દિશામાં જોવા પાછલા બે પગ પર તે ઊભું થયું ને માણસોના ટોળાને જોઈને નાઠું. ત્યારે ડોકપાઓએ તેને દોઢસોએક ફૂટથી જોએલું. તે ઊંચું લગભગ માણસ જેટલું, ને વાને રતાશપડતા તપખીરિયા રંગનું હતું. તેમણે તેને માઇ-તે તરીકે ઓળખ્યું. ૧૯૩૭માં માઇ-તે વિષે મેં ફરી સાંભળ્યું. બ્રહ્મપુત્રાને કિનારે તંબૂ તાણી પડેલા યાત્રાળુઓ આહાર માટે ડૅાંગ(જંગલી યાક)ની શોધમાં નીકળેલા ત્યારે માનસરોવર ને કૈલાસ તરફ આગળ વધતાં તેમણે લાલ રીંછ–માઈ-તેને એક ઘેટા પર તૂટી પડતું જોએલું, પણ પછી ચોકીદાર કૂતરાઓ આવી ચડતાં તે નાસી ગએલું. તેમના કહેવા પ્રમાણે માઈ-તે તિબેટ-નેપાલની સરહદ પર જોવા મળે છે. ૧૯૫૦માં હિમમાનવ વિષે છાપાંઓમાં ચર્ચાઓ ચાલતી હતી ત્યારે મારા કેટલાક તિબેટના મિત્રો પાસેથી આટલી વધુ આધારભૂત માહિતી મને મળેલી: ૧૫,૦૦૦'ની ઊંચાઇએ ટામોમોપો કૅમ્પ પાસે ૧૯૫૩માં માઈ-તે દેખાએલ. આ સ્થળ માનસરોવરની દક્ષિણ-પૂર્વે છે. એ ભરવાડોએ આશ્ચર્ય સાથે ટૅગની ખીણમાં ચાર પગે ને ક્યારેક બે પગે ચાલતું પ્રાણી–માઈ-તે જોએલું. આ સિવાય તેનાં પગલાં ને શરીર વિષે પણ માહિતી મળી છે. તેને પાછલે ને આગલે પગે ચારચાર આંગળાં છે. જ્યારે તે પાછલે પગે ઊભું થતું ત્યારે તે ઊંચા માણસથી સહેજ ઊંચું લાગતું. તેનો વાન ઘેરો તપખીરી હતો. જો કે શરીરના ભાગો પ્રમાણે એ આછો-ઘેરો થતો જતો હતો. રતાશ પડતા બજરિયા રંગના વાળ વડે એનું શરીર ઢંકાએલું હતું. એના મોં પરના વાળ ઠીકઠીક લાંબા હતા. દસેક દિવસ પછી જ્યારે એ ભરવાડોએ ત્યાંથી પોતાના અડ્ડા ફેરવ્યા ત્યારે રસ્તામાં લગભગ ૧૮''નું પગલું તેમણે જોએલું, જેમાં આંગળાંની કંઈ છાપ હતી નહિ. ક્યારેક ચાર પગે ને ક્યારેક બે પગે ચાલતા આ પ્રાણીનાં પગલાંની છાપો પણ આ રીતે એક કે બે જોડીમાં જોવા મળે છે. પગલું ૧૮'' જેટલું મોટું જોવા મળે એમાં કંઈ નવાઈ નથી. ૧૯૪૧માં ખંડોસંગલામ ઘાટમાં મેં પોતે જ એક વાર ૨૧'' લાંબું પગલું જોએલું. અમારી પહેલાં ૨૫ દિવસે ત્યાંથી નીકળેલા એક લામાનું એ પગલું સૂર્યતાપમાં ઓગળી એટલું મોટું બની ગયું હતું. —સ્વામી પ્રણવાનંદ

(જૂન ૧૯૫૫) ૨૪૪

## બારસો વર્ષે એકજ વાર આવતું લાંબામાં લાંબું સૂર્યગ્રહણ




આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક શોધસફરીઓ બારસો વર્ષમાં ફક્ત એક જ વાર, ચાલુ માસની વીસમીએ આવતા લાંબામાં લાંબા પૂર્ણ ખગ્રાસ સૂર્યગ્રહણનો અભ્યાસ કરવા સિલોન ઊપડી રહ્યા છે, કારણ કે એ સ્થળે આ ગ્રહણ પૂર્ણ-ખગ્રાસ દેખાશે. આ વખતે સૂર્ય ચન્દ્ર વડે પૂરી સાત મિનિટ ને સાત સેકંડ સુધી ઢંકાઈ જવાનો છે. ગયે વર્ષે જૂનની ૩૦મીએ આવેલું સૂર્યગ્રહણ બે મિનિટ ને પાંત્રીસ સેકંડનું હતું. ૧૨૦૦ વર્ષે એક જ વાર થતા આ ગ્રહણ સિવાય એ ગ્રહણ લાંબામાં લાંબું ખગ્રાસ સૂર્યગ્રહણ હતું. ઉપર નકશામાં દર્શાવ્યા મુજબ માલદીવ, સિલોન, આંદામાન, દ. બ્રહ્મદેશ, થાઈલૅન્ડ, હિંદી ચીન અને ફિલિપાઈન્સમાં તે પૂર્ણ-ખગ્રાસરૂપે, અને પાકિસ્તાન, ભારત, નેપાલ અને ઑસ્ટ્રેલિયાના કેટલાક ભાગમાં તે ખંડિત-ખંડગ્રાસરૂપે દેખાશે. અમેરિકા, આફ્રિકા અને ઉ. એશિયામાં આ ગ્રહણ દેખાવાનું નથી. કોલંબોમાં આ ખગ્રાસ ગ્રહણ ૪ મિનિટ ને ૪૫ સેકંડ રહેશે, સવારે ઈ. સ્ટાં. ટા. ૮ કલાક અને ૧૦ મિનિટથી શરૂ થઇ ૮ કલાક અને ૧૪.૪૫ મિનિટ સુધી. મુંબાઈમાં તે સવારે ૭-૧૮ થી ૯-૧૬, કલકત્તામાં ૭-૨૭ થી ૯-૪૯, દિલ્હીમાં ૭-૩૩ થી ૯-૧૯ ને મદ્રાસમાં ૭-૧૧ થી ૯-૩૧ સુધી જોઈ શકાશે. વીસમી જૂને સવારના ૬-૩૦થી રાતના ૧૧ સુધી એટલે કે ૧૬ કલાક સુધી સૂર્ય ઢંકાએલો રહેશે. વિશ્વના જુદાજુદા દેશોમાંથી પણ વૈજ્ઞાનિક ટુકડીઓ આ ગ્રહણના નિરીક્ષણાર્થે સિલોન જનાર છે. પ્રો. આઇન્સ્ટાઈનના 'ગુરુત્વાકર્ષણીય બળને કારણે પ્રકાશકિરણો વળે છે' એ સિદ્ધાન્તનું તથા સૂર્યજ્વાળાઓ અને તેના બાહ્ય વાતાવરણનું યે આ ગ્રહણ વખતે સંશોધન-પરીક્ષણ થઈ શકશે. ઉપરાંત હવામાન અને હવાઈ મુસાફરી વિષે પણ સંશોધન થઇ શકશે.

## ઇતિહાસનું એક પાનું: જીવનદાન ટુકડીઓ

રાજાનું અવસાન કે ખૂન થાય એટલે તેની પાછળ પોતાના જીવનનો પણ અંત આણનાર લશ્કરી ટુકડીઓ ભૂતકાળમાં દક્ષિણ ભારતમાં કેરાલા પ્રાન્તમાં અસ્તિત્વમાં હતી. હિંદ આવી ગએલા મુસલમાન મુસાફરોની નોંધોમાં તે વિષે આ પ્રમાણે ઉલ્લેખ જોવા મળે છે: રાજાનું અવસાન થાય એટલે તેની એક ખાસ પ્રકારની ટુકડીના સૈનિકો તેની પાછળ પોતાનું જીવનબલિદાન કરે છે. આ ટુકડીમાં જોડાતાં પહેલાં સૈનિકોને અમુક પ્રકારનો પ્રતિજ્ઞાવિધિ કરવાનો હોય છે. તેમાં, પહેલાં તો રાજા પોતે થોડા રાંધેલા ચોખા ખાય છે, અને પછી તે પોતાને હાથે જ આ ટુકડીમાં જોડાનાર સૈનિકોને થોડાથોડા વહેંચી આપે છે. ચોખા ખાતી વખતે દરેક સૈનિક પ્રતિજ્ઞા કરે છે કે 'રાજાનું અવસાન થાય અથવા ખૂન થાય એટલે હું મારા પણ જીવનનો અંત આણીશ.' રાજાને હાથે વહેંચાએલા ચોખા ખાવાનો આ વિધિ સૂચવે છે કે રાજા એ સૌ સૈનિકોનો અન્નદાતા અને પાલક છે; તથા સૈનિકો હવેથી તેને માટે કદી વિશ્વાસઘાતી કે બેવફા નહીં નીવડે.

જીવનદાન ટુકડીનો નાશ કરવો એ તેની સામે લડનારાઓ માટે અતિ કપરું કામ થઈ પડતું; કારણ કે રાજાને જીત અપાવવી અને અથવા પોતે મરવું એ બે સિવાય ત્રીજો કોઈ ઉદ્દેશ્ય તે ટુકડીના સૈનિકોને ન હતો. વળી સીધી રીતે રાજા જ તેમના જીવનનો આધારસ્તંભ બની ગયો હોઈ મોતને માથે રાખી બાવડાંની સઘળી જ તાકાત વાપરી તેઓ લડતા. ફિરંગી લોકો સૌ પહેલા હિંદ આવ્યા ત્યારે તેમને હિંદી દેશી રાજ્યની જીવનદાન ટુકડીનો પરચો મળેલો. ઇ. ૧૫૧૦માં આલ્બુકર્કે રાજા ઝામોરિનના પાટનગર કાલિકટ ઉપર ઓચિંતો છાપો માર્યો ત્યારે કાલિકટમાં લોકસુખાકારીને કારણે કિલ્લાફરતી રક્ષક ફોજ પણ નહોતી. આલ્બુકર્કે તો ઝામોરિનના મહેલની લૂંટફાટ કરવી શરૂ કરી દીધી. આ સમાચાર ઝામોરિનની જીવનદાન ટુકડી વધુ વખત સાંભળી ન શકી. દુશ્મન પર મરણિયા થઈને તે ટુકડીના સૈનિકો તૂટી પડચા. ફિરંગીઓ માટે ભોં ભારે પડી ગઈ. તેમણે હાર કબૂલ કરી ત્યારે તેમના સૈન્યના મોટા ભાગનો તો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ સૈનિકો મોતને માથે રાખી લડી શકતા એનું બીજું કારણ એ પણ હતું કે એ જમાનામાં કૌટુમ્બિક જવાબદારીની તેમને ઝાઝી પડી ન હતી. એ સમયની સંયુક્ત કુટુંબવ્યવસ્થાને કારણે સૈનિકનું કુટુંબ તેના મૃત્યુ બાદ પણ એકલું ન પડી જતું; તથા સૈનિકના મૃત્યુ બાદ તેના કુટુંબને માફી કરવેરાવાળી વંશપરંપરાગત જમીન ભેટ અપાતી. જીવનદાન ટુકડીની પ્રથા પૃથ્વી ઉપરથી સાવ લુપ્ત નથી થઇ ગઇ. છેલ્લા વિશ્વયુદ્ધ વખતે જાપાનીઓ પાસે એક જીવનદાન ટુકડી હતી.

## કેમ્બ્રિજ 'બ્લ્યૂ' બનવાનું બહુમાન પ્રાપ્ત કરનાર ભારતીય ખેલાડી

આવતી બીજી જુલાઇએ ઈંગ્લંડમાં લૉર્ડ્ઝ ખાતે શરૂ થતા ક્રિકેટના વિદ્યાપીઠ જંગમાં ઑક્સફર્ડ સામે રમવા માટે કેમ્બ્રિજના કપ્તાન તરફથી ભારતીય સર્વદેશીય ખેલાડી સ્વરણજિતસિંઘને આમંત્રણ મળ્યું છે. ક્રિકેટ 'બ્લ્યૂ' બનવાનું આ બહુમાન મેળવનાર તે નવમા ભારતીય ખેલાડી છે. પ્રથમ ખેલાડી હતા જામનગરના જામ સ્વ. રણજિતસિંહજી, જે ઈ. ૧૮૯૩ની કેમ્બ્રિજ ટુકડીના ખેલાડી હતા. ત્યાર પછી ૩૨ વર્ષના ગાળા પછી રણજિતસિંહજીના જેટલા જ સુપ્રસિદ્ધ તેમના ભત્રીજા દુલીપસિંહજી ઈ. સ. ૧૯૨૫-'૨૬ અને '૨૮માં વિદ્યાપીઠ જંગોમાં રમ્યા હતા. ત્યાર બાદ પેલા ખ્યાતનામ ઝડપી ગોલંદાજ જહાંગીરખાન ઈ. ૧૯૩૩થી '૩૬ સુધી કેમ્બ્રિજ ટુકડીના ખેલાડી રહ્યા હતા. પછી ૧૯૩૭માં બી. સી. ખન્ના અને ૧૯૪૭માં પી. બી. દત્ત 'બ્લ્યૂ' બનવાનું બહુમાન પ્રાપ્ત કરી ગયા હતા. આ સિવાય ઑક્સફર્ડ 'બ્લ્યૂ' બનનારા છે પટૌડીના નવાબ ઇફ્તિખાર અલીખાં (સ. ૧૯૨૯-'૩૧), આર. વી. દિવેચા (સ. ૧૯૫૦-'૫૧) અને પાકિસ્તાનના કસોટી જંગ કપ્તાન એ. એચ. કારદાર (સ. ૧૯૪૭-'૪૯).

## અંગ્રેજી ખાડી તરીજવાનો પ્રયાસ કરનાર ભારતીય તરવૈયો

આ ઉનાળામાં અંગ્રેજી ખાડી (ઈંગ્લિશ ચૅનલ) તરી જવા માટે જગતના જુદાજુદા ભાગોમાંથી જે ૩૦ જેટલા તરવૈયાઓએ નામ નોંધાવ્યાં છે, તેમાં શ્રી મિહિર સેન નામના તાજેતરમાં જ બૅરિસ્ટર બનેલા હિંદી પણ છે, જે ખાડી તરી જવાનો પ્રયાસ કરનાર પ્રથમ ભારતીય છે. આ વર્ષે તરવાની હરીફાઈમાં જોડાનારા હરીફોની સંખ્યા અભૂતપૂર્વ છે. આ હરીફાઈનાં ઇનામો છે ૧,૦૦૦ ગીનીનો કપ અને પા. ૨,૦૦૦ની કિંમતના રોકડ પુરસ્કારો. તરવાની આ હરીફાઈ ૨૧ માઈલના અંતરની છે.

# આ માસ (જૂન) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

## દિનવિશેષ :

**તા. ૧** ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અમલનો અંત, ૧૮૭૪.
**તા. ૩** સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજરૂપ કર્વે મહિલા વિદ્યાલયની સ્થાપના, ૧૯૧૬.
**તા. ૬** મહાત્મા ગાંધીજીએ ઉપાડેલી ચંપારણ્યની લડતની સમાપ્તિ, ૧૯૧૭.
**તા. ૮** પિતાને કેદ કરી ઓરંગઝેબ તખ્તનશીન બન્યો, ૧૬૫૮.
**તા. ૯** વરાળયંત્રની ક્રાન્તિકારી શોધ કરનાર અંગ્રેજ જ્યૉર્જ સ્ટીવન્સનનો જન્મ, ૧૭૮૧.
**તા. ૧૦** લાઠીના રાજવીકવિ કલાપીનું નિધન, ૧૯૦૦.
**તા. ૧૨** ભારતસેવક ગોખલેએ 'હિંદ સેવક સમાજ'ની સ્થાપના કરી, ૧૯૦૫.
**તા. ૧૭** ઇંગ્લંડનું જગનામી ને સમર્થ હાસ્ય-સાપ્તાહિક 'પંચ' પ્રકટ થયું, ૧૮૪૧.
**તા. ૧૮** ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું અવસાન, ૧૮૫૮.
**તા. ૨૨** હિંદમાં અંગ્રેજી સલ્તનતના પાયા મજબૂત કરનાર પલાસીનું યુદ્ધ, ૧૭૫૭.
**તા. ૨૫** અજોડ બાળસાહિત્યકાર ને સમર્થ બાળશિક્ષક ગિજુભાઈનું અવસાન, ૧૯૩૯.
**તા. ૨૮** સૌ પહેલું ગુજરાતી અખબાર 'મુંબઈ સમાચાર' શરૂ થયું, ૧૮૮૨.
**તા. ૨૯** મહાન સિકંદરનું ૩૩ વર્ષની વયે અવસાન, ઈ. પૂ. ૩૨૩.

## વ્યક્તિવિશેષ : પં. ઓમકારનાથ ઠાકુર



માત્ર ભારતખ્યાત જ નહિ પરંતુ પરદેશોમાં પણ નામના પામેલા ગુજરાતના સમર્થ સંગીતશાસ્ત્રી, સંગીતમાર્તંડ પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ આણંદ તાલુકાના જહાજ ગામમાં સામાન્ય સ્થિતિના અનાવિલ બ્રાહ્મણ શ્રી ગૌરીશંકર ઠાકુરને ત્યાં ઈ. સ. ૧૮૯૭ના જૂનની ૨૪મી તારીખના રોજ થએલો. રાશિ અને પિતાની પ્રણવોપાસનાના મેળસ્વરૂપ એમનું નામ ઓમકારનાથ પડેલું. સુંદર દેહાકૃતિ ધરાવતા બાળક ઓમકારનાથને એક ધનિકે દત્તક લેવા ધારેલું પરંતુ તેમના પિતાએ ગૌરવયુક્ત ના પાડેલી. તેમણે કહેલું : 'એ ધનવાનનો દત્તક નહિ થાય; પણ કળાધર થઈ ધનવાનોને નમાવનાર થશે.' નાનપણથી જ જન્મજાત સંગીતપ્રેમ ધરાવતા ઓમકારનાથની પંદર વર્ષની ઉમરે એમના ગાનથી મુગ્ધ થઈ શ્રી ડુંગરજી નામના એક પારસી ગૃહસ્થે એમને મહાન સંગીતાચાર્ય શ્રી વિષ્ણુ દિગંબરજીના મુંબાઇના ગાંધર્વ મહાવિદ્યાલયમાં સંગીતનો અભ્યાસ વધારવાનો પ્રબંધ કરી આપ્યો. ત્યાં પણ પાંચ વર્ષનો અભ્યાસક્રમ ત્રણ વર્ષમાં પૂરો કરી દઇને તેમણે ગુરુની કૃપા અને પ્રીતિ મેળવ્યાં. દરમ્યાન કાઠિયાવાડની એક નાટકકંપનીએ રૂા. ૪૦૦ના પગારે તેમને રાખી લેવા ઇચ્છા દર્શાવી, પણ પોતાની પ્રતિભાનું લિલામ કરવા પંડિતજી હરગીઝ તૈયાર ન હતા. તેમણે તે માગણી પાછી ઠેલી દીધી. વીસની વયે તો ગુરુએ એમને લાહોર ગાંધર્વ મહાવિદ્યાલયના આચાર્યપદે નિયુક્ત કર્યા. અને ત્યારથી પંડિતજીએ પોતાનું આખું જીવન સંગીતને ખોળે મૂકી દીધું.

અપૂર્વ સ્વરસિદ્ધિ સાથોસાથ શબ્દોપાસના પણ પંડિતજીએ ઓછી નથી કરી. તેઓ રૂંવેરૂંવે સંસ્કારી છે. પોતાના જ ઊંચા આદરણીય સંસ્કારી વ્યક્તિત્વથી ને વાક્પ્રભાવથી એમણે સંગીતકલાનું માન અનેકશઃ વધાર્યું છે.

ઝીણામાં ઝીણો અને બુલંદમાં બુલંદ અવાજ કાઢી શકતો એમનો કંઠ કર્ણપ્રિય ને હૃદયસ્પર્શી છે. હિંદના કોઇપણ હયાત ગાયકને એ વિષયમાં એમના જેટલું અદ્ભુત પ્રભુત્વ વરેલું સાંભળ્યું નથી.

પંડિતજી ખાસ કરીને ખયાલના ગાયક છે; જોકે ઠુમરી, ટપ્પા ને ધ્રુપદ પણ તેઓ સફળ રીતે ગાઈ શકે છે. દોઢ કે બે કલાક સુધી વૈવિધ્યપૂર્ણ રીતે એક જ રાગને ગાઈ રાગનું હૂબહૂ સ્વરૂપ ખડું કરનાર હિંદુસ્તાનની ગણીગાંઠી વ્યક્તિઓમાં પંડિતજી એક છે. બુદ્ધિને અસર કરનાર તાન કરતાં આત્માને અડકનાર 'આલાપ'ને તેઓ વધુ મહત્ત્વ આપે છે. ભાવવાહી સંગીત સાંભળવાની જિજ્ઞાસાવાળાને પ્રો. ખરે પંડિતજીનું જ નામ નિર્દેશતા. અને એક વાર તો એમનું ભાવપૂર્ણ સંગીત સાંભળીને દિલીપકુમાર રૉયે પણ એમની પાસે અભ્યાસ કરવાની ઇંતેજારી દર્શાવી હતી. નેપાળના મહારાજાએ એમને 'સંગીતમહામહોદય'નો, કાશી સંસ્કૃત વિદ્યાલયે 'ગાન સમ્રાટ'નો, બંગીય સાક્ષરોએ 'સંગીત માર્તંડ'નો અને પં. માલવીયજીએ 'સંગીત પ્રભાકર'નો ઇલકાબ આપ્યો છે. ગુરુ-આજ્ઞા અનુસાર દુનિયાના અન્ય દેશોને પણ ભારતીય સંગીતકલાનો પરિચય આપવા તેમણે ૧૯૩૩માં યુરોપના દેશોની યાત્રા કરી હતી. ગુજરાત સાહિત્ય સભાએ ઇ. ૧૯૩૩માં એમને 'રણજિતરામ સુવર્ણચન્દ્રક' અર્પીને ગુજરાત વતી એમનું બહુમાન કરેલું. આયુષ્યનો અર્ધો સૈકો વટાવી જવા છતાં પંડિતજીની સંગીતોપાસના હજી યે અખંડ ચાલુ છે. બનારસ હિંદુ યુનિવર્સિટીના સંગીત-વિદ્યાલયના તેઓ અધ્યક્ષ છે, અને સંગીતશાસ્ત્રની સઘળી માહિતીઓને આવરી લેતો એક પ્રમાણભૂત ગ્રંથ નિર્માણ કરી રહ્યા છે.

## મીરજાફરે બંગાળના નવાબ વિરુદ્ધ અંગ્રેજો સાથે સંધિ કરી, ૪થી જૂન ૧૭૫૭

અંગ્રેજો સાથે સદા સમાધાનીભર્યું વર્તન દાખવનાર બંગાળના બહાદુર છતાં ભોળા નવાબ સિરાજુદ્દૌલાની અઢળક સંપત્તિને કબજે કરવા ક્લાઇવે જે અનેક કાવાદાવા અજમાવ્યા તેમાં નવાબના મુખ્ય સેનાપતિ મીરજાફરને ફોડવાની રીત સફળ નીવડી. ક્લાઈવ અને તેના મિત્ર વૉટ્સે ભેગા મળીને યોજેલા એ કાવતરા અનુસાર ક્લાઇવે સિરાજુદ્દૌલાને અત્યંત પ્રેમપૂર્ણ એક પત્ર લખ્યો. અને બીજી બાજુ ૧૭૫૭ની ૪થી જૂને અર્ધી રાત વીત્યા પછી વૉટ્સે જનાનખાનાની ડોળીમાં બેસીને ચોરીછૂપીથી મીરજાફરને મહેલે જઇ તેની પાસે ૧૩ શરતોવાળી એક સંધિ કરાવી લીધી, જેમાં તેને બંગાળનો નવાબ બનાવવા સુધીની લાલચ હતી. ત્યાર બાદ એક દિવસે આ ઘટનાથી સાવ અજાણ ભલા નવાબે પોતે મીરજાફરને મહેલે જઇ તેના પ્રેમની માગણી કરી. ત્યારે તેની સામે મીરજાફરે કુરાન હાથમાં લઇને તેને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લીધી. પછી તો પહેલેથી જ ઘાટ ઘડાયા મુજબ, ઇ. ૧૭૫૭ની ૨૩મી જૂને થએલા પલાસીના યુદ્ધમાં સિરાજુદ્દૌલાનો મુખ્ય સેનાધિપતિ મીરજાફર નવાબને દગો દઇને ક્લાઇવને મળી ગયો. નવાબના બીજા સેનાપતિઓ તો અંગ્રેજોના ફોડેલા જ હતા. એટલે પરિણામે અંગ્રેજો કરતાં અનેકગણી વિશાળ અને વીર સેના ધરાવતા સિરાજુદ્દૌલાને હારીને મુર્શિદાબાદ તરફ નાસી જવું પડ્યું. ક્લાઇવે મીરજાફરને બંગાળની ગાદીએ બેસાડ્યો. અને તેની સાથેના કરારની શરતો અનુસાર બંગાળ રાજ્યના અણખૂટ સંપત્તિ તેણે તળિયાઝાટક ખુટાડી દીધી. પછી તિજોરી ખલાસ થઇ એટલે પોતાનું કામ સાંગોપાંગ પાર પડ્યું જાણી ક્લાઇવે મીરજાફરને પણ ઉઠાડી મૂક્યો, અને તેની જગ્યાએ મીર કાસિમને સૂબેદાર નીમ્યો.

## તું નાનો હું મોટો એવો ખ્યાલ બધાનો ખોટો,
## ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો.

પ્રેમશંકર

વલ્લભવિદ્યાનગરનાં મકાનોના બાંધકામ વખતે ચતુર કાળા નામના એક મજૂરને બતાળીસ હજાર ઈંટ ઉપાડવા બદલ ૧૬૮ રૂપિયા આપવામાં આવ્યા. એટલા બધા રૂપિયા લેવાનો ઇન્કાર કરતાં ચતુરે કહ્યું: 'મેં ઝાઝી ઈંટ નથી ઉપાડી. આટલા પૈસા મારાથી ન લેવાય.' કામનું ધ્યાન રાખનાર કારકુને આડીઅવળી ખાતરીઓ આપવા છતાં તે ન માન્યો. છેવટે તેને ઈંટો ગણાવવી જ પડી, ને તે પહેલાં કરતાં ઓછી થઈ. ચતુર બોલ્યો: 'સાહેબ, કાળજી વિના કામ કરશો તો લોકોના પૈસા વેડફાઈ જશે અને તેનું પાપ તમને લાગશે.'

અનેકાર્થી શબ્દ: **વટ**=વડ; મુખ્ય, બધા માટેનું; ધીરધાર કરવી તે; ધીરધાર થતી હોય તે બજાર; ટેક, પણ; આબરૂ.

કહેવતોના અર્થ: 'અંગૂઠા પ્રમાણે રાવણ.' –થોડી વસ્તુ ઉપરથી આખું જાણી શકાય, એ ભાવ દર્શાવવા માટે વપરાતી આ કહેવત પાછળ પેલી લોકકથાનો આધાર છે કે રાવણ કેવો હતો તે ચીતરી બતાવવાનો સીતાને આગ્રહ થયો. તે પતિવ્રતાએ આંખ ઊંચી કરીને તેને કદી જોયો ન હતો, પણ સદા નીચી રહેતી તેની નજરે ફક્ત તેનો અંગૂઠો પડેલો તે તેણે ચીતરી બતાવેલો; અને તે એટલો હૂબહૂ હતો કે તે પરથી તે રાવણનો જ છે એમ કળી ગએલા રામ ગુસ્સે થએલા. એ રીતે થોડા ઉપરથી **સમસ્તની** પરીક્ષા કરવા માટે વપરાતી એવી બીજી કહેવતો: 'ભર્યા ચરૂનો દાણો ચંપાય', 'કાકા દીઠે કુટુંબ દીઠું' વગેરે.

ગણિતગમ્મત: ગુણાકાર અને સરવાળો એક જ આવે એવી બે રકમ શોધવા માટે પૂર્ણાંક આંકડાની રકમ લેવી, બીજી રકમમાં તે જ અંક તેના અંશમાં અને તેનાથી એક ઓછો અંક છેદમાં લેવો. જેમકે, ૬/૧ × ૬/૫ = ૩૬/૫, ૬/૧ + ૬/૫ = ૩૬/૫ (નૌતમ વખારિયા)

રાત્રે ભેંસના દૂધમાં આખા ચણા પલાળી રાખીને સવારે ખાવા એ સરસમાં સરસ ચાકુતી (પૌષ્ટિક દવા) છે. (૨૫)

ટમેટાંને પહેલાં ગરમ ને પછી ઠંડા પાણીમાં પલાળવાથી તેની છાલ સહેલાઈથી નીકળશે.

આપણા શરીરમાં આવેલા કુલ ૫૨૭ સ્નાયુઓમાંથી ૨૬૧ સ્નાયુઓ જોડીજોડીમાં ને ૫ એકવડા છે. મસ્તક અને મોંના ભાગમાં ૮૩, ગરદનમાં ૪૯, ગરદનથી પેડુ લગીના ભાગમાં ૭૮, પેટના ભાગમાં ૩૩, પીઠમાં ૭૮, કાન, નાક, આંગળાં વ. ઉપરના અવયવોમાં ૯૮ અને નીચેના ભાગમાં ૧૦૮ સ્નાયુઓ આવેલા છે.

શિયાળા કરતાં ઉનાળામાં ચાદ-શક્તિ વધુ તેજ હોય છે.


જીરો, હરડે, સિંધાલૂણ, કુંવાડિયો ને તુલસી: આટલાં દ્રવ્યોને છાશમાં વાટી તેનો જાડો લેપ કરવાથી ગમે તેવી ઊંડી જામી ગએલી દાદર મટશે.

એક ગ્રામ સોનાનો ત્રણ માઈલ લાંબો તાર બનાવી શકાય. અને એક ઈંચ જાડાઈમાં ૩૦ લાખની સંખ્યા સમાવી શકાય એટલી હદ સુધી બારીક સોનાનો વરખ બનાવી શકાય.


ખોટી વાત: દાઢીં ઠંડું નહીં પણ ગરમ છે; જ્યારે જેને આપણે ગરમ જ ગણીએ છીએ તે ખજૂર ખરી રીતે ઠંડું છે.


એક માણસ: આ જમણી બાજુથી ટ્રામ આવે છે તે ક્યાં જાય છે?


બીજો માણસ: ડાબી બાજુ.



કલાકણિકા: ટ્યૂનીશિયાની આ તશ્તરી(રકાબી)માં સામાન્ય તારકસીથી ઊલટું કામ છે; એટલેકે રૂપાના તારના કામને બદલે આમાં રૂપાની રકાબીમાં કાળા પોલાદનું જડતરકામ છે. મૂર લોકોની આવી કળાના બીજા નમૂના આ અંકના કલાવાર્તા વિભાગમાં આપ્યા છે.







ચિત્ર નં. ૧: પોષાક તરીકે સૌ પહેલું વપરાયું ઊન, બીજું રૂ, ત્રીજું રેશમ અને પછી લિનન. ચિત્ર નં. ૨: ગરમ પ્રદેશોમાં વહાણનું કાળું રંગેલું ભંડકિયું સફેદ ભંડકિયા કરતાં ૧૦° વધારે ગરમ રહે છે. ચિત્ર નં. ૩: જેને અક્ષાંશ, રેખાંશ કે ઉન્નતાંશ (ઍલ્ટિટ્યૂડ) કંઇ જ ન હોય તેવું એક સ્થાન પૃથ્વી પર છે, અને તે આવેલું છે આફ્રિકાના પશ્ચિમ કિનારા પર. ગ્રીનિચનો ૦°રેખાંશવૃત્ત આ સ્થાનને વિષુવવૃત્ત પર છેદતો હોવાથી તેને અક્ષાંશ-રેખાંશ નથી, વળી તે સ્થાન બરાબર દરિયાની સપાટી પર જ આવેલું હોવાથી તેને ઉન્નતાંશ પણ નથી.



**વિષ્ણુ** (દક્ષિણ ભારતનું પ્રાચીન શિલ્પ) ફોટો : કાર્તિકેય મહાદેવીઆ

મ્હૈસુરમાં વૃંદાવન ગાર્ડન્સ પાસે કૃષ્ણરાજ સાગરના વિશાળ જળબંધ નીચે આવેલી આ મૂર્તિ, હાલ એ સાગરનાં જળ નીચે ડૂબી ગએલા એક પ્રાચીન મંદિરમાંથી મળેલી. ચમકતા કાળા પથ્થરની એ મૂર્તિ શુદ્ધ શાસ્ત્રોક્ત પદ્ધતિથી રચાએલા દક્ષિણ ભારતના શોભન-સમૃદ્ધ શિલ્પનો એક લાક્ષણિક નમૂનો છે. જમણી બાજુનાં ચિત્રોનાં સર્જક મિત્તલદંપતીનો પરિચય આ અંકમાં 'કલાવાર્તા' વિભાગમાં અન્યત્ર આપ્યો છે.



કેશ-સંમાર્જન : કલાકાર · શ્રી જગદીશ મિત્તલ


કુંડમાં રાત્રિસ્નાન : કલાકાર · શ્રીમતી કમલા મિત્તલ






તરંગ


ફોટો · મધુકાન્ત મહેતા





જમણી બાજુ: મથાળે 'એકાગ્રતા'; નીચે 'વીણામણ': ફોટો · ગોવિન્દ પટેલ







# એસ.એસ.સી. કે મૅટ્રિકના ? પ્રશ્નો ?

(૧) ડાબી બાજુની મથાળાની આકૃતિને તેના મૂળ માપ કરતાં બેવડી મોટી દોરો.

(૨) તમારા જોડા, ચંપલ કે સૅન્ડલની જોડી સ્મૃતિથી ચીતરો.

(૩) તમારા નગરમાં કયું મકાન સર્વશ્રેષ્ઠ છે? તમારા જ શબ્દોમાં તેનું વર્ણન લખો. અથવા
મકાનમાં થાંભલાનું શું કાર્ય કે ઉપયોગ છે તે સમજાવો.

(૪) સારા ચિત્રનાં આવશ્યક લક્ષણો ક્યાં?

(૫) ડાબી બાજુની વચ્ચેની આકૃતિને તમે શિલ્પાકૃતિ કહેશો? કારણો સહિત તમારો ઉત્તર લખો.

(૬) તમારા જાણીતા ચિત્રકારોનાં ચિત્રોમાં તમને સૌથી વધુ ગમતું ચિત્ર કયું? તેના વિષે દસેક લીટીનું વર્ણન લખો.

(૭) કોઇ પણ ઈમારતને કયાં લક્ષણોથી 'ભવન' અથવા 'સ્થાપત્ય'માં ગણાવી શકાય?

(૮) ડાબી બાજુની નીચેની આકૃતિને તમે સારી કહેશો કે નરસી? તમારો જવાબ કારણો સહિત આપો.

## હા

### કલાદૃષ્ટિની કસોટી કરતા ઉપરના પ્રશ્નો

કલકત્તા યુનિવર્સિટીના મૅટ્રિકની પરીક્ષાના પ્રશ્નપત્રોમાંથી લીધેલા છે. એ કલાદૃષ્ટિ ખીલવવા માટે કલાના પાયાના સિદ્ધાંતોનું જ્ઞાન આપતું પુસ્તક સૌપ્રથમ 'કુમાર'નાં પાનાંઓ પર પ્રકટ થયું હતું.

**તમને જાણીને આનંદ થશે કે એ પુસ્તક**

## શિલ્પ પરિચય

**મુંબાઈ રાજ્યના એસ. એસ. સી.ના કલાશિક્ષણ માટે ઉત્તમ માર્ગદર્શક થઈ પડે એવું પુરવાર થયું છે.**

કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા ઉપરાંત કોઇ પણ કલાપ્રેમી માટે હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસરૂપ બની રહે એવું એ પુસ્તક બધી માધ્યમિક શાળાઓ, ચિત્રશિક્ષકો અને રસદૃષ્ટિના અભ્યાસી વિદ્યાર્થીઓને એકસરખું ઉપયોગી છે.

**ખીચોખીચ લખાણ સાથે ૨૦૦ ચિત્રોથી ભરચક એ મૂલ્યવાન, સમૃદ્ધ ને સંગીન મીમાંસાપોથીની કિં. રૂા. ૩ ટ.ખ ૦-૧૨-૦**

કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ